અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD • SINCE-1991

Regd. Ministry of Minority Affairs Haj Divison
IATA SINCE : 2007
અલ-નિમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ્જ-૨૦૨૬
પ્રથમ અને છેલ્લા ગ્રુપમાં બુકિંગ ચાલુ છે
ગ્યારમીં શરીફ બગદાદમાં
સાથે ઈરાક-ઈરાન, જોર્ડન, બૈતુલ મુકદ્દસ, ઉમરાહ
અમદાવાદ થી અમદાવાદ
9537847917, 8320992700

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૩૪ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિર નજીક મુસ્લિમ વિક્રેતાઓની દુકાનો પર બુલડોઝર ફરી વળ્યું

## મંદિર સ્ટેન્ડ નજીક મુસ્લિમ સંચાલિત માંસાહારી રેસ્ટોરન્ટ અને દુકાનો તોડી પાડવામાં આવી છે જેનાથી યુવા ઉદ્યોગસાહસિકોની આજીવિકા જોખમમાં છે

(એજન્સી) ઉજ્જૈન, તા.૩૧

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં મ્યુનિસિપલ સત્તાવાળાઓએ પ્રખ્યાત મહાકાલેશ્વર મંદિર નજીક એક લોકપ્રિય માંસાહારી દુકાન અને રેસ્ટોરન્ટ તોડી પાડ્યું છે. આ કાર્યવાહીથી વર્ષોથી આ દુકાન ચલાવતા યુવાન મુસ્લિમ વિક્રેતાઓ પોતાના પરિવારોનું ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અહેવાલો અનુસાર તોડી પાડવામાં આવેલા સ્થાપનોમાં અંગારા નામનું એક રેસ્ટોરન્ટ અને બેગમ બાગ વિસ્તારમાં મોહમ્મદ વસીમ અને મોહમ્મદ શાદાબ દ્વારા ચલાવવામાં આવતી ચિકન-મટનની દુકાનનો સમાવેશ થાય છે. બંને ઘણા વર્ષોથી સ્થાનિક રહેવાસીઓ અને ભક્તોને સેવા આપતા અનીસા બીની માલિકીની ઈમારતમાંથી પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા હતા. મોહમ્મદ વસીમે કહ્યું કે, આ દુકાન મારા પરિવાર માટે આવકનો એકમાત્ર સ્ત્રોત છે. તે બંધ થઈ ગયા પછી અમારી પાસે કમાણીનો કોઈ રસ્તો બચ્યો નથી. અમે નિયમોનું પાલન કર્યું અને હજુ પણ આ કાર્યવાહીનો સામનો કરી રહ્યા છીએ. તે ખૂબ જ અન્યાયી છે. એવું કહેવાય છે કે, અધિકારીઓએ ૫૦થી વધુ પોલીસ કર્મચારીઓ અને લગભગ ૧૦૦ મ્યુનિસિપલ કર્મચારીઓ, અડધો ડઝન બુલડોઝર અને ખોદકામ કરનારાઓને તોડી પાડવા માટે તૈનાત કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, અગાઉના હાઈકોર્ટના આદેશથી કાર્યવાહી પર કામચલાઉ રોક લગાવવામાં આવી હતી, પરંતુ સ્ટે ઊઠાવી લેવામાં આવ્યો હતો, જેનાથી તોડી પાડવાનો માર્ગ મોકળો થયો હતો.

સૂત્રો સૂચવે છે કે, હિન્દુ રાષ્ટ્રવાદી સંગઠનોના દબાણે આ દૂર કરવામાં ભૂમિકા ભજવી હતી. આ જૂથો લાંબા સમયથી મંદિરની નજીક માંસાહારી દુકાનો બંધ કરવાની માંગ કરી રહ્યા હતા અને દલીલ કરી હતી કે, પવિત્ર સ્થળ તરફ જવાના માર્ગ પર આવા વ્યવસાયો અયોગ્ય છે. મોહમ્મદ શાદાબે કહ્યું કે, દુકાન વર્ષોથી કાયદેસર અને કાર્યરત હોવા છતાં અમને વારંવાર આ વિસ્તાર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું. અમુક જૂથોના સતત દબાણને કારણે તે ચાલુ રાખવું લગભગ અશક્ય બની ગયું હતું.

દુકાનોથી પરિચિત સ્થાનિક લોકોએ નોંધ્યું કે આ વ્યવસાયો લોકપ્રિય હતા અને ભક્તો અને રહેવાસીઓ બંને લાભ લેતા હતા. ઘણા લોકોએ પ્રશ્ન કર્યો છે કે, અન્ય વિસ્તારોમાં સમાન સ્થાપનો શા માટે ચાલુ છે. મ્યુનિસિપલ સત્તાવાળાઓએ કાર્યવાહીનો બચાવ કર્યો અને કહ્યું કે, ઈમારતો અને દુકાનો ગેરકાયદેસર બાંધકામો માનવામાં આવતી હતી અથવા ઝોનિંગ નિયમોનું ઉલ્લંઘન કરતી હતી. ઉજ્જૈન મ્યુનિસિપલ કોર્પોરેશનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, અમારો આદેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે, મંદિર વિસ્તારમાં અને તેની આસપાસ કોઈ ગેરકાયદેસર બાંધકામો કે દુકાનો કાર્યરત ન હોય. આ કાર્યવાહી કાનૂની પ્રક્રિયાઓ અને રાજ્ય સરકારના નિર્દેશોનું પાલન કરે છે. અઢી મહિના પહેલા જ્યારે નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આ જ વિસ્તારમાં ૧૨ ઈમારતો તોડી પાડવામાં આવી હતી ત્યારે સમાન પગલાં લેવામાં આવ્યા હતા. સ્થાનિક મુસ્લિમો તરફથી તેની ટીકા થઈ છે, જેઓ કહે છે કે, આ કાર્યવાહી લઘુમતી વિક્રેતાઓને અપ્રમાણસર અસર કરે છે. ઘણા લોકો તેને મુસ્લિમ સંચાલિત વ્યવસાયોને લક્ષ્ય બનાવવાની વ્યાપક પેટર્નના ભાગરૂપે જુએ છે, જ્યારે અન્ય સમાન દુકાનો દખલગીરી વિના કાર્યરત છે. એક સ્થાનિક રહેવાસીએ કહ્યું કે, એવું લાગે છે કે, અમને એકલા પાડી દેવામાં આવી રહ્યા છે. અમારા પરિવારો સંપૂર્ણપણે આ વ્યવસાયો પર આધાર રાખે છે. યોગ્ય વિકલ્પો વિના તેમને દૂર કરવા એ અન્યાયી છે અને અમને સંવેદનશીલ બનાવે છે.

સમુદાયના સભ્યો હવે અધિકારીઓને અસરગ્રસ્ત લોકોની આજીવિકા પર વિચાર કરવા અને ન્યાયી અને સમાવેશી નીતિઓ લાગુ કરવા વિનંતી કરી રહ્યા છે. આ ઘટનાએ ધાર્મિક સ્થળોની નજીક નાગરિક અમલીકરણ અને લઘુમતી સમુદાયો સાથેના વ્યવહાર અંગે ચર્ચા ફરી શરૂ કરી છે. ટીકાકારો દલીલ કરે છે કે, જ્યારે સરકાર કાનૂની સીમાઓમાં કાર્ય કરવાનો દાવો કરે છે, ત્યારે મુસ્લિમ માલિકીની સંસ્થાઓને વારંવાર નિશાન બનાવવાથી પક્ષપાત અને સમાન વર્તન અંગે પ્રશ્નો ઊભા થાય છે.

## અજમેરમાં ઈંડા વેચનારા મુસ્લિમને હેરાન કરવામાં આવ્યો, તેની રેકડી હટાવવાનો આદેશ આપવામાં આવ્યો; જ્યારે અન્ય લોકોને મંજૂરી આપવામાં આવી

### આ વિવાદ રાજકીય ધ્યાન ખેંચી રહ્યો છે અને એક હિન્દુ નેતા હવે પક્ષપાતી વર્તન સામે આરીફનું સમર્થન કરી રહ્યા છે



(એજન્સી) અજમેર, તા.૩૧

રાજસ્થાનના આ ઐતિહાસિક શહેરમાં એક સાદી ઈંડાની ગાડી પર થયેલા વિવાદે વિવાદ ઊભો કર્યો છે, જેના કારણે ન્યાય અંગે પ્રશ્નો ઊભા થયા છે અને એક મુસ્લિમ વિક્રેતા સામે ભેદભાવનો આરોપ છે. આરીફ મોહમ્મદ નામનો એક યુવાન જે લગભગ દોઢ વર્ષથી જ્ઞાન વિહાર કોલોનીમાં પોતાની ગાડીમાં ઈંડા વેચી રહ્યો છે, તે કહે છે કે, સ્થાનિક કાઉન્સિલર પ્રતિભા પરાશરના પતિ અરવિંદ પરાશર દ્વારા તેને વારંવાર હેરાન કરવામાં આવી રહ્યો છે. આરીફના મતે તેની આજીવિકાને આ બહાના હેઠળ નિશાન બનાવવામાં આવી રહી છે કે, તે સ્થાન 'નોન-વેન્ડિંગ ઝોન' છે, જ્યારે તે જ વિસ્તારમાં અન્ય સ્ટોલ દખલગીરી વિના ચાલુ રહે છે. આ ગાડી મારા પરિવાર માટે આવકનો એકમાત્ર સ્ત્રોત છે. હું અહીં એક વર્ષથી વધુ સમયથી ઈંડા વેચી રહ્યો છું. ઘણા અન્ય લોકોએ પણ અહીં સ્ટોલ લગાવ્યા છે, પરંતુ ફક્ત મને જ ત્યાંથી જવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ભેદભાવ છે. સ્થાનિક રાજકીય વ્યક્તિઓએ દરમિયાનગીરી કરતા મામલો વધુ ઉગ્ર બન્યો. રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP)ના જિલ્લા કન્વીનર આશિષ સોનીએ આરીફને ટેકો આપ્યો અને તેમની સામે વારંવાર લેવામાં આવી રહેલા પગલાંની ટીકા કરી છે. સોનીએ જિલ્લા કલેક્ટર લોકબંધુને લેખિત ફરિયાદ સુપરત કરી, જેમાં અરવિંદ પરાશર સામે કાર્યવાહીની માગણી કરી છે. તેમણે કહ્યું કે, કોઈપણ મહેનતુ માણસને ફક્ત એટલા માટે હેરાન ન કરવો જોઈએ કે તે પોતાની ગાડી ક્યાં મૂકે છે. આ સંપૂર્ણપણે અન્યાયી છે. એક જ વિક્રેતાને નિશાન બનાવવું જ્યારે અન્ય લોકો ત્યાં વેચાણ કરે છે, આ સ્વીકાર્ય નથી. આ મામલો પક્ષપાતી વર્તનને પ્રતિબિંબિત કરે છે જેને અવગણવું જોઈએ નહીં. તેમણે અધિકારીઓને બધા વિક્રેતાઓ સાથે સમાન રીતે વર્તવાની વિનંતી કરી છે. આ આરોપોના જવાબમાં કાઉન્સિલર પ્રતિભા પરાશરે પોતાના વલણનો બચાવ કર્યો અને કહ્યું કે, આ મુદ્દો ધાર્મિક પક્ષપાતનો નથી પરંતુ સલામતી અને જાહેર વ્યવસ્થાનો છે. તેણીએ સમજાવ્યું કે આરીફની ગાડી પાછળની જગ્યા ખાલી પ્લોટની બાજુમાં છે જ્યાં લોકો ઘણીવાર દારૂ પીવે છે અને મુશ્કેલી ઊભી કરે છે. આવી જગ્યાએ ગાડી ઊભી રાખવી સલામત નથી. તે વસાહતની છબીને પણ અસર કરે છે. અમે તેને બીજી જગ્યાએ જવાની સલાહ આપી હતી, પરંતુ કેટલાક લોકો બિનજરૂરી રીતે તેને મોટો મુદ્દો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# આસામના સંખ્યાબંધ જિલ્લાઓમાં હવે સ્થાનિક મુસ્લિમ પરિવારો પર હકાલ પટ્ટીની લટકતી તલવારથી જબરદસ્ત આક્રોશ જાગ્યો

## મિયા મુસ્લિમો સામે બુલડોઝરની કાર્યવાહી થયા પછી સ્થાનિક મુસ્લિમો સામે આવી કોઈ કાર્યવાહી નહીં થાય એવા મુખ્યમંત્રીના વિધાન પછી પણ સ્થાનિક મુસ્લિમ અને પરિવારોને જગ્યા પરથી હટી જવાની અને મકાનો ખાલી કરવાની નોટિસો મળતા ભારે વિરોધ જાગ્યો છે અને સ્થાનિક મુસ્લિમ પરિવારોમાં ભય, રોષની લાગણી પ્રસરી છે અને તેઓ ભેદભાવનું આક્ષેપ કરી રહ્યા છે

(એજન્સી) ગુવાહાટી, તા.૩૧

બુલડોઝરના આતંક અને ભયનો વધુ એક વખત આસામનો મુસ્લિમ સમાજ સામનો કરી રહ્યો છે અને આ વખતે સ્થાનિક મુસ્લિમોને નિશાન બનાવવાની દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી હોવાથી સ્થાનિક મુસ્લિમ પરિવારો એમના મકાનોના ડિમોલિશનના ડરથી ફફડી રહ્યા છે અને એમની સાથે ભેદભાવ કરવામાંઆવી રહ્યાનું આક્ષેપ કરી રહ્યા છે અને રાજ્ય સરકારની હિલચાલને કારણે સ્થાનિક મુસ્લિમ સમુદાયમાં રોષની લાગણી પ્રસરી છે.

મુખ્યમંત્રી હિમાંતા બિશ્વા સરમાએ અગાઉ અનેક વખત ખાતરી આપી છે કે મિયા મુસ્લિમો સામે કાર્યવાહી થઈ છે પરંતુ સ્થાનિક મુસ્લિમો સામે આવી કોઈ કાર્યવાહી થશે નહીં. આવી ખાતરી અપાયા પછી પણ સંખ્યાબંધ જિલ્લાઓમાં સ્થાનિક મુસ્લિમ પરિવારોને ડિમોલિશનની નોટિસો આપવામાં આવી હોવાનું



બહાર આવ્યું છે એટલે સ્થાનિક મુસ્લિમ પરિવારોમાં ભાજપની રાજ્ય સરકાર સામે ગુસ્સો ભભૂકી ઉઠ્યો છે અને દહેશત પણ પ્રસરી છે. ગુવાહાટીના ધીરેન પારા વિસ્તારમાં ૨૦૦ જેટલા સ્થાનિક મુસ્લિમ પરિવારોને મકાનો તોડી પાડવાની નોટિસ આપતા તેઓ એમના ભવિષ્ય વિશે ચિંતામાં મુકાઈ ગયા છે. આવી જ રીતે ગોલાઘાટના ઉરીયમ ઘાટ વિસ્તારમાં રહેતા બીજા ૮૪ સ્થાનિક મુસ્લિમ પરિવારોને નોટિસ અપાઈ છે અને લખીમપુર વિસ્તારમાં ૧૬ પરિવારોને નોટીસો અપાઈ છે અને એવું કારણ બતાવ્યું છે કે એમના મકાનો ગેરકાયદે છે.

સ્થાનિક મુસ્લિમો કહે છે કે રાજ્ય સરકારની મુસ્લિમ સમુદાયને અહીંથી તગેડી મૂકવાની એક મોટી અને વ્યાપક યોજનાના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે કેમ કે અહીં રહેતા હિન્દુ પરિવારોને કોઈ નોટીસ અપાઈ નથી.

આસામ ગોરીયા પરિષદ જે ગોરીયા મુસ્લિમ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે તેમણે સરકારની કાર્યવાહીના વિરોધમાં ધીરેન પારા વિસ્તારમાં જાહેર સભાનું આયોજન કર્યું હતું અને અનેક પરિવારો તેમાં હાજર રહ્યા હતા અને એમનું દુઃખ અને વ્યથા તથા એમની સાથે થઈ રહેલી છેતરપિંડી અંગે ખુલ્લેઆમ વાત કરી હતી અને રોષ વ્યક્ત કર્યો હતો. આસામ ગોરીયા પરિષદના પ્રમુખ મોઈ નુલ હક્કે સંબોધન કર્યું હતું અને સીધી મુખ્યમંત્રીને જ અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે ગોલાઘાટ અને લખીમપુર વિસ્તારમાં જેમના મકાનો અંગે નોટિસ મળી છે અને બુલડોઝર ફેરવી દેવામાં આવનાર છે એ તમામ પરિવારોના પુનઃ વસવાટ માટે રાજ્ય સરકાર વ્યવસ્થા કરે એવી મુખ્યમંત્રીને અમે સીધી અપીલ કરવાનું નક્કી કર્યું છે.

તેમણે એવી પણ માગણી કરી હતી કે ગોરીયા પરિવારોને અપાયેલી નોટિસો રદ કરવી જોઈએ કેમ કે આ અમારા પૂર્વજોના મકાનો છે અને અમે ક્યાંય જવાના નથી.

સામાન્ય પરિવારો જે વ્યથા વ્યક્ત કરી રહ્યા છે તેના પરથી ડિમોલિશનને કારણે સર્જાઈ રહેલી માનવીય કટોકટીનો ખ્યાલ આવી જાય છે. એક મહિલાએ રડતા રડતા કહ્યું હતું કે મુખ્યમંત્રીએ ખુદ કહ્યું હતું કે સ્થાનિક મુસ્લિમો સામે બુલડોઝરનો ઉપયોગ કરવામાં નહીં આવે પણ વાસ્તવિકતા તેનાથી અલગ દેખાય છે. ગોલાઘાટ અને લખીમપુરમાં અમારા મકાનો તોડી પાડવામાં આવ્યા અને હવે ગુવાહાટીમાં પણ અમને નોટિસો આપવામાં આવી રહી છે.

એમની અપીલ બિલકુલ સીધી અને સાદી એ છે કે મુખ્યમંત્રી નોટિસો તાત્કાલિક રદ કરે અને ઘરબાર વગરના થઈ ગયેલા લોકો માટે નવા આવાસોની વ્યવસ્થા કરે બસ એ જ અમારી માગણી છે.

અનેક મુસ્લિમોએ જણાવ્યું હતું કે એમને માત્ર એમના ધર્મને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે કેમ કે અમારા પડોશમાં રહેતા હિન્દુઓને કોઈ નોટિસ મળી નથી. અમે પણ આસામની ધરતીના સંતાનો છીએ. સ્થાનિક મુસ્લિમો માટે આ કાર્યવાહી માત્ર મકાનો ગુમાવવા જેટલી સીમિત નથી પણ રાજ્ય સરકારે આપેલું વચન તોડવામાં આવી રહ્યાનો મામલો પણ છે અને આ રીતે એમની સાથે છેતરપિંડી થઈ રહી છે એવી એમની લાગણી છે. કેમ કે થોડા સપ્તાહ પહેલા જ મુખ્યમંત્રીએ ખુદ જાહેરમાં એવું કહ્યું હતું કે સ્થાનિક મુસ્લિમો એટલે કે ગોરીયા તથા મોરિયા અને દેશી સમુદાયો સામે કોઈ કાર્યવાહી થશે નહીં.

હવે તો ગુવાહાટી અને આસપાસના વિસ્તારોના ૪૫ મુસ્લિમોને પણ ધડાધડ નોટિસો ફટકારવામાં આવી રહી છે. પ્રથમ મિયા મુસ્લિમ સમુદાયને નિશાન બનાવવામાં આવ્યું અને હવે અમને નિશાન બનાવે છે તો અમારે ક્યાં જવું એવું એક સ્થાનિક વૃદ્ધ મુસ્લિમ કહેતા સંભળાયા હતા.

મુસ્લિમ નેતાઓ કહી રહ્યા છે કે સુપ્રીમ કોર્ટે પુનઃ વસવાટની પહેલા વ્યવસ્થા કર્યા બાદ જ આવી કોઈ કાર્યવાહી કરવામાં આવે એવો સ્પષ્ટ આદેશ આપેલો છે પરંતુ સુપ્રીમના આદેશનું પણ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. જાહેર સભામાં મુસ્લિમોએ સ્પષ્ટ રીતે કહ્યું હતું કે આ બુલડોઝરની રાજનીતિ રમવામાં આવી રહી છે.

એક વક્તાએ જણાવ્યું હતું કે આ કાયદા વિશેનો મામલો નથી કે ગેરકાયદે જમીન અંગેનો મુદ્દો નથી. પરંતુ આ કાર્યવાહી અન્યોને રક્ષણ આપીને માત્ર મુસ્લિમોને નિશાન બનાવવા માટેની છે. જો ડીમોલિશન કાર્યવાહી ન્યાય અને વાજબી હોય તો આ વિસ્તારમાં રહેતા હિન્દુ પરિવારોને પણ નોટિસો મળવી જોઈએ પરંતુ એવું થયું નથી.

અત્યારે તો સેંકડો સ્થાનિક મુસ્લિમ પરિવારોના માથા ઉપર ઘરવિહોણા થઈ જવાની તલવાર લટકી રહી છે. જે દર્શાવે છે કે આસામ ભાજપની સરકાર અને મુસ્લિમ સમુદાય વચ્ચે સંઘર્ષનો અડ્ડો બની ગયું છે અને અહીં સ્થાનિક મુસ્લિમો તો અનેક પેઢીઓથી વસવાટ કરી રહ્યા છે ત્યારે બુલડોઝર કાર્યવાહીની ધમકી એમની ઓળખ સામેનું આક્રમણ છે. બોરીયા મુસ્લિમ સમાજે મુખ્યમંત્રીને તાત્કાલિક દરમિયાનગીરી કરવાની અપીલ કરી છે અને ત્યાં સુધી આ સમાજ દહેશત અને અસુરક્ષાની લાગણીમાં જીવતો રહેશે.

## હિમંતા સરકાર બેફામ : પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકર સૈયદા હમીદ સામે આસામમાં એક નહીં ૧૬ એફઆઈઆર દાખલ કરાઈ, સામાજિક અને માનવ અધિકાર સંગઠનોમાં જબરદસ્ત આક્રોશ

આયોજન પંચના પૂર્વ સભ્ય અને પ્રતિષ્ઠિત સામાજિક અગ્રણી અને કાર્યકર સૈયદા હમીદ સામે આસામમાં ૧૬ જેટલી એફઆઈઆર દાખલ કરવામાં આવી હોવાનું આસામ જાતીય પરિષદે જણાવ્યું હતું. ૧૬ જિલ્લાઓમાં એકસાથે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે તેમ જાહેર થયું છે જેના પગલે માનવ અધિકાર અને સામાજિક સંગઠનોમાં સખત રોષની લાગણી પ્રસરી છે. એજેપીના પ્રમુખ જીયા -ઉર-રહેમાને આ અહેવાલને સમર્થન આપતા જણાવ્યું હતું કે આસામના ૧૬ જિલ્લાઓમાં સૈયદા વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. અમે એમના



આસામ વિરોધી અને કોમવાદી વિધાનો બદલ તેમની ધરપકડ કરવાની માગણી કરી રહ્યા છીએ અને અમારા કાર્યકરો અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદો દાખલ કરવાનું ચાલુ રાખશે.

ગત ૨૪મી ઓગસ્ટે ગુવાહાટીના એક કાર્યક્રમમાં બોલતા સૈયદા હમીદે એવું જણાવ્યું હતું કે જો આસામમાં બાંગ્લાદેશીઓ રહેતા હોય તો તેમાં વાંધો શું છે ? એમના વિધાનોથી સ્થાનિક સંગઠનો ઉકળી ઊઠ્યા છે અને એવું આક્ષેપ કરે છે કે તેમણે આવા વિધાનો કરીને આસામી ઓળખનું અપમાન કર્યું છે અને કોમવાદી તણાવ ઊભો કરવાનો પણ પ્રયાસ કર્યો છે. રહેમાન જણાવે છે કે એમની સામે પગલાં લેવા જ જોઈએ અને પોલીસે જાહેર શાંતિને અસ્થિર કરવા બદલ કલમ ૧૯૫ તેમજ ૩૫૩ અને ૩૫૬ જેવી કલમ મુજબ કેસ દાખલ કરવો જોઈએ.

## ક્યા બાત હૈ ?!




# ભારત અને ચીને 'મિત્ર' બનવાનો નિર્ણય કર્યો એ સાચી પસંદગી, શીએ મોદીને કહ્યું : ચીનના પ્રમુખ કહે છે કે સરહદની સમસ્યાઓને લઈને સંબધોની વ્યાખ્યા નક્કી થવી ન જોઈએ

(એજન્સી) તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને કહ્યું છે કે, ભારત પરસ્પર વિશ્વાસ, આદર અને સંવેદનશીલતાના આધારે ચીન સાથેના તેના સંબંધોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે. તિયાનજિનમાં મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક દરમિયાન તેમની ટેલિવિઝન પર પ્રસારિત શરૂઆતની ટિપ્પણીમાં, મોદીએ કહ્યું કે, ૨.૮ અબજ લોકોનું કલ્યાણ ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સહયોગ સાથે જોડાયેલું છે. અમે પરસ્પર વિશ્વાસ, આદર અને સંવેદનશીલતાના આધારે અમારા સહયોગને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું કે, બંને દેશોએ તેમના સંબંધોને 'વ્યૂહાત્મક' અને 'લાંબા ગાળાના દૃષ્ટિકોણથી' જોવા જોઈએ. બંને પક્ષોએ વ્યૂહાત્મક ઊંચાઈઓ અને લાંબા ગાળાના દૃષ્ટિકોણથી આપણા સંબંધોને જોવાની જરૂર છે જેથી આપણા દ્વિપક્ષીય સંબંધોના ટકાઉ, મજબૂત અને સ્થિર વિકાસને સાકાર કરી શકાય. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની એકપક્ષીય નીતિઓ પર સ્પષ્ટ રીતે ટીકા કરતા, શીએ કહ્યું કે બંને દેશોએ બહુપક્ષીયતાને જાળવી રાખવી જોઈએ. ભારત અને ચીને બહુપક્ષીય વિશ્વ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં વધુ લોકશાહી માટે પણ કામ કરવું જોઈએ. તેમણે કહ્યું કે, આપણે બહુપક્ષીયતાને જાળવી રાખવા, બહુપક્ષીય વિશ્વ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં વધુ લોકશાહી લાવવા માટે સાથે મળીને કામ કરવાની અને એશિયા અને સમગ્ર વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિમાં આપણું યોગ્ય યોગદાન આપવાની આપણી ઐતિહાસિક જવાબદારી



પણ વધારવી જોઈએ. મોદીએ કહ્યું કે, ગયા વર્ષની સરહદ પરની પ્રક્રિયા પછી સરહદ પર શાંતિ અને સ્થિરતા છે અને બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ રહી છે. પ્રધાનમંત્રીએ કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, સરહદ વ્યવસ્થાપન પર અમારા ખાસ પ્રતિનિધિઓ વચ્ચે સંમતિ થઈ છે. ભારત અને ચીન પરસ્પર વિશ્વાસ, આદર અને સંવેદનશીલતાના આધારે અમારા સહયોગને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે. વડાપ્રધાનએ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના ચીનના સફળ અધ્યક્ષપદ બદલ શીને અભિનંદન પણ આપ્યા હતા. સાત વર્ષના અંતરાલ પછી મોદી શનિવારે બે દિવસીય મુલાકાત પર ચીન પહોંચ્યા હતા. ટિયાનજિનમાં મોદીનું આગમન યુએસ ટેરિફને કારણે સર્જાયેલી વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાની પૃષ્ઠભૂમિ સામે આવી છે, જેના લીધે આંતરરાષ્ટ્રીય વેપારમાં વિક્ષેપ પડ્યો છે અને ભૂરાજનીતિમાં ફેરફાર થયો છે. વેપાર અને ટેરિફ પર ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ સાથે, વડાપ્રધાનના ચીન પ્રત્યેના રાજદ્વારી સંપર્કને બદલાતા વૈશ્વિક જોડાણોનો સામનો કરીને ભારતની વિદેશ નીતિને કાળજીપૂર્વક અને વ્યવહારિક રીતે પુનઃમૂડીકરણ કરવાના પગલા તરીકે જોવામાં આવે છે. મોદી SCO સમિટમાં હાજરી આપી રહ્યા છે અને તેઓ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને અન્ય વૈશ્વિક નેતાઓને મળશે. તેમના આગમન પર, મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આશાવાદ વ્યક્ત કર્યો કે, ચીનના તિયાનજિનમાં SCO સમિટમાં ચર્ચા અને વિવિધ વિશ્વ નેતાઓને મળવાની રાહ જોઈ રહ્યા છીએ.

**ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ વચ્ચે સંબંધોને ફરીથી સુધારવાનો પ્રયાસ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તિયાનજિનમાં SCO સમિટ વચ્ચે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા હતા. ટેલિવિઝન પર પ્રસારિત ટિપ્પણીમાં, મોદીએ કહ્યું કે ૨.૮ અબજ લોકોનું કલ્યાણ ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય સહયોગ સાથે જોડાયેલું છે**

## મરાઠા આરક્ષણ આંદોલન : જરાંગે પાટિલે ૧ સપ્ટેમ્બરથી પાણી ત્યજી દેવાની ધમકી આપી; ભાજપના મંત્રીઓએ EWSનો મુદ્દો ઉઠાવ્યો

**ન્યુઝ GT પોઈન્ટ** આ સાહેબ પણ મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી વખતે 'ગમે તે કારણે' પોતાનું આંદોલન સમેટી લીધેલ. શું ચારેબાજુ પૈસો જ આંદોલન કરાવે અને અટકાવે છે?

(એજન્સી) મુંબઈ, તા.૩૧

મનોજ જરાંગે દ્વારા મુંબઈના આઝાદ મેદાનમાં મરાઠા ક્વોટા માટે કરવામાં આવેલ આંદોલન રવિવારે ત્રીજા દિવસે પ્રવેશ્યું છે. આ કાર્યકર્તાએ તેમની માગણી બંધારણીય રીતે માન્ય રાખીને પોતાનું વલણ મજબૂત બનાવ્યું છે જ્યારે ભાજપના કેટલાક મહારાષ્ટ્ર મંત્રીઓએ કહ્યું કે સમુદાયે હાલના EWS ક્વોટાનો લાભ લેવો જોઈએ. તેઓ મરાઠાઓ માટે ૧૦ ટકા ક્વોટાની માંગ કરી રહ્યા છે અને ઈચ્છે છે કે તેમને કુણબી તરીકે માન્યતા આપવામાં આવે જે એક કૃષિ જાતિ છે જે અન્ય પછાત વર્ગોની શ્રેણીમાં સમાવિષ્ટ છે, જેનાથી તેઓ સરકારી નોકરીઓ અને શિક્ષણમાં અનામત માટે પાત્ર બનશે. જરાંગેએ જણાવ્યું હતું કે જ્યાં સુધી તેમની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ મુંબઈ છોડશે નહીં, સરકાર પાસે ૫૮ લાખ મરાઠાઓને કુણબી તરીકે રેકોર્ડ છે. જરાંગે એક દિવસ પહેલા



### મનોજ જરાંગે મરાઠાઓ માટે ૧૦ ટકા ક્વોટાની માંગ કરી રહ્યા છે અને તેમને કુણબી તરીકે માન્યતા આપવા માંગે છે જે એક કૃષિ જાતિ છે અને અન્ય પછાત વર્ગોની શ્રેણીમાં સમાવિષ્ટ છે

નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશ સંદીપ શિંદેના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિમંડળ તેમને મળ્યા બાદ પોતાનું વલણ નરમ પાડવાનો ઈનકાર કર્યો હતો, તેમણે રવિવારે કહ્યું હતું કે, "કાલથી, હું પાણી પીવાનું બંધ કરીશ કારણ કે સરકાર માંગણીઓ સ્વીકારી રહી નથી. પરંતુ ક્વોટાની માગણી પૂર્ણ ન થાય ત્યાં સુધી હું પાછો જવાનો નથી. ગમે તે થાય, OBC શ્રેણી હેઠળ મરાઠાઓને અનામત મળશે. આ દરમિયાન, મહારાષ્ટ્રના મંત્રી ચંદ્રકાંત પાટિલ અને નિતેશ રાણે, બંનેએ કહ્યું છે કે મરાઠા સમુદાયને OBC તરીકે વર્ગીકૃત કરવાને બદલે હાલના EWS ક્વોટાનો લાભ મળવો જોઈએ. પાટીલ અને રાણે બંને મરાઠા સમુદાયના છે. રાણેએ એનસીપી (સપા)ના ધારાસભ્ય રોહિત પવાર પર જરંગેના વિરોધ પ્રદર્શનને ભંડોળ આપવાનો પણ આરોપ લગાવ્યો હતો. રવિવારે સોલાપુર જિલ્લામાં પત્રકારો સાથે વાત કરતા ચંદ્રકાંત પાટીલે કહ્યું કે મરાઠાઓએ ક્યારેય અસ્પૃશ્યતાનો સામનો કર્યો નથી અને જાતિ દ્વારા પછાત પણ ન હતા, પરંતુ વર્ષોથી ઘટતી જતી જમીન માલિકી તેમને આર્થિક સંકટમાં ધકેલી દે છે. પાટીલે એમ પણ કહ્યું કે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ક્યારેય કઠોર નથી પરંતુ કેટલીક બંધારણીય મર્યાદાઓ છે. સામાન્ય રીતે, પ્રતિનિધિમંડળો મુખ્યમંત્રીને મળવા આવે છે. રાણેએ દાવો કર્યો કે જરાંગેની તમામ મરાઠાઓને કુણબી તરીકે વર્ગીકૃત કરવાની અને તેમને ઓબીસી શ્રેણીમાં સમાવવાની માંગ સમગ્ર મહારાષ્ટ્રમાં સ્વીકાર્ય નહીં હોય. જો જરાંગે તેમની માંગણી મરાઠવાડા સુધી મર્યાદિત રાખે છે, તો સરકાર તેની તપાસ કરી શકે છે. પરંતુ કોંકણમાં, જ્યાંથી હું આવું છું, ત્યાં મરાઠા અને કુણબીઓની અલગ ઓળખ છે અને તેઓ તેમની વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ છે. મરાઠાઓને OBC શ્રેણી દ્વારા ક્વોટા લાભ મળી શકતા નથી. ભાજપ નેતાએ એવો પણ આરોપ લગાવ્યો કે વિપક્ષ NCP (SP)ના ધારાસભ્ય રોહિત પવારે જરાંગેના વિરોધને ભંડોળ પૂરૂં પાડ્યું હતું અને કહ્યું કે જો તેઓ તેનો ઈન્કાર કરે તો તેઓ પુરાવા આપી શકે છે. આ દરમિયાન, રાજ્ય સરકારના સ્તરે ઉકેલ સુધી પહોંચવાના પ્રયાસો ચાલુ રહ્યા, જેમાં જળ સંસાધન મંત્રી રાધાકૃષ્ણ વિખે પાટીલ શનિવારે મોડી રાત્રે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. વિખે પાટીલ મરાઠા સમુદાયની અનામતની માંગ અને તેની સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સ્થિતિ સંબંધિત મુદ્દાઓ પર કેબિનેટ સબ-કમિટીના વડા છે. પેટા સમિતિ દિવસ દરમિયાન ફરી મળવાની અપેક્ષા છે. ફડણવીસે કહ્યું છે કે સરકાર બંધારણીય અને કાનૂની માળખામાં આ મુદ્દાનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેના એવા નિવેદન કે, મરાઠા આંદોલન અંગેના તમામ પ્રશ્નો ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેને સંબોધવા જોઈએ તેવા નિવેદન અંગે પૂછવામાં આવતા, જરાંગેએ કહ્યું કે "ઠાકરે બ્રાન્ડ" અને બંને ભાઈઓ (રાજ અને શિવસેના-યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે) સારા છે. પરંતુ રાજ એવા વ્યક્તિ છે જે બીજાઓ શું કહે છે તે સરળતાથી માની શકે છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, શિંદેના નેતૃત્વ હેઠળની તત્કાલીન સરકાર દ્વારા ક્વોટાની માગણીઓ પૂર્ણ કરવામાં આવશે તેવી વિનંતી બાદ જરાંગેની મુંબઈ તરફની કૂચ નવી મુંબઈમાં રોકી દેવામાં આવી હતી. શનિવારે, નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશ સંદીપ શિંદેના નેતૃત્વ હેઠળનું એક પ્રતિનિધિ મંડળ જરાંગેને હડતાળ પાછી ખેંચવા માટે મજબૂર કરવામાં નિષ્ફળ ગયું, કારણ કે તેઓ મરાઠાવાડાના તમામ મરાઠાઓને ક્વોટાના હેતુથી કુણબી તરીકે માન્યતા આપવાની માંગ પર અડગ રહ્યા છે. હજારો સમર્થકોની હાજરીને કારણે પ્રતિષ્ઠિત છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની આસપાસનો વિસ્તાર શિબિર જેવો દેખાતો હતો, જેમાં ઘણા લોકો ફૂટપાથ અને પ્લેટફોર્મ પર સૂતા હતા અને રસોઈ બનાવતા હતા, બીએમસી તરફથી સુવિધાઓનો અભાવ હોવાનો આરોપ લગાવતા, જરાંગે અપીલ કરી કે તેમને "ભીડ" તરીકે ગણવામાં ન આવે. તેઓ ખૂબ જ પીડા સાથે અહીં આવ્યા છે. તેઓએ તેમના સમર્થકોને નિયુક્ત સ્થળોએ વાહનો પાર્ક કરવા અને ટ્રેન દ્વારા વિરોધ સ્થળ પર આવવા વિનંતી કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે વાશી, ચેમ્બુર, શિવડી, મસ્જિદ બંદર અને અન્ય સ્થળોએ, જ્યાં પણ તેઓ તેમના વાહનો પાર્ક કરી રહ્યા છે, ત્યાં પ્રદર્શનકારીઓને ફૂડ ટ્રક દ્વારા ભોજનનું વિતરણ કરવું જોઈએ. મુંબઈ ટ્રાફિક પોલીસે X પર જણાવ્યું હતું કે, આઝાદ મેદાનમાં આંદોલન હજુ પણ ચાલુ હોવાથી, આંદોલનકારીઓ CSMT જંકશન પર છે જેના કારણે વિસ્તાર અને નજીકના જંકશનમાં ટ્રાફિક પ્રભાવિત થયો છે. વાહનચાલકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ આ માર્ગો પર જવાનું ટાળે અને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા માટે વૈકલ્પિક માર્ગ અપનાવે. શુક્રવારથી, CSMT અને BMC મુખ્યાલયની આસપાસના વિસ્તારમાં, બંને આઝાદ મેદાનથી થોડાક સો મીટર દૂર, અભૂતપૂર્વ દૃશ્યો જોવા મળ્યા છે, જેમાં યુવાનો રસ્તાઓ પર રસોઈ બનાવતા અને આયોજકો અથવા BMC દ્વારા ગોઠવાયેલા ટેક્નરમાંથી પાણીનો ઉપયોગ કરીને ખુલ્લામાં સ્નાન કરતા જોવા મળ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, પ્રદર્શનકારીઓ મહારાષ્ટ્રભરમાંથી, મોટાભાગે મરાઠવાડાથી, લગભગ ૮,૦૦૦ વાહનોમાં અહીં પહોંચ્યા છે. મરાઠા ક્વોટાના પ્રદર્શનકારીઓ માટે સ્વચ્છતા જાળવવા માટે લગભગ ૮૦૦ સફાઈ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે અને ૩૦૦થી વધુ શૌચાલયોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પીવાના પાણી અને કચરાના સંગ્રહ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

## ચૂંટણી પંચ SIR પછી બિહારના તમામ મતદારોને નવા મતદાર ઓળખપત્ર જારી કરવાની યોજના બનાવી રહ્યું છે

(એજન્સી) તા.૩૧

ચૂંટણી પંચ રાજ્યમાં મતદાર યાદીઓના ચાલી રહેલા ખાસ સઘન સુધારણા પૂર્ણ થયા પછી બિહારના તમામ મતદારોને નવા મતદાર ઓળખપત્ર જારી કરવાની યોજના ધરાવે છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે, નવા કાર્ડ ક્યારે જારી કરવામાં આવશે તે અંગે અંતિમ નિર્ણય હજુ સુધી ચૂંટણી અધિકારી દ્વારા લેવામાં આવ્યો નથી. બિહારના દરેક મતદારને નવું મતદાર ઓળખપત્ર જારી કરવાની યોજના છે, પરંતુ આ કવાયત ક્યારે અને કેવી રીતે હાથ ધરવામાં આવશે તે અંગે અંતિમ નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી. જ્યારે મતદારોને ગણતરી ફોર્મ આપવામાં આવ્યા હતા, ત્યારે તેમને તેમના નવીનતમ ફોટોગ્રાફ સાથે ભરેલા દસ્તાવેજ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. નવા ફોટોગ્રાફનો ઉપયોગ રેકોર્ડ અપડેટ કરવા અને નવા મતદાર કાર્ડ જારી કરવા માટે




### અધિકારીઓનું કહેવું છે કે, નવા કાર્ડ ક્યારે જારી કરવામાં આવશે તે અંગે અંતિમ નિર્ણય હજુ સુધી ચૂંટણી અધિકારી દ્વારા લેવામાં આવ્યો નથી

કરવામાં આવશે. ૧ ઓગસ્ટના રોજ પ્રકાશિત બિહારની ડ્રાફ્ટ મતદાર યાદી અનુસાર, રાજ્યમાં ૭.૨૪ કરોડ મતદારો છે. અંતિમ મતદાર યાદી ૩૦ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત થશે અને રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ નવેમ્બરમાં યોજાવાની સંભાવના છે. હાલની વિધાનસભાનો કાર્યકાળ ૨૨ નવેમ્બરના રોજ સમાપ્ત થાય છે અને તે પહેલાં નવા ગૃહની રચના કરવાની રહેશે. પંચના જણાવ્યા અનુસાર, ગણતરી ફોર્મ ભરનારા ૯૯ ટકા લોકોએ અત્યાર સુધીમાં તેમના દસ્તાવેજો સબમિટ કરી દીધા છે. લગભગ ૩૦,૦૦૦ લોકોએ મતદાર યાદીમાં નામ સામેલ કરવા માટે અરજીઓ દાખલ કરી છે કારણ કે તેમના નામ ડ્રાફ્ટ યાદીમાંથી ગુમ છે. બિહાર એવું પહેલું રાજ્ય બન્યું છે જ્યાં મતદાનના દિવસે મતદાન મથકોની ભીડ ઓછી થાય તે સુનિશ્ચિત કરવા માટે તર્કસંગતકરણ કવાયતના ભાગ રૂપે મતદાન મથક દીઠ મતદારોની સંખ્યા ૧૫૦૦થી ઘટાડીને મહત્તમ ૧૨૦૦ કરવામાં આવી છે. તેને કારણે, રાજ્યમાં મતદાન મથકોની સંખ્યા ૭૭,૦૦૦થી વધીને ૯૦,૦૦૦ થઈ ગઈ છે. આ કવાયત આખરે સમગ્ર ભારતમાં હાથ ધરવામાં આવશે. ગત લોકસભા ચૂંટણીમાં, દેશમાં ૧૦.૫ લાખ મતદાન મથકો હતા.

## IPS બનવા માટે IASનું પદ ઠુકરાવી દીધું, કોચિંગ વગર UPSC પાસ કરી ઈતિહાસ રચ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

ઉત્તરપ્રદેશના હાપુર જિલ્લાના પિલખુવાથી IPS બનવા આવેલી આશ્ના ચૌધરીની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. તેણીએ એક ટોચની કોલેજમાંથી અભ્યાસ કર્યો હતો અને ેPSCની તૈયારીમાં ઉત્તરપ્રદેશનું નામ રોશન કર્યું હતું. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરવી એ દરેકના માટે સરળ વાત નથી. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લે છે. આશ્ના ચૌધરીએ IASને બદલે પોતાની પસંદગીની IPS સેવા પસંદ કરી. હાલમાં આશ્ના ઉત્તરપ્રદેશના મથુરામાં CO તરીકે પોસ્ટેડ છે.



તેણીએ ગાઝિયાબાદમાંથી માનવતા પ્રવાહમાં ૧૨મું ધોરણ પૂર્ણ કર્યું. ત્યારબાદ તેણીએ દિલ્હી યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત લેડી શ્રીરામ કોલેજમાંથી અંગ્રેજી સાહિત્ય (ઓનર્સ) કર્યું. સ્નાતક થયા પછી, તેણીએ ૨૦૨૩માં દક્ષિણ એશિયન યુનિવર્સિટી, દિલ્હીમાંથી આંતરરાષ્ટ્રીય સંબંધોમાં અનુસ્નાતક પૂર્ણ કર્યું. આશ્નાએ સ્નાતક થયાના એક વર્ષ પછી જ UPSC માટે તૈયારી શરૂ કરી. તે પહેલા બે પ્રયાસોમાં સફળ થઈ શકી નહીં, પરંતુ તેણીએ હાર માની નહીં. સતત મહેનત અને વ્યૂહાત્મક તૈયારી પછી, ત્રીજા પ્રયાસમાં તેણીએ ૨૦૨૪માં UPSC પાસ કરી અને અખિલ ભારતીય ક્રમાંક મેળવ્યો.

## પટના કૂચ સાથે સોમવારે 'મતદાર અધિકાર યાત્રા' સમાપ્ત થશે

(એજન્સી) પટના, તા.૩૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, આરજેડીના તેજસ્વી યાદવ અને અન્ય મહાગઠબંધન નેતાઓ સોમવારે અહીં પગપાળા કૂચ કરશે, જે તેમની મતદાર અધિકાર યાત્રાના સમાપન તરીકે ઉજવવામાં આવશે જે લગભગ ૧૩૦૦ કિમી અને ૧૧૦થી વધુ વિધાનસભા મતવિસ્તારોમાંથી પસાર થઈને અહી આવશે. જેને રાજ્યમાં હાઈ-ઓક્ટેન વિધાનસભા ચૂંટણી પ્રચારની શરૂઆત તરીકે જોવામાં આવે છે.

ગાંધી, યાદવ, સીપીઆઈ-એમએલના દીપાંકર ભટ્ટાચાર્ય અને વિકાસશીલ ઈન્સાન પાર્ટીના મુકેશ સહાનીએ યાત્રા દરમ્યાન ખુલ્લી જીપમાં સાથે મુસાફરી કરીને એકતા દર્શાવી હતી અને રાજ્યના વિવિધ ખૂણામાં કથિત "વોટ ચોરી"નો સંદેશ આપ્યો હતો. રાજ્યના ૨૫ જિલ્લાઓમાં ફરતી વખતે "વોટ ચોર, ગદ્દી છોડ"ના નારા ગુંજી ઉઠ્યા હતા, નેતાઓ દરરોજ વિવિધ સ્થળોએ સભાઓને સંબોધિત કરતા હતા જેમાં સંદેશ સ્પષ્ટ હતો અને તેઓએ આરોપ લગાવ્યો હતો કે બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દ્વારા મત ચોરી કરવા માટે ચૂંટણી પંચ અને ભાજપ સાંઠગાંઠ કરી રહ્યા છે. કોંગ્રેસના સંગઠનના પ્રભારી મહાસચિવ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે, મતદાર અધિકાર યાત્રા પટનામાં ગાંધી મેદાનથી ડૉ. ભીમ રાવ આંબેડકર પ્રતિમા, આંબેડકર પાર્ક સુધી એક વિશાળ યાત્રા સાથે સમાપ્ત થશે. બિહારના લોકોએ વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીજી, ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવજી અને સમગ્ર મહાગઠબંધન દ્વારા શરૂ કરાયેલી મતદાર અધિકાર યાત્રાને અભૂતપૂર્વ ટેકો આપ્યો છે. વેણુગોપાલે કહ્યું કે, ઐતિહાસિક વંચિતતા અને મુશ્કેલીઓનો સામનો કરી રહેલા રાજ્યના લોકોના હૃદયમાં જે ડર હતો તેને દિલાસો આપવાની જરૂર હતી, અને યાત્રા SIRના નામે લોકશાહીના વિનાશ સામે આશાના કિરણ તરીકે આવી છે. ૨૫ જિલ્લાઓમાં ૧૧૦થી વધુ વિધાનસભા મતવિસ્તારોની મુલાકાત અને ૧૩૦૦ કિમીથી વધુ વિસ્તારને આવરી લેતી આ યાત્રા "બિહારના જન આંદોલનોના સમૃદ્ધ ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ" રહી છે. દેશભરના આદરણીય નેતાઓ જેઓ અમારા હેતુમાં વિશ્વાસ રાખતા હતા તેઓ જોડાયા હતા અને અમને વધુ શક્તિ આપી છે - જેમાં તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા, હિમાચલ પ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીઓ તેમજ અખિલેશજી અને પ્રિયંકા ગાંધીજી જેવા અન્ય વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે. આ યાત્રામાં વિવાદ પણ થયો હતો, કારણ કે દરભંગા શહેરમાં યાત્રા દરમિયાન એક મંચ પરથી એક વ્યક્તિ મોદી વિરૂદ્ધ હિન્દીમાં અપશબ્દોનો ઉપયોગ કર્યા બાદ વિવાદ ફાટી નીકળ્યો હતો. રાહુલ ગાંધી, તેમની બહેન પ્રિયંકા વાડ્રા અને આરજેડી નેતા તેજસ્વી યાદવ ગયા બુધવારે મોટરસાયકલ પર મુઝફ્ફરપુર જવા રવાના થયા હતા. વડાપ્રધાન મોદી માટે અપશબ્દોના કથિત ઉપયોગના વિરોધમાં શાસક પક્ષ દ્વારા કાઢવામાં આવેલી વિરોધ કૂચ દરમિયાન પટનામાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ વચ્ચે પણ અથડામણ થઈ હતી. કોંગ્રેસે ભાજપ પર તેમના સદાકત આશ્રમ મુખ્યાલય પર હુમલો અને તોડફોડ કરવાનો આરોપ લગાવ્યો હતો. પટણામાં સમાપન પહેલા યાત્રાના ત્રીજા તબક્કાના છેલ્લા દિવસે, રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની મતદાતા અધિકાર યાત્રા બિહારમાં શરૂ થયેલી "ક્રાંતિ" છે, જેનો ઉદ્દેશ્ય ચૂંટણીમાં એક પણ મત ચોરાઈ ન જાય તે સુનિશ્ચિત કરવાનો હતો, હવે તે સમગ્ર દેશમાં ફેલાશે. લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ ભોજપુર જિલ્લાના મુખ્યાલય અરાહમાં એક રેલીને સંબોધતા આ ટિપ્પણી કરી હતી કે, બિહાર એક એવી ભૂમિ છે જ્યાં ક્રાંતિઓ થઈ છે. મતદાર અધિકાર યાત્રાને મળેલા પ્રતિભાવે સાબિત કર્યું છે કે બિહારથી બીજી ક્રાંતિ શરૂ થઈ છે. આવનારા દિવસોમાં, આ આખા દેશને ઘેરી લેશે. યાત્રા દરમ્યાન, ગાંધીએ કેન્દ્ર પર આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદી અને ભાજપ-આરએસએસ અતિ ધનિકોના હિતોની સેવા કરે છે. યાદ રાખો, જો તમારો મત ચોરાઈ જશે, તો તમારૂં ભવિષ્ય છીનવાઈ જશે. તમારો મતદાનનો અધિકાર તમને બંધારણ દ્વારા આપવામાં આવ્યો છે, જે મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકરના આદર્શોનું મૂર્ત સ્વરૂપ છે. આપણે તેનું રક્ષણ કરવું જોઈએ. આ યાત્રા હાઈબ્રિડ મોડમાં કાઢવામાં આવી હતી. તે ૧૭ ઓગસ્ટના રોજ સાસારામથી શરૂ થઈ હતી અને ઔરંગાબાદ, ગયાજી, નવાદા, નાલંદા, લખીસરાય, મુંગેર, ભાગલપુર, કટિહાર, પૂર્ણિયા, અરરિયા, સુપૌલ, મધુબની, દરભંગા, સીતામઢી, પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ, ગોપાલગંજ, સિવાન, છપરા અને આરામાંથી પસાર થઈ હતી.



### આ યાત્રા દરમ્યાન રાહુલ ગાંધીએ કેન્દ્ર પર આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદી અને ભાજપ-આરએસએસ ધનિકોના હિતોની સેવા કરે છે

## ગલવાનથી લઈને યારલુંગ સુધી મોદી સરકાર સતત 'બેઈજિંગ સમક્ષ ઝૂકી રહી છે' : કોંગ્રેસ

(એજન્સી) તા.૩૧

કોંગ્રેસના નેતા જયરામ રમેશે રવિવારે નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા અને પ્રશ્ન કર્યો કે, શું ચીની આક્રમકતા અને ગુંડાગીરી સામે રાષ્ટ્રીય હિતનું રક્ષણ કરવા માટે ખૂબ નબળી ભારતીય સરકાર દ્વારા ભારતની વિદેશ નીતિ ફરીથી વ્યાખ્યાયિત થઈ રહી છે. તેમની આ ટિપ્પણી તે દિવસે આવી જ્યારે મોદી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ વચ્ચે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા હતા. રમેશે ફરીથી એ હકીકત તરફ ધ્યાન દોર્યું કે જૂન ૨૦૨૦માં ગલવાન ખીણમાં ચીની આક્રમણને કારણે ૨૦ ભારતીય



### જયરામ રમેશે યારલુંગ-ત્સાંગપો નદી પર એક વિશાળ હાઈડલ પ્રોજેક્ટ બનાવવાની બેઈજિંગની યોજનાઓ પર સરકારના મૌનની ટીકા કરી હતી

સૈનિકો શહીદ થયા હતા. છતાં તેના થોડા જ દિવસોમાં પીએમ મોદીએ વિવાદાસ્પદ રીતે જાહેર કર્યું કે કોઈએ ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી નથી અને આ નિવેદનને વિપક્ષ બેઈજિંગ માટે 'ક્લીન ચીટ' તરીકે વર્ણવી રહ્યું છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, સેના પ્રમુખે વારંવાર લદ્દાખમાં LAC (વાસ્તવિક નિયંત્રણ રેખા) પર ૨૦૨૦ પહેલાની સ્થિતિ પુનઃસ્થાપિત કરવાની માંગ કરી છે, જે મોદી સરકાર પ્રાપ્ત કરી શકી નથી. તેના બદલે તેમણે કહ્યું કે, નવી દિલ્હી સમાધાન તરફ આગળ વધ્યું છે અને ચીનના પ્રાદેશિક આક્રમણને અસરકારક રીતે કાયદેસર બનાવ્યું છે. તેમણે ડેપ્યુટી આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહ દ્વારા પાકિસ્તાન સાથે ચીનના વધતા વ્યૂહાત્મક જોડાણ વિશે ચેતવણીઓ અંગે પણ કેન્દ્રની ઝાટકણી કાઢી. રમેશના મતે સરકારે આ 'અપવિત્ર જોડાણ'ને શાંતિથી સ્વીકારી લીધું છે અને હવે ચીનને રાજ્ય મુલાકાતો સાથે પુરસ્કાર આપી રહી છે. રમેશે યારલુંગ-ત્સાંગપો (બ્રહ્મપુત્ર) નદી પર એક વિશાળ જળવિદ્યુત પ્રોજેક્ટ બનાવવાની બેઈજિંગની યોજનાઓ પર મોદી સરકારના મૌનની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેની ભારતના ઉત્તરપૂર્વ માટે ગંભીર અસરો થઈ શકે છે. તેમણે ચીની આયાતના મોટા પાયે ડમ્પિંગને રોકવામાં સરકારની નિષ્ફળતા પર પણ પ્રહાર કર્યો અને કહ્યું કે, તે ભારતના MSMEને અપંગ બનાવી રહ્યું છે જ્યારે અન્ય રાષ્ટ્રો સક્રિય રીતે તેમના સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરે છે. કહેવાતા 'નવા સામાન્ય સંબંધો'નો અર્થ એ નથી કે જ્યારે આપણી સરકારે ચીની આક્રમણ સામે શરણાગતિ સ્વીકારવી જોઈએ આ રાજદ્વારી નીતિ નથી તે સરકારની નબળાઈ છે.

## પકોડા-નમકીન વેચનારની પુત્રીએ UPSCમાં ૯૩મો ક્રમ મેળવ્યો, પરિવાર નાનકડા ઓરડામાં રહેતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

એવું કહેવાય છે કે, યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષા પાસ કરવી અશક્ય છે. આ પરીક્ષા પાસ કરવા માટે, વ્યક્તિએ સખત મહેનત કરવી પડે છે. UPSC પરીક્ષા માટે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આજે આપણે એક એવી મહિલા વિશે જાણવા જઈ રહ્યા છીએ જેણે પોતાની મહેનતથી આ પદ પ્રાપ્ત કર્યું. આપણે IAS દીપેશ કુમારી વિશે વાત કરી રહ્યા છીએ. દીપેશ કુમારી રાજસ્થાનના ભરતપુરમાં અટલ ડેમ વિસ્તારમાં રહે છે. દીપેશના પિતા ગોવિંદ કુમાર છેલ્લા ૨૫ વર્ષથી પકોડા અને નમકીન જેવા નાસ્તા વેચીને ૭ લોકોના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. દીપેશનો ૭ લોકોનો પરિવાર પહેલા એક નાનાકડાં ઓરડામાં રહેતો હતો. આ પરિવારમાં કોઈ પણ પ્રકારની સુખ-સુવિધાઓ નહોતી, પરંતુ દીપેશ ક્યારેય હિંમત હારી નહીં અને અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. દીપેશ કુમારી તેના ૫ ભાઈ-બહેનો સાથે એક રૂમના ઘરમાં રહેતી હતી. દીપેશનું શરૂઆતનું શિક્ષણ શિશુ આદર્શ વિદ્યા મંદિરમાંથી થયું હતું. દીપેશ ધોરણ ૧૦માં ૯૮ ટકા અને ધોરણ ૧૨માં ૮૯ ટકા મેળવ્યા હતા. ત્યારબાદ દીપેશ જોધપુરની MBM એન્જિનિયરિંગ કોલેજમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં B.Tech ડિગ્રી મેળવી. ત્યારબાદ તેણે IIT બોમ્બેમાંથી M.Tech ડિગ્રી મેળવી. આ ઉપરાંત દીપેશ એક વર્ષ માટે એક ખાનગી કંપનીમાં નોકરી કરી. દીપેશ નોકરી છોડીને UPSC પરીક્ષાની તૈયારી શરૂ કરી. વર્ષ ૨૦૨૦માં, દીપેશ UPSCના પહેલા પ્રયાસમાં નિષ્ફળ ગયો, પરંતુ તેણે હાર ન માની. ત્યારબાદ દીપેશ ફરીથી UPSC સિવિલ સર્વિસ પરીક્ષા માટે તૈયારી કરી અને વર્ષ ૨૦૨૧માં તેના બીજા પ્રયાસમાં, તેણે UPSC સિવિલ સર્વિસમાં અખિલ ભારતીય ક્રમાંક ૯૩ મેળવ્યો. ત્યારબાદ તેણીને IAS પદ માટે પસંદગી કરવામાં આવી. આ સાથે, તેણીએ EWS શ્રેણીમાં ચોથો ક્રમ પણ મેળવ્યો. IAS તાલીમ પછી, તેણીને ઝારખંડ કેડર મળ્યો. દીપેશ તેના નાના ભાઈ-બહેનો માટે એક ઉદાહરણ બની. ત્યારબાદ, તેની નાની બહેન ડોક્ટર બની અને સફદરજંગ હોસ્પિટલમાં સેવા આપી રહી છે. તેનો ભાઈ લાતુરમાં MBBSનો અભ્યાસ કરી રહ્યો છે અને બીજો ભાઈ AIIMS ગુવાહાટીમાં અભ્યાસ કરી રહ્યો છે.



# સુરેન્દ્રનગર ખાતે સાયક્લોથોન અને રાષ્ટ્રીય કક્ષાના વિજેતા ખેલાડીઓનો સન્માન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૩૧

આજરોજ નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને અને પાટડીના ધારાસભ્ય પી.કે.પરમારની વિશેષ ઉપસ્થિતિમાં જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય સાયકલોથોન અને રાષ્ટ્રીય કક્ષાના વિજેતા ખેલાડીઓના સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ હોકીના જાદુગર ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મજયંતિ "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણીના ભાગરૂપે સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા વહીવટી તંત્ર અને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.

જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શ્રી એમ. પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ સુધી યોજાયેલી આ સાયકલોથોન "એક ઘંટા ખેલ કે મેદાનમે" અને "હર ગલી હર મેદાન ખેલે સારા હિન્દુસ્તાન"ની પ્રેરણાદાયી થીમ સાથે ઉજવાઈ હતી. આ રેલીને ઉપસ્થિત



મહાનુભાવોએ લીલી ઝંડી બતાવીને ઉત્સાહપૂર્વક પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીના સમગ્ર રૂટ પર દેશભક્તિના ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા સહિતના પોસ્ટરો દ્વારા શહેરીજનોને રમત-ગમતનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા તથા પાટડીના ધારાસભ્ય પી.કે.પરમારે પ્રાસંગિક સંબોધન કરાયું હતું. આ અવસરે સુરેન્દ્રનગર જિલ્લાના કબડ્ડી, ચેસ, વોલીબોલ અને નેટબોલ જેવી રમતોમાં રાષ્ટ્રીય કક્ષાના વિજેતા ખેલાડીઓ તેમજ શ્રી એમ.પી.શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના યુનિવર્સિટી કક્ષાના વિજેતા ખેલાડીઓને શિલ્ડ અને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. ઉપસ્થિત સર્વે લોકોએ આ પ્રસંગે ફીટ ઇન્ડિયા માટેની પ્રતિજ્ઞા લીધી હતી.

આ સાયકલોથોનમાં સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વહીવટદાર, કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલ, વઢવાણ પ્રાંત અધિકારી મેહુલકુમાર ભરવાડ, નાયબ મ્યુનિસિપલ કમિશનર એસ.કે.કટારા, જિલ્લા રમત વિકાસ અધિકારી પાર્થ ચૌહાણ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અધિકારી પ્રકાશસિંહ ગોહિલ, જિલ્લા શિક્ષણાધિકારી અરવિંદ ઓઝા સહિત અનેક રમતવીરો, શહેરીજનો, વિદ્યાર્થીઓ અને પદાધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

# જામનગરમાં શોર્ટસર્કિટથી મકાનમાં આગ લાગતાં ભારે દોડધામ

## આગમાં ફસાયેલ મહિલાને ફાયર બ્રિગેડે બહાર કાઢી

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૩૧

જામનગરમાં લીમડાલેન વિસ્તારમાં આવેલા મોમાઈ કૃપા નામના મકાનમાં સાંજે પોણા પાંચ વાગ્યાના અરસામાં અકસ્માતે આગ લાગી હતી. ઈલેક્ટ્રીક વાયરીંગમાં શોર્ટસર્કિટ થવાના કારણે આગ શરૂ થઈ હતી, ટેબલ ખુરશી સોફા વગેરે સળગવા લાગ્યા હતા. આગના લબકારા દેખાવાથી આસપાસના લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. જેની ફાયર શાખાને જાણ કરાતાં ફાયર બ્રિગેડની ટુકડી તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગને વધુ પ્રસરતી અટકાવી હતી. જે આગના બનાવમાં મકાન માલિક મહિલા કાશ્મીરાબા જાડેજા, અંદર ફસાયેલા હતા અને દરવાજામાંથી બહાર નીકળી શકે તેવી પોઝિશન ન હતી. જેથી ફાયર બ્રિગેડ શાખાના આસી. ફાયર ઓફિસર ઉમેદ ગામેતી તથા જયંતિ ડામોર વગેરેની ટુકડીએ મહિલાને સહી સલામત રીતે બહાર કાઢી લેતાં સર્વેએ હાશકારો અનુભવ્યો હતો.

# ધ્રોલના લતીપર ગામે શ્રમિક યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૩૧

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં રહીને ખેત મજૂરી કામ કરતી મૂળ દાહોદની વતની રમીલાબેન મેહુલભાઈ ડામોર નામની ૨૧ વર્ષની યુવતીએ ગઈકાલે પોતાની વાડીમાં લીમડાના ઝાડમાં દોરડું બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે પતિ મેહુલ વરિયાભાઈ ડામોરે પોલીસને જાણ કરતાં ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે. કે. દલસાણીયા બનાવના સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતકના આજથી ત્રણ માસ પહેલાંજ લગ્ન થયા હતા અને તેણીને પોતાના પિતાને ઘેર જવું હતું. પરંતુ પતિ પાસે હાલ પૈસા ન હોવાથી ના પાડતાં તેણીને માઠું લાગી આવ્યું હતું અને આ પગલું ભરી લીધાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે.

વેરાવળ શહેરમાં સુન્ની મુસ્લિમ જમાત દ્વારા

# ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે અભદ્ર ટિપ્પણી કરનાર વિરૂદ્ધ કલેક્ટરને આવેદન અપાયું

(સંવાદદાતા દ્વારા)
વેરાવળ, પ્રભાસપાટણ, તા.૩૧

અમદાવાદ શહેરમાં સેવનથ ડે સ્કૂલમાં થયેલ વિદ્યાર્થીની કરપીણ હત્યાની શોકસભમામાં વિશ્વ હિન્દુ પરિષદના સિનિયર આગેવાન ધર્મેન્દ્ર ભવાનીએ ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.)સાહેબ માટે અભદ્ર ટિપ્પણી કરી તેના વિરોધમાં વેરાવળ સુન્ની મુસ્લિમ જમાત અને સમસ્ત મુસ્લિમ સેવા સમાજ દ્વારા તેના વિરોધમાં ડેપ્યુટી કલેક્ટરને કડક સજા કરવા માટેનું આવેદન અપાયુ હતું. વેરાવળ સમસ્ત મુસ્લિમ સેવા સમાજના પ્રમુખ અફઝલ પંજા એ જણાવેલ કે અમુક તકવાદી લોકો પોતે સસ્તી પ્રસિદ્ધિ મેળવવાના કારણે ઈસ્લામ ધર્મના મહાન પગમ્બરને અશોભનીય ટિપ્પણી કરે છે જે તમામ



ગુજરાત માટે અને ભારત દેશ માટે શરમજનક બાબત છે આવા લોકોને કાયદાની ભાન કરાવું જોઈએ. ગુજરાત એ શાંતિ અને ભાઈચારાથી રહેનારૂં રાજ્ય છે જેમાં ધર્મેન્દ્ર ભવાની જેવા લોકો શોકસભારના દિવસે ખુલ્લી તલવાર લઈ અને અમદાવાદ શહેરને બાનમાં લઈ એક ખોટો સંદેશ સમગ્ર દેશમાં ફેલાવે છે આવા લોકો સામે કડકથી કડક પગલાં લેવા જોઈએ તેવી વેરાવળ સમસ્ત મુસ્લિમ જમાંતે રજૂઆત કરેલ છે. આ કાર્યક્રમમાં સમસ્ત મુસ્લિમ સેવા સમાજના પ્રમુખ અફઝલ પંજા, સુન્ની મુસ્લિમ જમાત પ્રમુખ મહંમદ હુસેન મુગલ, ગુલામ હુસેન દરવેશ, ગુલામભાઈ ખાન નૂરભાઈ કપૂર, સરફરાજભાઈ મેવાતી, હનીફભાઈ મલેક હસનભાઈ કુરેશી આલમમિયા મૌલાના નઝમુલ હુદા, મૌલાના અબ્દુલ રહેમાન તેમજ જુદા જુદા સમાજના પટેલો આગેવાનો નગરસેવકો અને હાફીજો અને આલીમો ભેગા થયા હતા.

# વેરાવળના વોર્ડ ૫-૬માં રોડના નબળા કામ અંગે કોર્પોરેટરની રજૂઆત

(સંવાદદાતા દ્વારા)
વેરાવળ, તા.૩૧

વેરાવળ નગરપાલિકા હદમાં આવતાં વોર્ડ નં.૫-૬માં રોડ રસ્તાના નબળા કામ બાબતે નગરપાલિકા વોર્ડ નં.૬ના કાઉન્સિલર જીન્નતબેન આહમદ સોપારીવાળા દ્વારા ભાવનગર સહિત લગતા વળગતા તંત્રને લેખિત રજુઆત કરવામાં આવેલ છે. આ રજૂઆતમાં જણાવ્યા મુજબ વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૫-૬માં નવા રોડ રસ્તા છેલ્લા ૧-૨ વર્ષમાં બનેલ છે. તેમાં ખુબ મોટાપાયે ભષ્ટ્રાચાર થયેલ છે તેવું લાગી રહ્યું છે. જેમાં સી.સી. રોડ અને બ્લોકના કામોમાં લોટ પાણી લાકડા સમાન થયેલ છે. આ બધા નવા બનેલા રોડ રસ્તામાં ખાડા ખાબોચિયા પડી ગયેલ છે જેનું મુખ્ય કારણ નબળી ક્વોલિટીની સિમેન્ટ છે, નિયમો અનુસાર ટેન્ડર મુજબ કામગીરી થયેલ ન હોય તેવી શંકા છે. કોઈ પણ રોડનું સરખું લેવલીંગ નથી, જેના લીધે રસ્તાઓ પર પાણી ભરાય છે, જેથી આ રોડ રસ્તા બનાવનાર કોન્ટ્રાકટર એજન્સીનું પેમેન્ટ રોકીને ફરીથી નિયમ મુજબ ગેરંટી પીરીયડ મુજબ આ તૂટી ગયેલા રોડ રસ્તા નવા બનાવવા માટે આદેશ કરવામાં આવે તેવી માંગણી કરી છે. આ એજન્સીઓ દ્વારા નબળી કામગીરી થયેલ છતાંય જવાબદાર સ્થાનિક અધિકારીઓ દ્વારા કોઈ જાતના પગલાં લિધેલ નથી માટે આ રજૂઆતને પગલે ગંભીરતાપૂર્વક તપાસ કરીને યોગ્ય કડક પગલા લેવા રજુઆત કરાય છે. જો બાબતે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો ના છૂટકે કાયદાકીય કાર્યવાહી કરવા હાઈકોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારી છે.

# ભાવનગર શહેરમાં સાયક્લોથોન યોજાઇ ૧ હજારથી વધુ સાયક્લિસ્ટો જોડાયા



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૩૧

મેજર ધ્યાનચંદ જયંતિની ઉજવણી પ્રસંગે ભાવનગર શહેરમાં ભાવનગર મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શહેરમાં આજે વહેલી સવારે સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરપાલિકાના મેયર ભરતભાઈ બારડ, જિલ્લા કલેક્ટર ડૉ.મનીષ કુમાર બંસલ, મ્યુનિસિપલ કમિશનર એન.કે.મીણાએ ફ્લેગ ઓફ કરી સાયકલોથોનનો પ્રારંભ કરાવ્યો હતો.

ભાવનગર શહેરમાં ૯ કિલોમીટર સુધી યોજાયેલી આ સાયકલ રેલીમાં અંદાજે ૧ હજારથી વધુ સાયકલિસ્ટોએ ઉત્સાહભેર ભાગ લઈ ફિટ અને તંદુરસ્ત રહેવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પણ સ્વયં સાયકલ ચલાવીને નગરજનોને ફિટ રહેવાનો સંદેશ આપ્યો હતો. આ સાયકલોથોનમાં ભાગ લેનાર દરેક વ્યક્તિને સર્ટીફિકેટ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સાયકલોથોન ગુલીસ્તા, સેન્ટ્રલ સોલ્ટ, દિલબહાર પાણીની ટાંકી, જ્વેલર્સ સર્કલ, નીલમબાગ, કાળાનાળા અને પરત ગુલીસ્તાન ખાતે તેની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

સન્ડે ઓન સાયકલ રેલીમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઇ રાબડીયા, ડેપ્યુટી કમિશનર જે.કે.રાવલ, ભાવનગર મહાનગર પાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ, વિવિધ એસોસિયેશનો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ભાવનગરના શહેરના નગરજનો અને સાયકલિસ્ટો ઉપસ્થિત જોડાયા હતા.

### ૬ વર્ષનો મહેંદી રજા બન્યો આકર્ષણનું કેન્દ્ર

ભાવનગર શહેરમાં આજે 'સન્ડે ઓન સાયકલ' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાતિમા કોન્વેન્ટ સ્કૂલમાં ધો.૧માં અભ્યાસ કરતો ૬ વર્ષનો મહેંદી રજા ભીમાણીએ ભાગ લઈ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. તેણે રેલીમાં ભાગ લઈ ફીટનેસનો સંદેશ આપ્યો હતો.

# ઉમરગામ તાલુકામાં કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પ્રવેશભાઈ પટેલની નિમણૂક કરાઈ

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૩૧

ઉમરગામ તાલુકામાં કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી પ્રવેશભાઈ દિનેશભાઈ પટેલને પ્રદેશ સમિતિ દ્વારા સોંપવામાં આવતા ઉમરગામ તાલુકાના કોંગ્રેસના અગ્રણી કાર્યકર્તાઓમાં તેમજ પ્રવેશભાઈ પટેલના મિત્ર વર્તુળોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. પ્રવેશભાઈ પટેલ યુવા પ્રમુખ તરીકેની કામગીરી કરવાનો અનુભવ ધરાવે છે. પ્રવેશભાઈ પટેલની કામ કરવાની ક્ષમતા અને નેતૃત્વ શક્તિને પ્રાધાન્ય આપતા ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા દ્વારા નિર્ણય લેવામાં આવ્યો



છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા અને શહેર સંગઠનના પ્રમુખોની કરવામાં આવેલી નિયુક્તિમાં ઉમરગામ શહેરના પ્રમુખ તરીકેની જવાબદારી મનોજભાઈ દુબળાને સોંપવામાં આવી છે.

ટ્રાફિક નિયંત્રણના સંદર્ભમાં

# જામનગર પોલીસ દ્વારા અવિરત ડ્રાઈવ ચાલુ : ૧૬૮ કેસ કરાયા

(સંવાદદાતાા દ્વારા)
જામનગર, તા.૩૧

જામનગર જિલ્લામા સમગ્ર પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયંત્રણ જાળવવાના ભાગરૂપે સમયાંતરે "સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યુ હતું, જેના ભાગરૂપે ગઈકાલે સમગ્ર જામનગર જિલ્લામાં મેગા ડ્રાઈવ યોજાઈ હતી અને ટ્રાફિક નિયમન ભંગ અંગેના કુલ ૧૬૮ કેસ કરવામાં આવ્યા હતા. રાજકોટ રેન્જ ના આઈ.જી.પી. અશોકકુમાર યાદવ તથા જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ ગઈકાલે ફરી સમગ્ર જામનગર જિલ્લામાં ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન ૧) જી.પી.એકટ ૧૩૫(૧) હેઠળ ૦૮ કેસ, ૨) એમ.વી.એક્ટ ૧૮૫ના હેઠળ ૦૮ કેસ, ૩) વાહન મા બ્લેક ફિલ્મના ૪૧ કેસ, ૪, એમ.વી.એકટ કલમ- ૨૦૭ મુજબ બે વાહન ડીટેઇન, ૫) નંબર પ્લેટ વગરના વાહનના ૫૭ કેસ, ૬) ફેન્સી નંબર પ્લેટ વાળા વાહનના ૪૮ કેસ, ૭) સમાધાન શુલ્ક હાજર દંડ ૦૪ કેસ કરીને રૂા.૧૪૦૦ના દંડની વસૂલાત સહિત કુલ ૧૬૮ કેસ કરાયા હતા. આ કામગીરી લાલપુરના મદદનીશ પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, શહેર વિભાગ અને ગ્રામ્ય વિભાગના સુપરવિઝન હેઠળ, પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી. તથા જામનગર શહેરના ત્રણે પોલીસ ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર, જામ પંચ એ ડીવી પો.સ્ટે, જામ પંચ બી ડીવી પો.સ્ટે,બેડી મરીન પો.સ્ટે તથા એલ.સી.બી. પો.સબ ઈન્સ તથા એલ.સી.બી સ્ટાફ તથા પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ તથા સ્ટાફ દ્વારા કરવામા આવી છે.

# નિકાવા ગામે એસટી બસ ટ્રકની પાછળ ઘૂસી જતાં પાંચને ઈજા

જામનગર, તા.૩૧

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં નિકાવા ગામ પાસે ગઈકાલે સાંજે માર્ગ પર ઉભેલા એક બોરવેલ ટ્રકની પાછળ એસટી બસ ધડાકાભેર અથડાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં એસ.ટી. બસના કંડક્ટર અને એક દંપત્તિ સહિત પાંચ વ્યક્તિ ઘાયલ થયા હતા. આ અકસ્માતના બનાવની વિગત એવીછે કે કાલાવડ-રાજકોટ રૂટની જીજે ૧૮ ઝેડ.ટી. ૧૧૦૯ નંબરની એસટી બસ, ગઈકાલે સાંજે નિકાવા ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહી હતી, જે દરમિયાન એસટી બસના ડ્રાઈવરની બેદરકારીના કારણે માર્ગ પર ઉભેલા એક બોરવેલના ટ્રકની પાછળ ધડાકાભેર અથડાઈ હતી. જે અકસ્માતમાં બસના આગળના ભાગનો ભૂકકો બોલી ગયો હતો, ઉપરાંત બસના અનેક



કાચ તૂટ્યા હતા. સાથે સાથે બસમાં બેઠેલા મુસાફરોમાં ભારે ચીસાચીસ થઈ ગઈ હતી. આ અકસ્માતના બનાવમાં બસના કંડકટર ભાર્ગવભાઈ કિશોરભાઈ પાડલીયા, ઉપરાંત બસમાં મુસાફરી કરી રહેલા કાલાવડના વતની વિકાસચંદ્ર છોટાલાલ ભટ્ટ (ઉ.વ.૬૪) અને તેમના પત્ની રેખાબેન (ઉ.વ.૬૦) ઉપરાંત મધુભાઈ ઠાકરશીભાઈ અઘેડા વગેરેને શરીરે નાની મોટી ઈજા થઈ હતી. જે તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સૌપ્રથમ કાલાવડ અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતના બનાવની જાણ થતા કાલાવડ ગ્રામ્યના પી.એસ.આઇ સી.બી. રાંકજા તેમના સ્ટાફ સાથે બનાવના સ્થળે તેમજ હોસ્પિટલે દોડી ગયા હતા અને ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે પારડી સિટી અને ગ્રામ્ય ડીજીવીસીએલ પેટા વિભાગીય કચેરીનું ખાતમુહૂર્ત કરાયું

## મંત્રીએ પારડી નગરપાલિકા વિસ્તારમાં ૧૧ કેવી RMUનું લોકાર્પણ કર્યું

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૩૧

પારડી ખાતે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂા.૩ કરોડના ખર્ચે નિર્માણ થનાર અદ્યતન પારડી સિટી અને ગ્રામ્ય ડીજીવીસીએલ પેટા વિભાગીય કચેરીઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાથે-સાથે મંત્રીએ પારડી નગરપાલિકા વિસ્તારમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત ૧૧ કેવી રિંગ મેઈન યુનિટ (RMU)નું લોકાર્પણ પણ કર્યું હતું.



ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, દેશમાં છેલ્લા ૧૨ વર્ષથી વીજ સેવાઓમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની પહેલું સ્થાન ધરાવે છે. બીપોરજોય વાવાઝોડા સમયે પણ વીજ કંપનીના કર્મીઓએ ખૂબ મહેનત કરી માત્ર ૭૨ કલાકમાં વીજ પુરવઠો પ્રસ્થાપિત કર્યો હતો. ડીજીવીસીએલનો વીજ લોસ રેશિયો પણ સૌથી ઓછો છે. વડાપ્રધાન અને તાત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના દરેક ગામોમાં ૨૪ કલાક વીજળી આપવાની શરૂઆત કરાવી હતી. આજે માત્ર ગુજરાત રાજ્ય જ ૨૪ કલાક વીજળી આપે છે. પ્રધાનમંત્રીએ જ્યારે દેશનું સુકાન સંભાળ્યું ત્યારબાદ દેશના ૧૮,૦૦૦ હજાર વીજવિહોણાં ગામોમાં માત્ર બે વર્ષમાં વીજળી પહોંચાડી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ વીજ પુરવઠો ખોરવાતો અટકાવવા અંડર ગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી શરૂ કરાવી છે. ગુજરાતના સમગ્ર કાંઠા વિસ્તારોમાં અંડર ગ્રાઉન્ડ કેબલિંગને કારણે પાવર કટની સમસ્યામાં ઘટાડો થયો છે. વલસાડના ધરમપુર, પારડી અને ઉમરગામમાં રૂા.૫૦ કરોડના ખર્ચે અંડર ગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી કરવામાં આવી છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, ક્લાઈમેટ ચેન્જની સમસ્યા સામે ગુજરાત સોલાર ઊર્જાના ઉત્પાદનમાં દેશમાં પહેલું સ્થાન ધરાવે છે. સાથે સાથે પવન અને હાઈડ્રો વીજ ઉત્પાદનમાં ગુજરાતનો સમગ્ર દુનિયામાં મહત્વનો ફાળો છે. નવી પેટા વિભાગીય કચેરી નિર્માણ થવાથી પારડી તાલુકાના વીજ ગ્રાહકોને અદ્યતન સુવિધા વાળી કચેરી અને વધુ સારી વીજ સેવાઓ પ્રાપ્ત થશે. ગ્રામ્ય પેટા કચેરી હેઠળના ૨૬ ગામોના ૨૦,૧૪૩ અને શહેરી પેટા કચેરીના ચાર ગામો સાથે પારડી નગરપાલિકા વિસ્તારના ૨૨,૨૧૯ વીજ ગ્રાહકોને વધુ સારી વીજ સેવા પ્રાપ્ત થશે.કાર્યક્રમમાં પારડી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશ પટેલ, પારડી નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, પારડી પ્રાંત અધિકારી નિરવ પટેલ, ડીજીવીસીએલના મેનેજિંગ ડાયરેક્ટર યોગેશ ચૌધરી, વીઆઈએ પ્રમુખ સતીશ પટેલ, સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, ડીજીવીસીએલ વલસાડ વર્તુળ કચેરીના અધિક મુખ્ય ઈજનેર એમ.એમ. પટેલ, કોટલાવ, ઉમરસાડી સહિત ગામોના સરપંચો, તાલુકા પંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગીરગઢડા ખાતે તાલુકામાં સાયક્લોથોન યોજાઈ

ઉના, તા.૩૧

નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી અંતર્ગત 'સન્ડે ઓન સાયકલ' થીમ અન્વયે ગીરગઢડા તાલુકામાં સાયક્લોથોન યોજાઈ હતી. ગીરગઢડા તાલુકા સેવા સદનથી જરગલી ગામના પાટિયા સુધી સાયકલ રેલી યોજાઈ હતી. જેમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, પોલીસ વિભાગ, અન્ય સરકારી કચેરીઓ તેમજ શાળા-કોલેજના કર્મચારીઓ/વિધાર્થીઓ અને સ્થાનિક પદાધિકારી ઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ રેલીમાં ઉના ડેપ્યુટી કલેક્ટર પરમાર તેમજ મામલતદારવાળા ટી.ડી.ઓ ત્રિવેદી પી આઇ રાવલ સહિતના અધિકારીઓ પદાધિકારીઓ વેપારી અગ્રણીઓ તેમજ યુવાનો જોડાયા હતા.

# ભાવનગર ખાતે જુગાર રમતા છ ઝડપાયા

ભાવનગર, તા.૩૧

એલ.સી.બી. પોલીસ સ્ટાફનાં માણસો ભાવનગર સીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે, ભાવનગર, રૂવાપરી રોડ, ખેડુતવાસ, બાલા હનુમાન મંદીર સામે, ગણપતિજીના મંડપમાં કેટલાક ઈસમો ભેગા થઇ પૈસા વડે હારજીતનો જુગાર રમે છે. જે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતાં પૈસા વડે હારજીતનો જુગાર રમતાં રાહુલ દિનેશભાઇ વેગડ સહિત ૬ ઈસમોને જુગાર રમતા રોકડા રૂા.૨૧,૩૦૦/-ની ચલણી નોટો સાથે ઝડપાઈ ગયેલ. તેઓ વિરૂદ્ધ ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારાની કલમહેઠળ ગુન્હો દાખલ કરાવવામાં આવેલ છે.

જૂનાગઢ SOG દ્વારા ડ્રગ્સ માફિયાઓ વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી

# માંગરોળના બે કુખ્યાતોને પાસા હેઠળ ધરપકડ કરી જેલ હવાલે કર્યા

(સંવાદદાતા દ્વારા)
માંગરોળ, તા.૩૧

જૂનાગઢ જિલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. આર.બી.ગઢવી તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા NDPS એક્ટ તળેનાં ગુનાઓ કરતા ઈસમો વિરૂદ્ધ જેમાં (૧) જાબીર ઈબ્રાહીમભાઈ કુરેશી (રહે.માંગરોળ) તથા (૨) જબ્બારમીંયા ઉર્ફે મુજાહિદ ઉર્ફે દદુ ઈકબાલમીંયા સૈયદ (રહે.માંગરોળ)વાળાઓ જાહેર વ્યવસ્થા તથા પ્રજાના જાહેર સ્વાસ્થ્યને જોખમમાં મૂકવા અને તેના લીધે લોકોને આર્થિક પાયમાલી સર્જાય તેવી પુરેપુરી શકયતા બાબતેનાં સબળ પુરતાં પુરાવાઓ મેળવી મજકુર





ઈસમોએ ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મનઃપ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણનાં ગુન્હા આચરેલ હોય બન્ને આરોપીઓ વિરૂદ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૮૨૩૦૫૩૯, NDPS એક્ટ કલમ ૮(સી), ૨૨(સી), ૨૯ મુજબ ગુનો દાખલ થયેલ છે. તેઓના વિરૂદ્ધ PIT, NDPS એક્ટ ૧૯૮૮ (The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988) મુજબ વ્યવસ્થિત દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક જૂનાગઢ તથા પોલીસ મહાનિરીક્ષક જૂનાગઢ વિભાગ જૂનાગઢ મારફતે અધિક પોલીસ મહાનિદેશક, સી.આઈ.ડી.ક્રાઈમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓ તરફ મોકલતા મજકુર ઈસમોની PIT દરખાસ્ત મંજૂર થઈ આવતા, બન્ને ઈસમોને આજરોજ તા.૩૧/૦૮/૨૦૨૫ના રોજ અટકાયત કરી, આરોપી જાબીર ઈબ્રાહીમ કુરેશીને મધ્યસ્થ જેલ વડોદરા તથા આરોપી જાબીરમીયા દદુને મધ્યસ્થ જેલ, સુરત ખાતે ડીટેઈન કરી મોકલી આપવામાં આવેલ છે.

ઈકરા હોસ્ટેલ-ચિત્તાવડ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમ યોજાયો

# શિક્ષણ જ સમાજના વિકાસ અને નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે : ટી. આરીફઅલી

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૩૧

ઈકરા હોસ્ટેલ ચિત્રાવડ દ્વારા બાળકોના વિકાસને પ્રોત્સાહન આપવા ખાસ શૈક્ષણિક કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક રજૂઆતો કરી તેમજ સમાજના વરિષ્ઠો અને શિક્ષણપ્રેમી મહેમાનોએ માર્ગદર્શક પ્રવચનો આપ્યા હતા. મુખ્ય વક્તા એવા જનાબ ટી.આરીફ અલી (જનરલ સેક્રેટરી જમાત-એ-ઈસ્લામી હિન્દ) જણાવ્યું કે શિક્ષણ જ સમાજના વિકાસ અને નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે, એમણે બાળકો અને વાલીઓને સંબોધતા કહ્યું કે શિક્ષણમાં ખાસ કરીને અગ્રેજી, ગણિત અને કમ્પ્યુટર એજ્યુકેશન પર ભાર આપો કેમકે આ ત્રણે વિષયો તમને આખી દુનિયામાં ક્યાંય પણ કામ આવશે, તેમણે સમાજના મોભીઓને પણ સંદેશ આપ્યો કે તમે એવા બાળકોને દત્તક લ્યો જેઓ શિક્ષણમાં ખર્ચ કરી શકતા નથી. આ કાર્યક્રમમાં જમાત-એ-ઈસ્લામી હિન્દ, ગુજરાતના અમીર મુહમ્મદ સલીમ પટ્ટીવાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કુર્આનની આયાત પરથી શિક્ષણની મહત્ત્વતા સમજાવી હતી. કાર્યક્રમમાં ઈસ્લામી રિલીફ કમિટીના સેક્રેટરી મુહમ્મદ યુસુફ વહોરા, ટ્રેઝરર મુહમ્મદ અમીન શેઠ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વેરાવળ, પ્રભાસ પાટણ, ગડુ, તેમાં જ અલગ અલગ ગામડાઓમાંથી સમાજના જીમ્મેદારો, વાલીઓ અને મોટી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ ઈકરા હોસ્ટેલના પ્રયત્નોની પ્રશંસા કરી અને સમાજના બાળકોને શિક્ષણની મુખ્ય પ્રવાહમાં જોડવા માટે સહકાર આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. હોસ્ટેલના સંચાલકોએ કાર્યક્રમમાં હાજરી આપનાર તમામ મહેમાનો, વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો તથા આગલા સમયમાં વધુ ઉત્સાહ સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજવાની પ્રતિબદ્ધતા દર્શાવી.

# ડીસા દક્ષિણ પોલીસ મથકે શાંતિ સમિતિની મીટિંગ યોજાઈ



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૩૧

ડીસા દક્ષિણ પોલીસ મથકે આજ રોજ શાંતિ સમિતિની મીટિંગ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી બુધવારના રોજ જલ જલિયાની શોભાયાત્રા અને શુક્રવારના રોજ ઈદે મિલાદનો તેહવાર હોવાથી શાંતિ સમિતિની મીટિંગ યોજાઈ હતી. જેમાં પી આઇ વી એમ ચોધરીએ જણાવ્યું કે તેહવાર એ ખુશી અને આનંદ માટે આવે છે તો દરેકે પોતાનો તેહવાર શાંતિથી અને ભાઈચારાથી ઉજવવા અપીલ કરી હતી. જયારે સોશિયલ મીડિયાના ખોટો દૂર ઉપયોગથી છે. દૂર રહી તેનો સદ ઉપયોગ કરવા જણાવ્યું હતું. ડીસાની પ્રજા બહુ શાંતિ પ્રિય છે જેથી દરેક તેહવારમાં હિન્દુ-મુસ્લિમ સાથે હોય છે તે દેખીને ખુશી થાય છે. હંમેશા આ ભાઈ ચરો જળવાઈ રહે તે માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શાંતિ સમિતિના હિન્દુ-મુસ્લિમ સભ્યો હાજર રહ્યા હતા.

# જંબુસરમાં રઝાએ મુસ્તુફા કમિટી દ્વારા રક્તદાન શિબિર યોજાઈ



(સંવાદદાતા દ્વારા)

જંબુસર, તા.૩૧

જંબુસર રઝાએ મુસ્તુફા કમિટી દ્વારા આયુષ બ્લડ બેન્કના સહયોગથી સિટીઝન સોસાયટી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબે ફરમાવ્યું છે કે લોકો પર દયા કરો તો તમારા પર અલ્લાહ દયા કરશે, મુસ્લિમ એ છે કે જેના હાથ અને જીભથી બીજા લોકો સુરક્ષિત રહે, શ્રેષ્ઠ માનવીએ છે જે માનવોને વધુ લાભ પહોંચાડે તે હેતુ રઝાએ મુસ્તુફા કમિટી જંબુસરનો છે. જે અંતર્ગત આજરોજ સિટીઝન સોસાયટી ખાતે કલ્લા શરીફના સૈયદી સરકાર વાહિદ અલી બાવાની ખાસ ઉપસ્થિતિમાં આપ સ.અ.વ.ની આમદ ઈદે મિલાદુન્નબીને ૧૫૦૦ વર્ષ પૂરા થતા હોય રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા જિલ્લા પંચાયત વિપક્ષ નેતા મુબારકભાઈ પટેલ, સૈયદ આરીફ બાપુ, અ સ લ મ ભ ા ઈ સાયકલવાલા, શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાનભાઈ પટેલ, સાકીરભાઈ મલેક, મુસ્તાકભાઈ કારભારી, મલેક ઈબ્રાહીમ નુરા, કાદર બેગ મિર્ઝા, આરીફ સમદ, મૌલાના રમઝાન કડુજી, ભુરીયા બાપુ, ઈસ્માઈલભાઈ રામદેવ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોને પુષ્પગુચ્છ, શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા. કોઈકના બૂઝતા જીવનદીપને નવપલ્લિત કરવા, રક્તદાન મહાદાન એ ઉક્તિ સાર્થક કરવા બ્લડ ડોનેશન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.

# ડભોઈ ખાતે મન્સુરી પીંજારા સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૩૧

મન્સૂરી પીંજારા વોરા સમાજ ટ્રસ્ટ દ્વારા મન્સૂરી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ ચીફ ઓફિસરના અધ્યક્ષ પદે રાખવામાં આવ્યો હતો. પ્રસંગની શરૂઆત કુર્આને શરીફની તિલાવતી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત તમામ મંચ ઉપરના મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધ્યક્ષ પદેથી ડભોઇ નગરપાલિકા ચીફ ઓફિસર જય કિશન તડવીએ જણાવ્યું હતું કે પોતાના બાળકોને તેજસ્વી બનાવવા હોય તો તેઓને શિક્ષણ આપવું જરૂરી છે. આજના યુગમાં શિક્ષણનું મહત્ત્વ વધી ગયું છે. ત્યારે મુસ્લિમ સમાજમાં આજે તેજસ્વી તારલાઓનું સન્માનિત કરવાનો જે કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તે ઉત્તમ કામ છે. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોએ પણ પ્રસંગિક પ્રવચનો કર્યા હતા. ડભોઈ



(તસવીર : હસન ખત્રી, ડભોઈ)

શહેર તાલુકાના મન્સુરી સમાજના તેજસ્વી તારલાનો આ પ્રોગ્રામ આજે ડભોઇ કડિયા જમાત ખાનામાં રાખવામાં આવેલ હતો. જેમાં સમાજના મુફતી ઈબ્રાહિમભાઇ મન્સુરી, મૌલાના સદ્દામ મન્સૂરી, શહેર કાજી સાહેબ સૈફુદીન સૈયદ હાજી ઈબ્રાહીમભાઈ રાજન ટેલર, હાજી ઈબ્રાહીમ અતર વાલા મહેદવીયા હાઈસ્કૂલના આચાર્ય સફીભાઈ ગોરી વગેરે સમાજના આગેવાનો તેમજ યુવાનો યુવતીઓ અને વડીલોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યકારી પ્રમુખ ઐયુબ ભાઈ મનસુરી (ગોજાલ) દોરા ઉપસ્થિત તમામ લોકોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્યારે કે મંત્રી આરીફ હુસેન સાહિર મન્સૂરીએ સંસ્થાનો અહેવાલ રજૂ કર્યો હતો. જ્યારે મુખ્ય મહેમાન મામલતદાર પી.આર. સંગાડાએ બાળકોને પ્રોત્સાહિત કરવાતા આ સન્માન કાર્યક્રમ સારૂં પગલું છે.

# ડભોઈ તાલુકાના ૧૪ ગામોમાં ઢાઢરના પાણી ફરી વળ્યા



(સંવાદદાતા દ્વારા)

ડભોઇ, તા.૩૧

ઉપરવાસમાં વરસેલા સાંબેલાધાર વરસાદના કારણે દેવડેમમાંથી પાણી છોડવામાં આવતા ડભોઇ તાલુકામાંથી પસાર થતી ઢાઢર નદી બે કાંઠે વહેતી થઈ છે. ડભોઇ તાલુકાના ૧૪ ગામોમાં ત્રીજી વખતે પૂર જેવી સ્થિતિ સર્જાય છે. ઢાઢર નદીના કિનારે ૧૪ ગામો રોડ રસ્તા સુધી પાણી આવી ગયા છે જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જો આ ગામથી પેલા ગામ જવું હોય તો ૧૫-૨૦ કિલોમીટર ફરીને જવું પડી રહ્યું છે. દર વર્ષે આવી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. જેને લઈને સરકાર દ્વારા કોઈ ચોક્કસ આયોજન કરે તો કાયમની મુશ્કેલીનો અંત આવે એમ છે. તાલુકાના ૧૪ ગામોને હાઈ એલર્ટ કરાયા અનેક ગામોના નિચાણવાળા વિસ્તારમાં પાણી ફરી વળતા લોકોને મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ડભોઇ તાલુકાના અંગુઠણ રાજલી બનૈયા નવાપુરા ભીલાપુર પુડા-પુડા વસાહત ડંગીવાડા નારણપુરા બંબોજ પ્રયાગપુરા મગનપુરા વીરપુર જેવા ગામોમાં રોડ પર પાણી આવી ગયા છે. આ તમામ ગામોમાં માર્ગ ઉપર કમર સુધીના પાણી આવી ગયા છે. ખેતરોમાં પણ પાણી ઘૂસી જતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે. મુખ્ય માર્ગ પર પાણી ફરી વળતા૧૪ ગામોનો ડભોઇ સાથેનો સંપર્ક ખોરવાયો છે. ડાંગર કપાસ અને શાકભાજી જેવા પાકો કરેલા ખેડૂતોને દર વખતે ખેતીમાં નુકસાન જાય છે. છતાં પણ સરકાર તરફથી કોઈ વળતર મળતું નથી.

# હિંમતનગરમાં પાંચ કિ.મી. સાયકલ રેલી યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૩૧

મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવી. ‘ખેલે ભી, ખીલે ભી’ થીમ સાથે ત્રિ-દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ‘સન્ડે ઓન સાયકલ’ થીમ અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું. રેલી હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થઈ. મોતીપુરા સર્કલ, મહાવીરનગર અને એન્જિનિયર સર્કલ થઈને પાંચ કિલોમીટરનું અંતર કાપ્યું. લોકસભા સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા અને રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારાએ રેલીને લીલી ઝંડી આપી. હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલા, જિલ્લા



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુ અને નગરપાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય પણ ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં હિંમતનગર પ્રાંત અધિકારી વિમલભાઈ ચૌધરી અને જિલ્લા રમત વિકાસ અધિકારી ત્રિવેણી સરવૈયા જોડાયા હતા. હિંમત હાઈસ્કૂલ, જૈનાચાર્ય વિદ્યાલય અને ત્રિવેણી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ પણ રેલીમાં ભાગ લીધો હતો.

# ખેડામાં ઈદે મિલાદુન્નબીની રોશની



ખેડા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આગામી ઈદે મિલાદુન્નબીના તહેવારને લીધે મસ્જિદો તથા સોસાયટી-મહોલ્લાઓ અને ઘરોને લાઈટથી શણગાર્યા છે. પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ખેડા શહેરમાં આવેલી તમામ મસ્જિદોને તથા તમામ સોસાયટીઓ અને મહોલ્લાઓને મંડપો અને લાઈટ ડેકોરેશનથી ભવ્ય રીતે શણગારેલ છે. ઉપરાંત ખેડાના રતનપુર સહિત અનેક ગામડાઓમાં મસ્જિદ અને મહોલ્લાઓને રંગબેરંગી લાઈટોથી સજાવવામાં આવ્યા છે. ખેડા શહેરમાં લોકોના ટોળેટોળા એકબીજા વિસ્તારમાં ડેકોરેશન જોવા રાત્રે ઊમટી પડે છે.

જશ્ને ઈદે મિલાદુન્નબીના તહેવાર નિમિત્તે

# અંકલેશ્વર ખાતે દાતાર યંગ કમિટી દ્વારા નાત શરીફ તથા તકરીરનો કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર, તા.૩૧

ઈસ્લામ ધર્મના મહાન અને આખરી પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબના જન્મદિન એટલે જશ્ને ઈદે મિલાદુન્નબીના તહેવાર નિમિત્તે અંકલેશ્વર ખાતે દાતાર યંગ કમિટી દ્વારા અત્રેની હઝરત સૈયદ અબ્દુલ હલીમ શાહ દાતાર (ર.અ.) દરગાહ પાસે ગતરાત્રિએ નાત શરીફ તથા તકરીરની મહેફિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોરસદના મશહૂર નાત ખ્વાં મુબીન અશરફી દ્વારા પોતાના અંદાજમાં નાત શરીફ પેશ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને મહેફિલમાં “સરકાર કી આમદ મરહબા”ના નારા ગુંજી ઉઠ્યા હતા.આ પ્રસંગે સૈયદ મોઈનબાવા,



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

સૈયદ મુનવ્વર બાવા, સૈયદ ગ્યાસુદ્દીન બાવા, સૈયદ આરીફ બાવા, સૈયદ અનીસૂદ્દીન કુરેશી, સૈયદ ફરાઝ ઈનામદાર, સૈયદ અબુલ હશન, સૈયદ આમીરબાવા, મૌલાન ગુલરેઝ અશરફી, સહિતના સાદાતે કિરામ, ઓલેમા એ કીરામ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દાતાર યંગ કમિટીના અબ્દુલ કાદીર ઘંટીવાલા (લાલાભાઈ), ઈકબાલભાઈ ભટિયારા, આતિકભાઈ શેખ ભંગારવાલા, નફીસભાઈ કુરેશી (મંડપવાલા), સરફરાઝભાઈ શેખ, શાહરૂખભાઈ શાહ, મોઈનભાઈ બાગવાલા, લાલાભાઈ બાગવાલા, સમીરભાઈ પેઈન્ટર દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અંકલેશ્વર GIDC પોલીસે રૂા.૩.૫૧ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો

અંકલેશ્વર, તા.૩૧

અંકલેશ્વર GIDC પોલીસે તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત ગુમ અથવા ચોરી થયેલ મોબાઈલ અને બાઈક મળી કુલ ૩.૫૧ લાખની કિંમતનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો હતો. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, નાયબ પોલીસ અધિક્ષક, અંકલેશ્વર વિભાગ ડો. કુશલ ઓઝા તથા પોલીસ ઈન્સપેક્ટર આર.એચ.વાળા અંકલેશ્વર GIDC પોલીસ મથક હેઠળ CEIR પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન બાઈક તેમજ અન્ય મુદ્દામાલ શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી જેના આધારે અંકલેશ્વર GIDC પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

હતી. પોલીસે કેન્દ્ર સરકારના સી.ઇ.આઈ.આર. પોર્ટલના માધ્યમથી ગુમ થઇ ગયેલ મોબાઈલ ફોન એકટીવ થયા હતા જેને સ્ટ્રેસ કરી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે. પોલીસે રૂા.૧.૨૨ લાખની કિંમતના ૭ ફોન મૂળ માલિકોને પરત કરવામાં સફળતા મેળવી છે. આ સાથે જ ચોરી થયેલ ૨ બાઈક અને કેમિકલ પાઉડર મળી રૂા.૩.૫૧ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો છે. અંકલેશ્વર જીઆઈડિસી પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૫માં અત્યારસુધી કુલ ૯.૪૦ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો છે.

# સાબરકાંઠાના ઈડરમાં પોણા ૩ ઈંચ વરસાદ ખાબક્યો : હાથમતી ડેમ ૧૦૦ ટકા ભરાયો

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સર્વત્ર સારો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ઈડરમાં ૬૯ મી.મી. (પોણા ૩ ઈંચ) નોંધાયો છે. ખેડબ્રહ્મામાં ૫૩ મી.મી. (૨ ઈંચ) અને વડાલીમાં ૪૩ મી.મી. (પોણા ૨ ઈંચ) વરસાદ થયો છે. અન્ય તાલુકાઓમાં વિજયનગરમાં ૭ મી.મી., હિંમતનગરમાં ૧૦ મી.મી., પ્રાંતિજમાં ૧૦ મી.મી., તલોદમાં ૧૭ મી.મી. અને પોશીનામાં ૧૬ મી.મી.વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે જિલ્લાના જળાશયોમાં પાણીની આવક યથાવત્ છે. હાથમતી જળાશય ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. જેમાં ૫૪૨૫ ક્યુસેક પાણીની આવક અને જાવક નોંધાઈ છે. હાથમતી પિકઅપ વિયર સતત ચોથા દિવસે ઓવરફ્લો થઈ રહ્યો છે. ગુહાઈ જળાશય ૯૪.૬૯ ટકા ભરાયો છે, જોકે હાલમાં તેમાં પાણીની આવક બંધ છે. હરણાવ જળાશય ૯૬.૩૧ ટકા ભરાયો છે, જેમાં ૨૩૫ ક્યુસેક પાણીની આવક અને જાવક નોંધાઈ છે.

# નેશનલ પોસ્ટ ડેની ઉજવણી અંતર્ગત ભરૂચમાં સન્ડે ઓન સાયક્લોથોન કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)ભરૂચ, તા.૩૧

ભરૂચ જિલ્લામાં નેશનલ પોસ્ટ ડેની ઉજવણીના ભાગરૂપે આજે ખાસ કાર્યક્રમ અંતર્ગત સન્ડે ઓન સાઈકલ અભિયાન હેઠળ સાયક્લોનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર તથા ટપાલ વિભાગના સહયોગથી યોજાયો હતો. સાયક્લોનનું પ્રસ્થાન કલેક્ટર કચેરીથી કરવામાં આવ્યું. પ્રસ્થાન પહેલા કલેક્ટર ડૉ.ગૌરાંગ મકવાણા અને ભાજપ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીએ, ભરૂચ મામલતદાર માધવી મિસ્ત્રીએ હાજરી આપીને સાયકલ રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સાયકલોન માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સાયકલિંગ શહેરના શક્તિનાથ સર્કલ, પાંચબત્તી સર્કલ, શાલીમાર હોટલ, સ્ટેશન સર્કલ જેવા શહેરના મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઈ હતી. અંતે રેલી સિવિલ હોસ્પિટલ રોડ પરથી ફરીને કલેક્ટર કચેરી ખાતે સમાપન થયું હતું. આ કાર્યક્રમ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા સાયકલિંગમાં ભાગ લેનાર લોકોને રમત-ગમત સાથે ફિટ ઈન્ડિયા માટે લોકોને જાગૃત કરવા માટે પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી.

# ભરૂચ : પ્રાથમિક શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા સ્ટોન ક્વોરી રદ કરવા આવેદન પાઠવ્યું

(સંવાદદાતા દ્વારા)ભરૂચ, તા.૩૦

ઝઘડિયા તાલુકાના માલજીપુરા ગામની પ્રાથમિક શાળા પરિવાર તથા ગ્રામજનો દ્વારા ગામની પ્રાથમિક શાળાથી ૩૦૦થી ૪૦૦ મીટરના અંતરે સ્ટોન ક્વોરીની પરમિશન આપવા બાબતે ઝઘડિયા પ્રાંત અધિકારીને આદનપત્ર પાઠવ્યું છે, જેમાં તેમણે જણાવ્યું છે કે માલજીપુરા ગામથી આશરે ૩૦૦થી ૪૦૦ મીટરના અંતરમાં નવો પ્લાન્ટ શ્યામ સ્ટોન ક્વોરીની લીઝ આવેલ છે અને એ પ્લાન્ટથી સૌથી પહેલા તેમના ગામની પ્રાથમિક શાળા આવે છે અને એમાં ભણતા બાળકો ધ્વનિ પ્રદૂષણ અને ડસ્ટ પ્રદૂષણથી પ્રભાવિત થશે અને સાથે ગામમાં વસતા ૪૦૦થી ૫૦૦ માણસોને પણ આ બાબતે શ્વાસોશ્વાસ અને અનેક જાતના શારીરિક રોગોનો ભોગ બનવું પડશે, ગામના લોકો અને ગામની પ્રાથમિક શાળા પરિવાર એસએમસી કમિટી દ્વારા વિનંતી કરી છે કે શ્યામ સ્ટોન ક્વોરીની લીઝની પરમિશન કેવી રીતે મળી તેની તપાસ કરવામાં આવે અને મંજૂરી મળી છે તો સ્થળ ઉપર લોક સુનાવણી કેમ રાખવામાં આવી નથી તેની પણ તપાસ કરવામાં આવે અને જે કામ માટે લીઝ મળી છે તે કાયમી ધોરણે રદ કરવામાં આવે તેવી માંગણી કરી છે. વધુમાં તેમણે જણાવ્યું છે કે દિન સાતમાં તપાસ અને કાર્યવાહી નહીં કરવામાં આવે તો સાત દિવસ પછી ગામના લોકો ક્વોરીના સ્થળ પર જઈને કામ અટકાવીશું.

# અરવલ્લીનો વાત્રક ડેમ છલકાયો; કાંઠાના ગામોને ચેતવણી

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલો સૌથી મોટો વાત્રક ડેમ છલકાયો છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ડેમમાં સતત પાણીની આવક ધાઈ રહી છે. તાજેતરમાં ડેમમાં ૧૨,૬૦૦ ક્યુસેક પાણીની આવક થતાં રૂલ લેવલ જાળવવા માટે ડેમમાંથી પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. સત્તાવાર માહિતી મુજબ, ડેમના બે દરવાજા ત્રણ ફૂટ ખોલીને ૧૨,૬૦૦ ક્યુસેક પાણી વાત્રક નદીમાં છોડવામાં આવ્યું છે. હાલમાં ડેમની સપાટી ૧૩૫.૯૭ મીટરે પહોંચી છે, જે તેની મહત્તમ સપાટી ગણાય છે. પાણી છોડાતા વાત્રક નદી કાંઠે આવેલા ગામોને સતર્ક રહેવા ચેતવણી અપાઈ છે. હવામાન વિભાગના અનુમાન અનુસાર આગામી દિવસોમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વધુ વરસાદ પડી શકે છે. જેના પગલે ડેમો અને નદીઓમાં પાણીની આવક વધવાની શક્યતા છે.

# ઝઘડિયા તાલુકાના તલોદરા ગામે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૩૧

ઝઘડિયા તાલુકાના તલોદરા ગામે પ્રાથમિક શાળામાં આજરોજ મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝઘડિયા જીઆઇડીસીની ગેલેક્સી સર્ફેક્ટન્ટ્સ કંપનીના સૌજન્યથી ઝઘડિયાની સેવા રૂરલ હોસ્પિટલ દ્વારા આ મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.

આયોજિત નેત્ર નિદાન કેમ્પનો તલોદરા સહિત આસપાસના ગામોના આંખના દર્દીઓએ લાભ લીધો હતો. નેત્ર નિદાન કેમ્પમાં ઝઘડિયા સેવારૂરલ હોસ્પિટલના આંખ નિષ્ણાત તબીબોએ આંખોની વિવિધ બિમારીઓવાળા દર્દીઓને તપાસ્યા હતા. ચશ્માની જરૂરિયાતવાળા ૨૨૨ દર્દીઓને મફત જરૂર મુજબના નંબરવાળા ચશ્મા આપવામાં આવ્યા હતા.



આજના કેમ્પમાં આંખોની વિવિધ બિમારીઓવાળા કુલ ૨૭૦ દર્દીઓને તપાસવામાં આવ્યા. મોતિયાના તેમજ આંખના અન્ય ઓપરેશનની જરૂરવાળા ૨૭ દર્દીઓને ઓપરેશન માટે હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા, જયારે અન્ય ૧૯ દર્દીઓની આંખોની ઘનિષ્ઠ તપાસ કરવામાં આવશે. ગેલેક્સી કંપની દ્વારા આસપાસના ગામોએ અવારનવાર સીએસઆર એક્ટિવિટી હેઠળ લોક ઉપયોગી કામગીરી કરવામાં આવે છે, ઝઘડિયાની સેવારૂરલ હોસ્પિટલમાં આંખોની સારવાર માટે અધ્યતન સુવિધાઓ ઉપલબ્ધ હોઈ આ હોસ્પિટલમાં આંખોના દર્દીઓને મોતિયાના ઓપરેશન સહિત અન્ય જરૂરી સારવાર મળતી હોય છે.

# આગામી ૩૧ માર્ચ, ૨૦૨૬ના દિવસે સમગ્ર દેશમાંથી નક્સલવાદ સમાપ્ત થશે : અમિત શાહ

## ‘એક નંબર, અનેક સેવાનો’ જનરક્ષક પ્રોજેક્ટ રાજ્યમાં સલામતી માટેનું સરકારનું વિઝનરી પગલું : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૩૧

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયના નિર્દેશાનુસાર રાજ્યના ગૃહ વિભાગ દ્વારા ‘ડાયલ ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ’ તેમજ ગુજરાત પોલીસના નવ નિર્મિત મકાનો તથા પોલીસ વાહનોનું કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભાના સંસદ સભ્ય અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર



નેતૃત્વમાં રક્ષા શક્તિને વધુ સંગીન બનાવીને ટેકનોલોજીનો વધુને વધુ ઉપયોગ રાજ્યના પોલીસ દળમાં થઈ રહ્યો છે આ સમારોહ પણ ટેકનોલોજીના માધ્યમથી નાગરિકોની સેવા અને સુરક્ષાના ધ્યેયને સાકાર કરતો કાર્યક્રમ છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહ મંત્રીએ રાજ્ય પોલીસદળનું

૧૦૮, ફાયર માટે ૧૦૧, મહિલા હેલ્પલાઈન અભયમ માટે ૧૮૧, ચાઈલ્ડ હેલ્પલાઈન માટે ૧૦૯૮ અને ડિઝાસ્ટર હેલ્પલાઈન માટે ૧૦૭૦/૧૦૭૭ એમ અલગ અલગ ઈમર્જન્સી હેલ્પલાઈન નંબર યાદ રાખવા નહીં પડે. આ તમામ ઈમર્જન્સી સેવાના નંબરને બદલે હવે તમારે માત્ર એક જ નંબર ૧૧૨ ડાયલ કરવાનો રહેશે. નાગરિકોને

### ‘૧૧૨’ના લોન્ચિંગથી ગુજરાતમાં ઈમરજન્સી સેવાઓ વધુ સુદૃઢ અને અસરકારક બનશે : ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી વિવિધ સુરક્ષાલક્ષી પ્રકલ્પોનો આજે પ્રારંભ-લોકાર્પણ કર્યું હતું.

ગુજરાતની સુરક્ષા માટેના નવતર મહત્વપૂર્ણ કદમો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની જોડીને બિરદાવી ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, ગુજરાત દેશના સંવેદનશીલ સરહદી વિસ્તારમાંનું રાજ્ય છે. ગુજરાતનો સાગર કિનારો, કચ્છ કે બનાસકાંઠાની સરહદો પરથી અગાઉના સમયે અનેક અનિચ્છનીય ઘટનાઓ બનતી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ગુજરાતની આ સરહદો અભેદ કિલ્લા જેવી બની છે. આજે ગુજરાત કાયદો વ્યવસ્થામાં નંબર વન ક્રમાંકે છે.

અમિત શાહે આ પ્રસંગે રૂા.૨૧૭ કરોડના ખર્ચે જેલ, હોમગાર્ડના કર્મીઓ માટે રહેણાંક અને બિન રહેણાંક મકાનોના ઈ-લોકાર્પણ કરતાં કહ્યું હતું કે, પોલીસ કર્મીઓને આપેલો કોલ પ્રધાનમંત્રીએ સારી રીતે નિભાવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીના ૧૧ વર્ષના કાર્યકાળમાં સમગ્ર વિશ્વમાં ભારતની સીમા અને સેના સાથે છેડખાની ન થાય તેમ પ્રસ્થાપિત થયું છે. ભારત આત્મરક્ષા માટે કોઈપણ સ્તરે જઈ સીમાઓની રક્ષા માટે સજ્જ છે. આતંકવાદ સામે ‘ઝીરો ટોલરન્સ’ની કામગીરીના પરિણામે ઉત્તર-પૂર્વમાં ૧૦,૦૦૦થી વધુ લોકો સરેન્ડર થયા છે તેમ જણાવી મંત્રીએ આગામી ૩૧ માર્ચ, ૨૦૨૬ના દિવસે સમગ્ર દેશમાંથી નકસલવાદ સમાપ્ત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘એક નંબર, અનેક સેવાનો’ ડાયલ-૧૧૨નો જનરક્ષક પ્રોજેક્ટ રાજ્યમાં નાગરિક સુરક્ષા માટે, સલામતી માટેનું સરકારનું વિઝનરી પગલું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મનોબળ વધારવા સાથે આતંકવાદ,ગુનાખોરી અને અસામાજિક તત્વો વિરૂદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે, એટલું જ નહીં પોલીસ પ્રશિક્ષણની આખી તાસીર બદલી નાખીને નવા પડકારોને પહોંચી વળવા પોલીસદળને આધુનિકતા સાથે સ્માર્ટ પોલીસીંગ માટે વધુને વધુ સજ્જ અને સક્ષમ બનાવ્યું છે.

તેમણે એમ પણ કહ્યું કે, આપણા પોલીસ જવાનો ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિકશન માટે સમયાનુસાર બદલાવ લાવીને સ્ટ્રીટ સ્પેસથી લઈને સાયબર સ્પેસ સુધી ગુનાખોરી ડામવા માટે કેપેબલ થયા છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આજના દિવસને ગુજરાતની સલામતી અને સુરક્ષાની દિશામાં એક ઐતિહાસિક દિવસ ગણાવીને કહ્યું હતું કે, આજથી હવે રાજ્યના નાગરિકોએ પોલીસ માટે ૧૦૦, એમ્બ્યુલન્સ માટે તેમની ઈમર્જન્સી મુજબ ત્વરિત મદદ માટેની જરૂરી ટીમ મોકલવાનું કાર્ય ૧૧૨ હેલ્પલાઈનથી થશે. તમામ ઈમરજન્સી સેવાઓના સંકલિત નંબર તરીકે ૧૧૨ના લોન્ચિંગથી ગુજરાતમાં ઈમરજન્સી સેવાઓ વધુ સુદ્રઢ અને અસરકારક બનશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર મિરાબેન પટેલ, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાય, ધારાસભ્ય રીટાબેન પટેલ, અલ્પેશ ઠાકોર, જે.એસ.પટેલ, લક્ષ્મણજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, ગૃહ વિભાગના અગ્ર સચિવ નિપુણા તોરવણે, ઈ.એમ.આર.આઈ. ડાયરેકટર કે. ક્રિષ્ણમ રાજુ સહિત રાજ્યભરમાંથી પોલીસ વિભાગના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, મહાનગરપાલિકાના કોર્પોરેટઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

અમદાવાદમાં અસામાજિક તત્વોનો આતંક : વીડિયો વાયરલ

## સોનલ ચાર રસ્તા પાસે બે જૂથો વચ્ચે મારામારી : પથ્થર અને છરી વડે હુમલો કરાયો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યો છે. ત્યારે વધુ એક ચિંતાજનક ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. અમદાવાદના સોનલ ચાર રસ્તા પાસે બે જૂથો વચ્ચે જાહેરમાં મારામારી થઈ હતી. જેમાં પથ્થર અને છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થતા લોકોમાં ભયનો માહોલ છે. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કેટલાક યુવકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને બાદમાં તે મારામારીમાં પરિણમી હતી. આ દરમિયાન એકબીજા પર પથ્થર ફેંકવામાં આવ્યા હતા અને છરી વડે પણ હુમલો કરવામાં આવ્યો હતો.



આ ઘટના બની ત્યારે આસપાસના રસ્તા પરથી વાહનો પસાર થઈ રહ્યા હતા. પરંતુ કોઈની પણ દરમિયાનગીરી વિના આ મારામારી ચાલુ રહી હતી. આ વીડિયો વાયરલ થયા બાદ વેજલપુર પોલીસે તાત્કાલિક આ અંગે તપાસ હાથ ધરી છે.હાલ આ મારામારીનું કારણ શું હતું તે સ્પષ્ટ થયું નથી પરંતુ પોલીસનું માનવું છે કે અંગત અદાવત કે જૂના ઝઘડાને કારણે આ ઘટના બની હોઈ શકે છે. આ પ્રકારની ઘટનાઓ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર ગંભીર સવાલો ઊભા કરે છે. જાહેરમાં છડેચોક મારામારી અને હથિયારોનો ઉપયોગ થવાથી સામાન્ય નાગરિકોની સુરક્ષા જોખમમાં મુકાઈ છે. પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડીને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઊઠી છે.

---

## આજે રાજ્યની ૫૦ હજાર સ્કૂલોમાં સંકલ્પ કાર્યક્રમ યોજાશે

### ૭૦ લાખ કરતાં વધુ વિદ્યાર્થી અને ૨ લાખથી વધુ શિક્ષકો સંકલ્પ લેશે

### શૈક્ષિક મહાસંઘના આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

રાજ્યની તમામ સ્કૂલોમાં સોમવારના રોજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન અભિયાન અંતર્ગત સંકલ્પ કાર્યક્રમ યોજાશે. જેમાં સમગ્ર રાજ્યની ૫૦ હજાર કરતા વધુ સ્કૂલોના ૭૦ લાખ કરતા વધુ વિદ્યાર્થી અને ૨ લાખ કરતા વધુ શિક્ષકો સંકલ્પ લેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ૧ સપ્ટેમ્બરના રોજ ‘આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન’ અભિયાન યોજાશે. જેમાં કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સંકલ્પ લેશે. આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાં પાંચ લાખથી વધુ શાળાઓમાં આ અભિયાનમાં સંકલ્પ લેવામાં આવશે. સમગ્ર ગુજરાતની ૫૦ હજારથી વધુ શાળાઓ, ૨ લાખથી વધુ શિક્ષકો તથા ૭૦ લાખ વિદ્યાર્થીઓ ૧ સપ્ટેમ્બરના રોજ ‘આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન’ અભિયાન અન્વયે સંકલ્પબદ્ધ બનશે.

શાળાને સંસ્કારોનું તીર્થસ્થાન બનાવવા, ભાવિ નાગરિકોનું ઘડતર કરવા, મિત્રાતા, શિસ્ત, સહયોગ, મહેનત અને સમરસતાની મૂલ્યોની કેળવણી આપવા શિક્ષક, સમાજ તથા વિદ્યાર્થીનું જોડાણ થાય તે આ સંકલ્પનો મુખ્ય ઉદ્દેશ છે. જેમાં મુખ્યત્વે પાંચ પ્રકારના સંકલ્પ લેવામાં આવશે. આ પાંચ સંકલ્પમાં સ્વચ્છ, શિસ્તબદ્ધ અને પ્રેરણાદાયક શાળા, શાળાની મિલકત આપણી રાષ્ટ્રીય સંપત્તિ, શિક્ષણ, ચારિત્ર્ય નિર્માણ તથા સમાજ સેવા, સમરસતા અને ભાઈચારો તથા શાળાને તીર્થસ્થાન માનવું જેવા સંકલ્પ લેવામાં આવશે.

સમગ્ર ગુજરાતના ૫૦ હજારથી વધુ શાળાઓમાં સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ૩૩ જિલ્લાઓ, ૮ મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓની સરકારી, ગ્રાન્ટેડ, સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ, આશ્રમશાળાઓ અને મોડલ સ્કૂલ્સમાં એકસાથે કાર્યક્રમો યોજાશે. રાજ્યકક્ષાના મુખ્ય કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ડૉ. કુબેર ડીંડોર ગોધરા ખાતે, જગદીશ પંચાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ, પક્ષના બધા અધિકારીઓ ઉપસ્થિત રહી પ્રેરણા આપશે. ગુજરાતની ૩૩ હજાર સરકારી પ્રાથમિક શાળાઓ, ૬ હજાર ગ્રાન્ટેડ તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૧૧ હજાર સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ, ૮૦૦ આશ્રમશાળાઓ તથા આદિજાતિ શાળાઓના ૨.૩૨ લાખ શિક્ષકો તથા ૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને સંકલ્પિત કરવા સંગઠને આહ્વાન કર્યું છે.

---

તાપીના ભીમપોર ગામનો ચોંકાવનારો કિસ્સો

## ઝૂંપડામાં રહેતા આદિવાસી લોકોના બેન્ક ખાતામાં ૬ કરોડનો વ્યવહાર !

(સંવાદદાતા દ્વારા)
તા.૩૧

વાલોડ તાલુકાના ભીમપોર ગામે ગરીબ આદિવાસી પરિવારોના ખાતામાં કરોડોનો બેનામી વ્યવહાર થયો હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગામમાં જ રહેતા એક દંપતી દ્વારા ગરીબોને વાર્ષિક ૨૫૦૦ રૂપિયાની સહાય આપવાની લાલચ આપી બેન્કમાં ખાતા ખોલાવી ૯૦થી વધુ આદિવાસીઓના બેન્ક ખાતામાં આર્થિક ગોટાળો આચરાયો છે, ત્યારે સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. જિલ્લામાં વાલોડ ઉપરાંત જિલ્લાના વ્યારા સહિતના ગામડાઓમાં પણ કૌભાંડ આચરાયું હોવાની આશંકા વર્તાઈ રહી છે.

મળતી માહિતી મુજબ, આ ગોટાળામાં ભીમપોર ગામના જ વતની નરેશ ભીમજી ચૌહાણે પોતાની પત્ની અમિતા ચૌહાણ સાથે મળી ગામની ખાસ કરીને વિધવા બહેનોને વિશ્વાસમાં લઈ ‘દાન આપવામાં આવશે’ તેવી આશા જગાવી બેન્ક ખાતું ખોલાવડાવ્યું હતું અને દર વર્ષે ૨૫૦૦ રૂપિયા આપી ગરીબ પરિવારોના બેન્ક ખાતામાં જાણ બહાર બેનામી રીતે કરોડો રૂપિયાના વ્યવહાર કરાવીને છેતરપિંડી આચરી હતી. જે બાબતે વાલોડ પોલીસ મથકમાં ફરિયાદ મળતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ભીમપોર ગામમાં એક-એક ખાતામાં ૬-૬ કરોડના ત્રાહિત વ્યક્તિ દ્વારા વ્યવહાર કરવામાં આવ્યાં છે. જેથી ગરીબ આદિવાસી પરિવારોને સરકારી યોજનાકીય લાભોથી વંચિત થવાનો વારો આવ્યો છે. ત્યારે પોતાનાં બેન્ક ખાતામાં આટલી મોટી રકમનાં વ્યવહાર થયો હોવાની જાણ થતાં આ લોકો આંચકો અનુભવી રહ્યા છે.

આ કરોડોના વ્યવહાર માટે નરેશ ચૌહાણે અને અમિતા ચૌહાણે (દંપતી) જેમને ટાર્ગેટ બનાવ્યા હતા તેમાના એક વિધવા મહિલા કંકુબેને જણાવ્યું કે, આ પતિ-પત્નીએ મને લાલચ આપી હતી કે, ‘ગરીબ પરિવારોને સહાય મળશે, જો તમારે પણ સહાય જોઈતી હોય તો તેના માટે એક અલગ બેન્ક એકાઉન્ટ ખોલાવવું પડશે.’ આવું કહીને તેઓએ આધાર કાર્ડ પણ માંગ્યું હતું અને મને સુરત ખાતે આખી પ્રોસેસ કરાવવા માટે લઈ ગયા હતા. જે બાદ મારા નામે બેન્ક એકાઉન્ટ ખૂલ્યું, જોકે બાદમાં તપાસ કરતા જાણવા મળ્યું કે, આ બેન્ક ખાતામાં ૬ કરોડ રૂપિયાનો વહીવટ થયેલો છે.’

---

## RTI હેઠળ માહિતી ન આપતા બાવળા ચીફ ઓફિસરને રૂા.૧૫,૦૦૦નો દંડ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

માહિતી અધિકાર અધિનિયમ (RTI)-2005 હેઠળ સમયસર માહિતી ન આપવા અને રાજ્ય માહિતી આયોગના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ બાવળા નગરપાલિકાના ચીફ ઓફિસરને દંડ ફટકારવામાં આવ્યો છે. નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશ પટેલને રાજ્ય માહિતી કમિશનર દ્વારા ૧૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત અરજદાર દ્વારા માગવામાં આવેલી માહિતી વિનામૂલ્યે ૧૦ દિવસમાં પૂરી પાડવાનો પણ આદેશ આપ્યો છે.

બાવળાની વલ્લભનગર સોસાયટીમાં રહેતા વિશાલ મહેતાએ ૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બાવળા નગરપાલિકાના તત્કાલીન ચીફ ઓફિસર સિદ્ધાર્થ પટેલ પાસે માહિતી અધિકાર કાયદા હેઠળ કેટલીક માહિતી માંગી હતી. જેમાં વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪ સુધીના તમામ ઠરાવોની પ્રમાણિત નકલ, ૩૦મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ કલેક્ટર દ્વારા યોજાયેલી સંકલન મીટિંગમાં વરસાદી પાણીના નિકાલ અંગેની માહિતી અને આ વર્ષે વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકા અને કોન્ટ્રાક્ટર દ્વારા થયેલા ખર્ચની વિગતોનો સમાવેશ થતો હતો.

જો કે, ચીફ ઓફિસર દ્વારા નિયત સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં ન આવતા, વિશાલ મહેતાએ ૩૦મી ડિસેમ્બરે પહેલી અપીલ કરી હતી. પહેલી અપીલ અધિકારીએ જાહેર માહિતી અધિકારીને ૧૫ દિવસમાં વિનામૂલ્યે માહિતી પૂરી પાડવાનો હુકમ કર્યો હતો, પરંતુ આ હુકમનું પણ પાલન થયું ન હતું. અંતે અરજદારે છઠ્ઠી ફેબ્રુઆરીએ ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર સમક્ષ બીજી અપીલ દાખલ કરી. ૩૧મી જુલાઈના રોજ યોજાયેલી સુનાવણીમાં અરજદાર વિશાલ મહેતા હાજર રહ્યા હતા, પરંતુ ચીફ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ગેરહાજર રહ્યા હતા. આયોગ દ્વારા ખુલાસો પૂછવા છતાં કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો. આથી આયોગે માહિતી ન આપવાની બેદરકારી બદલ ચીફ ઓફિસર આકાશ પટેલને જવાબદાર ઠેરવીને કલમ-૨૦(૧) હેઠળ ૧૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

આ દંડની રકમ ચીફ ઓફિસરે એક મહિનામાં પોતાના ભંડોળમાંથી ભરપાઈ કરવાની રહેશે અથવા તો તેમના પગારમાંથી કાપવામાં આવશે. આ ઉપરાંત અરજદાર દ્વારા માગવામાં આવેલી તમામ માહિતી ૧૦ દિવસમાં વિનામૂલ્યે પૂરી પાડવાનો પણ આદેશ થયો છે.

---

## અમદાવાદની પ્રાદેશિક માહિતી કચેરી ખાતેથી વહીવટી અધિક્ષક અને ઈન્ચાર્જ સહાયક માહિતી નિયામક નિલેશ ચોક્સી માનભેર વયનિવૃત્તિ થયાં



(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વયનિવૃત્ત થઈ રહેલા પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના વહીવટી અધિક્ષક અને ઈન્ચાર્જ સહાયક માહિતી નિયામક નિલેશ ચોક્સીને માનભેર વિદાય આપવામાં આવી હતી. સંયુક્ત માહિતી નિયામક જયેશ દવે અને નાયબ માહિતી નિયામક હિમાંશુ ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં નિલેશભાઈ ચોક્સીનો વય નિવૃત્તિ સમારોહ પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતે યોજાયો હતો. નિલેશભાઈ ચોક્સીના પરિવારજનો પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના અધિકારીઓ અને કર્મચારીઓએ વય નિવૃત્તિ લઈ રહેલા નિલેશભાઈ ચોક્સીને નિવૃત્ત જીવન સુખમય અને નિરોગી નીવડે તેવી શુભેચ્છા સાથે ભાવભીની વિદાય આપી હતી. વિદાય સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોએ સંપૂર્ણ સ્ટાફ પરિવાર વતી નિવૃત્તિ વેળાએ શાલ ઓઢાડી નિલેશભાઈ ચોક્સીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ નિલેશભાઈ ચોકસી સાથેના પોતાના કાર્યકાળ દરમિયાનના યાદગાર ક્ષણો-અનુભવો વ્યકત કર્યા. પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ ખાતે અધિક્ષક તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવતા નિલેશ ચોક્સીને તાજેતરમાં સહાયક માહિતી નિયામક-વહીવટનો પણ ચાર્જ સોંપવામાં આવ્યો હતો. પોતાની સુદીર્ઘ કારકિર્દીના અનુભવો વર્ણવતા નિલેશભાઈ ચોકસી ભાવવિભોર થયા હતા.

---

## ખેડા જિલ્લામાંથી પસાર થતી ચાર નદીઓ બની ગાંડીતૂર

### રસ્તાઓ થયા બંધ, ગામોમાં એલર્ટ જાહેર

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસેલા વરસાદને કારણે નદીઓમાં પૂર જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. જિલ્લામાંથી પસાર થતી શેઢી, વાત્રક, મહીસાગર અને સાબરમતી નદીઓ બે કાંઠે વહેતી થઈ છે, જેના કારણે કિનારે વસતા ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતા પ્રસરી છે. ઉપરવાસમાં સતત પડેલા વરસાદના કારણે વાત્રક ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે, જેથી વાત્રક નદીનો પ્રવાહ ખૂબ જ તેજ બન્યો છે. પાલ્લા ખાતે આવેલ સપ્તનદી સંગમમાં સાબરમતી અને વાત્રક નદીઓના પાણી મળી જતાં નદીના જળસ્તરમાં એકાએક વધારો જોવા મળ્યો છે. બીજી તરફ મહીસાગર નદીમાં કડાણા ડેમમાંથી ૬૦ હજાર ક્યુસેક અને પાનમ ડેમમાંથી એક લાખ ક્યુસેક જેટલું પાણી છોડાતા નદી ઉફાન પર આવી ગઈ છે. નદીઓમાં ઉભી થયેલી આ પરિસ્થિતિને કારણે જાણે નદીઓ નહીં પરંતુ દરિયો વહી રહ્યો હોય તેમ દૃશ્ય સર્જાયું છે. પૂર જેવી પરિસ્થિતિ હોવા છતાં, કેટલાક લોકો જીવના જોખમે માછીમારી કરતા જોવા મળ્યા છે, જેના કારણે ચિંતા વધી રહી છે. નદીઓમાં પાણીની સપાટી વધતા જિલ્લાના તંત્રે તાત્કાલિક પગલાં લીધા છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને નદીઓ પર આવેલા ત્રણ જેટલા બ્રિજ અને કોઝવે બંધ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ઓવરટોપિંગને કારણે જિલ્લામાં ૧૦ જેટલા રસ્તાઓ પર વાહન વ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. ખાસ કરીને શેઢી નદીમાં પૂર આવતાં ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના ઘણા ગામો અસરગ્રસ્ત બન્યા છે. ઠાસરા તાલુકામાં ઠાસરા-ગોરજ, ઠાસરા-એકલવેલું અને વિંઝોલ-સેવાપુરા જેવા મુખ્ય રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે, જ્યારે ગળતેશ્વર તાલુકામાં ધોરાની મુવાડી-વાઘરોલી, વાળદ-ડભાલી, વાળદ-ચપટીયા, અંગાડી-નેતરિયા અને વાણદ-મીઠાના મુવાડા જેવા પાંચ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત નદીકાંઠાના ગામોના નાગરિકોને સાવચેત રહેવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે. ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના ૨૧ જેટલા ગામોને એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. તલાટી અને સરપંચોને પોતાના ગામમાં જ રહેવા તથા નાગરિકોને નદી કિનારે ન જવા સૂચના આપવામાં આવી છે. પાણીનો પ્રવાહ સતત વધતો હોવાથી આગામી કલાકોમાં પરિસ્થિતિ વધુ વિકટ બનવાની શક્યતા છે. જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ અને સ્થાનિક પ્રશાસન સતત ચાંપતી નજર રાખી રહ્યા છે. નાગરિકોને અનાવશ્યક બહાર ન નીકળવા, તેમજ પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપવા અપીલ કરવામાં આવી છે.

---

## ક્રાઈમ ડાયરી

### કાપડનો ઉધાર માલ ખરીદી વેપારી સાથે રૂા.૭૫.૭૩ લાખની છેતરપિંડી

વિનીતકુમાર પવનકુમાર અગ્રવાલ (ઉ.વ.૪૬, રહે. રાધેશ્યામ કુંજ, કર્ણાવતી કલબની બાજુમાં મોહમદપુરા ગામ) એ તા.૩૦/૮/૨૦૨૫ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૨થી તા.૧૨/૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) એચ.એસ. એન્ટરપ્રાઈઝના માલિક હિમાંશુ દુઆ (રહે. ચવાની મહોલ્લા, લુધિયાણા પંજાબ તથા માનસિંગની કોઠી અરિવાલી ડેનિમ મનાસિંગનગર લુધિયાણા પંજાબ) (૨) ડી.જી. ગાર્મેન્ટસના માલિક સાહિલ ગર્ગ (રહે. મનાસીંગનગર ચવાની મહોલ્લા, લુધિયાણા પંજાબ) અને (૩) દલાલ-શ્યામ એજન્સીના માલિક સંદીપ ગુપ્તા (રહે. સેકન્ડ ફલોર આલ્ફા ટાવર બ્રાઉન રોડ લુધિયાણા પંજાબ) એ ભેગા મળી વિનીતકુમાર પાસેથી કુલ કિંમત રૂપિયા ૧,૪૨,૨૫,૩૨૧/-નો જથ્થાબંધ શુટીંગ કાપડનો માલ ઉધારીમાં ખરીદ કરી, તે માલનું પેમેન્ટ ૬૦ દિવસમાં ચુકવવાનો ભરોસો આપી, ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૬૫,૫૧,૬૬૨/- ચુકવી આપી, બાકી લેણા રૂપિયા ૭૬,૭૩,૬૫૯/- આજદીન સુધી નહીં ચુકવી વિનીતકુમાર અગ્રવાલ સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

### વોટસઅપમાં એપીકે ફાઈલ મોકલી સાયબર ગઠિયાએ રૂા.૫.૩૫લાખ પડાવ્યા

લવભાઈ દેવેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૩૫, રહે. ગંગાસદન શ્રીરામ ટેનામેન્ટ, સરદાર પટેલ ચોક, કૃષ્ણનગર)એ તા.૩૦/૮/૨૦૨૫ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૧૭/૨/૨૦૨૫થી તા.૨૦/૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૨૪૧૧૧૯૩૦૮ના ધારકે લવભાઈ પટેલના મોબાઈલ ઉપર વોટસઅપના માધ્યમથી ઓનલાઈન ઈન્ડસઈન્ડ બેન્કનું કેવાયસી અપડેટ માટેની ૫-૬૧૩૮૫૦૭૩૫૨૬૮૬૪૭૧૨૭. એપીકે નામની એપીકે ફાઈલ મોકલી, લવભાઈ પટેલના મોબાઈલનો એકસેસ તથા આઈ.ડી. પાસવર્ડ તમેજ ઓટીપી નંબર મેળવી લઈ લવભાઈ પટેલના નવા નરોડા ઈન્ડસઈન્ડ બેન્કના ખાતામાંથી રૂપિયા ૫,૩૫,૦૦૦/- અન્ય બેન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.

# સપ્ટેમ્બરમાં પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવાના મેક્રોનના નિર્ણયથી ઈઝરાયેલ, અમેરિકા નારાજ

(એજન્સી) તા.૩૧

પેલેસ્ટીની રાજ્યને માન્યતા આપવાના ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનના નિર્ણય અન્ય પશ્ચિમી દેશો દ્વારા સમાન પગલાને અનુસરીને, ઈઝરાયેલ અને તેના અમેરિકન સાથીઓને નારાજ કર્યા કારણ કે તેઓએ ગાઝામાં વિનાશક યુદ્ધને સમાપ્ત કરવાના રાજદ્વારી પ્રયાસોના કેન્દ્રમાં બે-રાજ્ય ઉકેલને ફરીથી મૂક્યો. ગયા અઠવાડિયે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને લખેલા પત્રમાં, મેક્રોને જણાવ્યું કે, 'પેલેસ્ટીની લોકોને તેમનું પોતાનું રાજ્ય પ્રાપ્ત થાય તે જોવાનો અમારો નિર્ધાર એ અમારી માન્યતા પર આધારિત છે કે ઈઝરાયેલ રાજ્યની સુરક્ષા માટે કાયમી શાંતિ જરૂરી છે.' તેમણે જણાવ્યું કે, 'ફ્રાન્સના રાજદ્વારી પ્રયાસો ગાઝામાં ભયાનક માનવતાવાદી આપત્તિ પરના અમારા આક્રોશથી ઉદ્દભવે છે, જેનું કોઈ સમર્થન હોઈ શકે નહીં. ઈઝરાયેલે શુક્રવારે ગાઝાના સૌથી મોટા શહેરને યુદ્ધ ક્ષેત્ર જાહેર કર્યું, કારણ કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પર હમાસની આગેવાની હેઠળના હુમલા સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી મૃત્યુ પામેલા પેલેસ્ટીનીઓની સંખ્યા વધીને ૬૩,૦૦૦થી વધુ થઈ ગઈ,



પ્રદેશના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર. ફ્રાન્સ, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને માલ્ટાએ જણાવ્યું છે કે, તેઓ ૨૩ સપ્ટેમ્બરથી શરૂ થનારી યુએન જનરલ એસેમ્બલીમાં વિશ્વ નેતાઓની વાર્ષિક મેળાવડા દરમિયાન તેમની પ્રતિજ્ઞાને ઔપચારિક કરશે. ન્યુઝીલેન્ડ, ફિનલેન્ડ અને પોર્ટુગલ સહિત કેટલાક અન્ય દેશો પણ સમાન પગલા પર વિચાર કરી રહ્યા છે. નેતન્યાહુએ પેલેસ્ટીની રાજ્યનો દરજ્જો નકારી કાઢ્યો છે અને ગાઝામાં લશ્કરી આક્રમણને વિસ્તૃત કરવાની યોજના બનાવી છે. ઈઝરાયેલ અને અમેરિકાનું કહેવું છે કે, પેલેસ્ટીન રાજ્યની માન્યતા ઉગ્રવાદીઓને ઉત્તેજન આપે છે મેક્રોનનો પત્ર એ પછી આવ્યો છે જ્યારે નેતન્યાહુએ તેમના પર પેલેસ્ટીની રાજ્ય માટેના તેમના આહ્વાન સાથે 'યહૂદી વિરોધી જ્વાળાઓ ફેલાવવાનો' આરોપ મૂક્યો, જેને મેક્રોને 'ધિક્કારપાત્ર' તરીકે વખોડ્યો હતો. ગયા અઠવાડિયે, ફ્રાન્સમાં અમેરિકન એમ્બેસેડર ચાર્લ્સ કુશનરે પણ એક પત્ર લખ્યો હતો જેમાં દલીલ કરવામાં આવી હતી કે, 'પેલેસ્ટીની રાજ્યની માન્યતાના સંકેતો ઉગ્રવાદીઓને ઉત્તેજન આપે છે, હિંસા ઉશ્કેરે છે અને ફ્રાન્સમાં યહૂદી જીવનને જોખમમાં મૂકે છે.' કુશનરને ફ્રાન્સના વિદેશ મંત્રાલય દ્વારા બોલાવવામાં આવ્યા હતા અને તેમની ગેરહાજરીમાં તેમના નાયબ રાજદૂત દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. પેરિસ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ટરનેશનલ એન્ડ સ્ટ્રેટેજિક રિલેશન્સના ડિરેક્ટર અને જિયોપોલિટિક્સ નિષ્ણાત પાસ્કલ બોનિફેસે જણાવ્યું કે, આવી ગુસ્સાવાળી પ્રતિક્રિયાઓ 'બતાવે છે કે પ્રતીકો મહત્વ ધરાવે છે.' 'રાજદ્વારી માર્ગ વચ્ચે સમય સામે એક પ્રકારની રેસ ચાલી રહી છે, જેમાં દ્વિ-રાજ્ય ઉકેલ ચર્ચાના કેન્દ્રમાં છે અને જમીન પરની પરિસ્થિતિ (ગાઝામાં) જે દરરોજ આ બે-રાજ્ય ઉકેલને થોડો વધુ જટિલ અથવા તો અશક્ય બનાવે છે.'

# ન્યૂયોર્કમાં યોજાનારી યુનોની સામાન્ય સભામાં હાજરી આપવાથી પેલેસ્ટીનના પ્રમુખને અટકાવી રહ્યું છે ટ્રમ્પ વહીવટી તંત્ર

## ૧૯૪૭ના યુનો વડા મથક કરાર મુજબ અમેરિકા માટે ન્યૂયોર્કમાં વિદેશી રાજદ્વારીઓને પ્રવેશ અને યુનોની સભામાં હાજરી આપવા મંજૂરી આપવાનું જરૂરી બને છે

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૩૧

અમેરિકાના ન્યૂયોર્કમાં આવતા મહિને યુનોની સામાન્ય સભા મળી રહી છે જેમાં તમામ વિદેશી નેતાઓ હાજરી આપવાના છે પરંતુ ટ્રમ્પ વહીવટી તંત્ર પેલેસ્ટીનના પ્રમુખ મહેમુદ અબ્બાસને હાજરી આપવાથી અટકાવી રહ્યું છે તેમ જાણવા મળ્યું છે. પ્રમુખ અબ્બાસ અને એમની પેલેસ્ટીન ઓથોરિટીના ૮૦ જેટલા અધિકારીઓના વિઝા અમેરિકાએ રદ કરી દીધા છે. તે બધાના વિઝા કાં તો પાછા ખેંચી લીધા છે અથવા તો યુનોની સભા પહેલા રીન્યુ કરી દેવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. યુનોની સામાન્ય સભામાં ફ્રાન્સ, કેનેડા તથા યુકે જેવા દેશો અલગ પેલેસ્ટીન રાષ્ટ્રને વિધિસર માન્યતા આપે તેવી શક્યતા છે. અમેરિકાના વિદેશ વિભાગે વિઝાનો ઈન્કાર કરીને એવો આક્ષેપ કર્યો છે કે ઈઝરાયેલ દ્વારા આક્રમણને વધુ ઉગ્ર બનાવવામાં આવી રહ્યું છે એવા સમયે પેલેસ્ટીન પ્રમુખ અને તેના અધિકારીઓએ ગાઝામાં શાંતિ માટેની શક્યતાઓને ખતમ કરી નાખી છે. વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પીગોતે એવું જણાવ્યું હતું કે પીએ અને એમના મુખ્ય સંગઠન પીએલઓએ એમને શાંતિ માટેના ભાગીદાર તરીકે ગંભીરતાથી જોઈ શકાય એ પહેલાં આતંકવાદનું ખંડન કરવું જ જોઈએ તો જ એમને શાંતિ માટેના સહયોગી ગણવામાં આવશે અને એ લોકોએ અલગ દેશની માન્યતા મેળવવા માટેના એક તરફી પ્રયાસોને છોડી દેવા જોઈએ કેમ કે ટ્રમ્પ વહીવટી તંત્ર આતંકવાદને કોઈ માન્યતા આપતું નથી. યુનોના યજમાન દેશ તરીકે



અમેરિકા માટે ૧૯૪૭ના વડા મથક કરાર મુજબ વિદેશી રાજદ્વારીઓને યુનોની ન્યુયોર્ક ખાતેની સભામાં હાજરી આપવા માટે મંજૂરી આપવાનું જરૂરી રહે છે. પરંતુ ભૂતકાળમાં અમેરિકાના વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અને નીતિવિષયક કારણોને આગળ ધરીને ઘણી વખત ચોક્કસ રાજદ્વારીઓ માટે મંજૂરી આપવામાં આવી નથી. ૧૯૮૮માં પીએલઓના નેતા યાસર આરાફતને પણ વિઝા આપવાનું ઈન્કાર કરી દેવાયો હતો. એટલે યાસર યુનોની સામાન્ય સભાને સંબોધન કરી શકે એ માટે એ વર્ષે યુનોની સામાન્ય સભા ન્યૂયોર્કને બદલે જીનીવામાં યોજવામાં આવી હતી. આ રીતે ભૂતકાળમાં અમેરિકી તંત્ર દ્વારા અપવાદો પણ કરવામાં આવ્યા છે. અબ્બાસની આગેવાની હેઠળ પીએલઓ ઈઝરાયેલના કબજાવાળા વેસ્ટ બેંકના કેટલાક વિસ્તારોમાં વહીવટ કરે છે પણ ૨૦૦૭થી ગાઝા ઉપર એમનો કોઈ વહીવટી અંકુશ રહ્યો નથી કેમકે હમાસ દ્વારા અબ્બાસના સુરક્ષા દળોને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. અબ્બાસે જૂનમાં ફ્રાન્સના પ્રમુખને પત્ર લખ્યો હતો અને હમાસના આક્રમણને વખોડી કાઢ્યું હતું અને લડાકુ સંગઠનને બંધક બનાવેલા ઈઝરાયેલી નાગરિકોને છોડી મૂકવાની પણ માગણી કરી હતી. બીજી તરફ અમેરિકી વિદેશ મંત્રાલય રાખે છે કે પીએ અને પીએલઓએ આતંકવાદને સંપૂર્ણપણે સતત વખોડી કાઢવો જોઈએ. અમેરિકાનું એવું પણ આક્ષેપ છે કે બંધકોને મુક્ત કરવાના હમાસના સતત ઈન્કાર પાછળ પણ પીએ અને પીએલઓ છે અને એમના કારણે જ ગાઝામાં યુદ્ધ વિરામની વાટાઘાટો પણ પડી ભાંગી છે. અમેરિકા સુરક્ષા તથા આતંકવાદ અને વિદેશનીતિના કારણોસર કોઈને પણ વિઝા આપવાનો ઈન્કાર કરી શકે છે. અબ્બાસ અને એમના અધિકારીઓને વિઝા નહીં આપવાના અમેરિકાના નિર્ણયને ઈઝરાયેલના વિદેશ મંત્રી ગીડિયલ સાર દ્વારા આવકારવામાં આવ્યો છે. યુનો ખાતેના પેલેસ્ટીનના રાજદૂત રિયરધ મનસુરે પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે મારી જાણકારી છે ત્યાં સુધી પ્રમુખ મહેમુદ અબ્બાસ અને એમના નેતૃત્વમાં અમારૂં ડેલિગેશન પેલેસ્ટીન દેશ તથા તેની પ્રજાના પ્રતિનિધિ તરીકે યુનોની પરિષદમાં આવી રહ્યું છે. વિઝા પાછા ખેંચી લેવાયા એ અંગે પ્રશ્ન થતા તેમણે કહ્યું હતું કે તેનો શું અર્થ થાય છે અને એ અમારા ડેલીગેશનને લાગુ થાય છે કે કેમ એ અમે નક્કી કરી રહ્યા છીએ અને એ રીતે પ્રતિસાદ આપીશું. દરમિયાન સંખ્યાબંધ યુરોપિય દેશના વિદેશ પ્રધાનોએ વિઝા પાછા ખેંચી લેવાના નિર્ણયની ટીકા કરી છે. ફ્રાન્સના વિદેશ પ્રધાને કહ્યું હતું કે યુનોની સામાન્ય સભા અંગે પ્રવેશ અંગેના કોઈપણ નિયંત્રણો લાદી શકાતા નથી.

# પેલેસ્ટીન માટે સંયુક્ત રાષ્ટ્રના હિમાયતી જર્મનીને ફાસીવાદ અને નાઝી વારસાની યાદ અપાવી




(એજન્સી) તા.૩૧

આ અઠવાડિયાની શરૂઆતમાં એક વાયરલ વીડિયો જર્મનીના બર્લિનમાં પેલેસ્ટીની તરફી વિરોધ કરનારાઓ સામેની ઘણી પોલીસ ક્રિયાઓમાંથી એક બતાવે છે, જેમાં એક મહિલાને પોલીસ અધિકારીઓ દ્વારા ત્રણ વખત થપ્પડ મારવામાં આવ્યા હતા જ્યાં સુધી તેણીને તેના તૂટેલા નાકમાંથી લોહી વહેતું ન હતું. આનાથી પેલેસ્ટીન પરના યુએનના વિશેષ દૂત ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ દ્વારા જર્મનીને નાઝી રાજ્ય તરીકેના તેના ઈતિહાસની ચેતવણી અને રીમાઈન્ડર આપવામાં આવ્યું. X પરની એક પોસ્ટમાં, અલ્બેનીઝ-જે પોતે ઈટાલિયન છે અને એક રાષ્ટ્રમાંથી જે તેણે સ્પેનની સાથે ફાસીવાદનો વારસો હોવાનું જણાવ્યું 'એક ઈટાલિયન તરીકે, એક યુરોપિયન તરીકે, હું મારા જર્મન મિત્રોને યાદ અપાવવા માંગુ છું : તમે નાઝીવાદને જન્મ આપ્યો છે. તેણે યુરોપને બરબાદ કરી દીધું છે.' પુલિત્ઝર પુરસ્કાર વિજેતા પેલેસ્ટીની લેખક મોસાબ અબુ તોહા (જેમણે એડવર્ડ સેઈડ લાઈબ્રેરીની પણ સ્થાપના કરી હતી) દ્વારા વિડિયોગ્રાફી કરાયેલી ઘટનાને ફરીથી શેર કરતાં અલ્બેનીઝે જર્મન નાગરિકોને વિનંતી કરી 'તમારા દેશમાં જે થાય છે તેના માટે તમે જવાબદાર છો. તમારી પોલીસ પર નજર રાખો. વસ્તુઓ નિયંત્રણની બહાર થઈ રહી છે.'

# ઈન્ડોનેશિયાના સૌથી મોટા મુસ્લિમ સંગઠન, નહદલાતુલ ઉલમા અને ઈઝરાયેલ સાથેના તેના ચિંતાજનક સંબંધોનો પર્દાફાશ

(એજન્સી) તા.૩૧

તાજેતરમાં ઈન્ડોનેશિયામાં દેશની સૌથી મોટી મુસ્લિમ સંસ્થા નહદલાતુલ ઉલમા (NU), પોતાને એક નૈતિક અને રાજકીય વિવાદના કેન્દ્રમાં જોવા મળી હતી જેને ઊંડી તપાસની જરૂર છે. ઑગસ્ટ ૨૦૨૫માં, પીટર બર્કોવિટ્ઝ, હૂવર ઈન્સ્ટિટ્યુશન સાથે જોડાયેલા ઈઝરાયેલ તરફી શૈક્ષણિક, જકાર્તામાં NUની નેશનલ લીડરશિપ એકેડમીમાં લેક્ચર આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. બર્કોવિટ્ઝ એક તટસ્થ વિદ્વાન નથી. તેમણે ગાઝામાં ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહીનો ખુલ્લેઆમ બચાવ કર્યો છે, જેમાં આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘન તરીકે વૈશ્વિક સ્તરે ટીકા કરવામાં આવી છે. NUના પ્રમુખ, યાહ્યા ચોલીલ સ્ટૉફ - જે ગુસ યાહ્યા તરીકે વધુ જાણીતા છે - યોગ્ય તપાસ ન કરવા બદલ કબૂલ કરીને જાહેરમાં માફી માંગી. તેમ છતાં, આ માફી ઊંડી સમસ્યાને




છુપાવી શકતી નથીઃ ઈઝરાયેલી કલાકારો સાથે વારંવારની મુલાકાતો ગંભીર નૈતિક અને રાજકીય પ્રશ્નો ઊભા કરે છે. ૧૯૨૬માં સ્થપાયેલ, NUએ લાંબા સમયથી બહુલવાદ અને આંતર-ધાર્મિક સંવાદને પ્રોત્સાહન આપ્યું છે. ભૂતપૂર્વ પ્રમુખ અબ્દુર્રહમાન વાહિદ (ગુસ દુર) સહિત તેના નેતાઓએ તમામ ધર્મો વચ્ચે સહિષ્ણુતા પર ભાર મૂક્યો અને મુસ્લિમો, ખ્રિસ્તીઓ, હિંદુઓ, બૌદ્ધો અને યહૂદીઓ વચ્ચે સહઅસ્તિત્વની હિમાયત કરી હતી. ગુસ દુરે ઘણી વખત ઈઝરાયેલની મુલાકાત લીધી અને વૉશિંગ્ટન, ડી.સી.માં અમેરિકન યહૂદી સમિતિ દ્વારા આયોજિત મંચોમાં ભાગ લીધો હતો. તેમણે તેમની મુલાકાતોને પેલેસ્ટીનીઓ સાથે ઈઝરાયેલની સારવારને સમર્થન આપવાને બદલે બૌદ્ધિક અને રાજદ્વારી પહેલ તરીકે રજૂ કરી હતી. જો કે, ઈઝરાયેલી કાર્યકરો સાથે એનયુની ક્રિયાપ્રતિક્રિયાઓ વધુને વધુ તંગ બની છે. ૨૦૧૮માં, ગુસ યાહ્યાએ જેરૂસલેમમાં ઈઝરાયેલી કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ દ્વારા આયોજિત ફોરમમાં ભાષણ આપવા ઈઝરાયેલની મુલાકાત લીધી. જો કે તેનો હેતુ વ્યક્તિગત શૈક્ષણિક મુલાકાત તરીકે હતો, NU સેક્રેટરી જનરલ અને ઈન્ડોનેશિયાની પ્રેસિડેન્શિયલ એડવાઈઝરી કાઉન્સિલના સભ્ય તરીકેની તેમની સત્તાવાર સ્થિતિએ આ પ્રવાસને સ્વાભાવિક રીતે રાજકીય બનાવ્યો હતો.

# ગાઝા શહેરમાં 'અરાજકતા', ઈઝરાયેલના હુમલાઓ તીવ્ર, ૪૭ લોકોનાં મોત





(એજન્સી) તા.૩૧

ઈઝરાયેલી સેનાએ ગાઝામાં ૭૭ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે, જેમાં ઉત્તર ગાઝા સિટીના ૪૭નો સમાવેશ થાય છે, કારણ કે સેનાએ શહેરને કબજે કરવા અને ત્યાં રહેતા લગભગ ૧૦ લાખ લોકોને વિસ્થાપિત કરવા માટે તેની ઝુંબેશને વધુ તીવ્ર બનાવી છે. શનિવારે થયેલી હત્યાઓમાં ૧૧ પેલેસ્ટીનીઓનો પણ સમાવેશ થાય છે જેમને ખાદ્ય સહાય માટે લાઈનમાં ઊભા રહીને ગોળી મારી દેવામાં આવી હતી. આ ઘટના ત્યારે આવી જ્યારે ગાઝામાં આરોગ્ય મંત્રાલયે જાહેરાત કરી કે પાછલા ૨૪ કલાકમાં કુપોષણથી વધુ ૧૦ લોકોના મોત થયા છે. પીડિતોમાં ત્રણ બાળકો પણ સામેલ છે. ગાઝા શહેરમાં, ઈઝરાયેલી દળોએ એક પછી એક ત્રણ હુમલા કર્યા, એક એપાર્ટમેન્ટ બ્લોક તોડી નાખ્યો અને સાત લોકો મૃત્યુ પામ્યા. બાળકો સહિત અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. અલ જઝીરાના હાની મહમૂદે, ગાઝા સિટીથી અહેવાલ આપતા જણાવ્યું કે હુમલાઓથી "ગભરાટ અને અરાજકતા" થઈ હતી અને આસપાસના વિસ્તારોને નુકસાન થયું હતું. "ઘણા બાળકો ઘાયલ થયા હતા. તેઓ સંપૂર્ણપણે પોતાના લોહીથી લથપથ હોસ્પિટલ પહોંચ્યા હતા. અમે જોયું કે એક બાળકને તેની પીઠ પર ચોંટી ગયેલા અન્ય ઘાયલ લોકોના માંસ સાથે હોસ્પિટલ લઈ જવામાં આવે છે." મહમૂદે જણાવ્યું કે ઈઝરાયેલે ગાઝા સિટીને યુદ્ધ ક્ષેત્ર જાહેર કર્યા પછી આ હુમલો તાજેતરનો છે. તેમણે જણાવ્યું કે "સેનાએ ગીચ વસ્તીવાળા વિસ્તારો પર હવાઈ બોમ્બમારો વધાર્યો છે, જેના કારણે લોકોનું વધુ વિસ્થાપન થયું છે. અમે લોકોને આશ્રય શોધવા માટે સંઘર્ષ કરતા જોઈ રહ્યા છીએ.

ઈઝરાયેલી લશ્કરી બોમ્બમારાથી ભાગી રહેલા પરિવારોએ મધ્ય ગાઝામાં નુસીરાત શરણાર્થી શિબિર અને દેર અલ-બલાહ નજીક દયનીય પરિસ્થિતિ વચ્ચે કામચલાઉ તંબુઓ ગોઠવવાનું શરૂ કર્યું છે.

# બેવર્લી હિલ્સ યુએસડી સુપરિન્ટેન્ડેન્ટે શાળાઓમાં ઈઝરાયેલી ધ્વજ પ્રદર્શિત કરવાની યોજના અટકાવી

(એજન્સી) તા.૩૧

જિલ્લાના સુપરિન્ટેન્ડેન્ટે યોજનાને હોલ્ડ પર મૂક્યા પછી યહૂદી અમેરિકન હેરિટેજ મહિના દરમિયાન બેવર્લી હિલ્સની શાળાઓમાં ઈઝરાયેલનો ધ્વજ હવે લહેરાશે નહીં. શિક્ષણ બોર્ડે મંગળવારે રાત્રે યહૂદી સમુદાયને સમર્થન દર્શાવવા દર વર્ષે એક મહિના માટે ધ્વજ પ્રદર્શિત કરવા માટે મતદાન કર્યાના થોડા દિવસો બાદ જ આ નિર્ણય આવ્યો છે. શાળા જિલ્લાના સુપ્રિટેન્ડેન્ટ કહે છે કે જો ધ્વજ પ્રદર્શિત કરવામાં આવશે તો તે વિદ્યાર્થીની સલામતી માટે ચિંતિત રહેશે. તેમણે જણાવ્યું કે આગળની સૂચના સુધી કેમ્પસમાં માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ અને કેલિફોર્નિયા



રાજયના ધ્વજ લહેરાશે. મંગળવારે, જિલ્લાના શિક્ષણ બોર્ડે યહૂદી હેરિટેજ મહિનાના માનમાં દર વર્ષે મે મહિનામાં ઈઝરાયેલી ધ્વજ પ્રદર્શિત કરવા માટે ૩-૨ મત આપ્યો હતો. તેમણે જણાવ્યું કે "અમારા યહૂદી વિદ્યાર્થીઓ અને સમુદાયને ટેકો આપવો. અમે હમણાં આટલી જ વાત કરી રહ્યા છીએ. અમે ધ્વજ નથી ઉડાવી રહ્યા. અમે સમર્થનનો ધ્વજ બતાવી રહ્યા છીએ. જેમ શહેરે કર્યું છે અને આપણે કરવાનું ચાલુ રાખવું જોઈએ, જેમ કે અન્ય સમર્થનના ધ્વજ લહેરાવાય છે. બેવર્લી હિલ્સ યુનિફાઈડ સ્કૂલ ડિસ્ટ્રિક્ટના બોર્ડ મેમ્બર અમાન્ડા સ્ટર્ને જણાવ્યું કે, "હું જાણું છું કે સુરક્ષાની કિંમત, એક વધારાનું સ્તર જે એકદમ જરૂરી હતું, તે ૬૫,૦૦૦ ડોલર હતું. હું તે ખર્ચ વિશે ફરિયાદ નથી કરી રહ્યો, હું તેને લાવી રહ્યો છું કારણ કે તે દર્શાવે છે કે જો અમારા બાળકો અમારી શાળાઓમાં આવે તો તે કેટલું ઉશ્કેરણીજનક અને સંભવિત જોખમી હોઈ શકે છે."

# ઈઝરાયેલી હુમલાઓ તીવ્ર બનતાં ગાઝા શહેરના ઉત્તરપૂર્વમાંથી મોટા પાયે સ્થળાંતર શરૂ થયું

(એજન્સી) તા.૩૧

ઉત્તરપૂર્વીય ગાઝા શહેરમાંથી પેલેસ્ટીનીઓનું સામૂહિક વિસ્થાપન શુક્રવારની સાંજે શરૂ થયું, જ્યારે ઈઝરાયેલી દળોએ ઉત્તર અને દક્ષિણ તરફથી હુમલાને વેગ આપ્યો, સમગ્ર વિસ્તારોમાં બોમ્બમારો કર્યો. પેલેસ્ટીની સુરક્ષા સૂત્રએ જણાવ્યું કે, ઈઝરાયેલના વધતા આક્રમણને કારણે શહેરના પૂર્વ વિસ્તારોમાં પરિસ્થિતિ 'ઝડપથી બગડી રહી છે'. સ્ત્રોતે જણાવ્યું કે, ઈઝરાયેલી દળોએ દક્ષિણ અને ઉત્તરપૂર્વીય ગાઝા શહેરમાં તોપખાનાના તોપમારો અને હવાઈ હુમલા તેમજ વિસ્ફોટકોથી ભરેલા રોબોટ્સનો ઉપયોગ કરીને વિધ્વંસને વેગ આપ્યો છે. એનાડોલુના સંવાદદાતાએ શહેરના ઉત્તરપૂર્વીય જિલ્લાઓમાંથી પશ્ચિમ ગાઝા સિટી અથવા દૂર દક્ષિણમાં એન્ક્લેવ તરફના રહેવાસીઓના 'મોટા વિસ્થાપન'ની જાણ કરી. તેણે ગાઝા સિટીના દક્ષિણી અલ-સાબ્રા પડોશમાં વધારાના ગોળીબારની પણ જાણ કરી. ઈઝરાયેલે શુક્રવારે તેને 'ખતરનાક લડાઈ ક્ષેત્ર' જાહેર કર્યું અને યુદ્ધ શરૂ થયું ત્યારથી તેનો સૌથી તીવ્ર બોમ્બમારો શરૂ કર્યો, હવાઈ, જમીન અને દરિયાઈ હુમલાઓ શરૂ કર્યા, લગભગ ૧૦ લાખ પેલેસ્ટીની હજુ પણ અંદર ફસાયેલા છે. આક્રમણ એ આ મહિનાની શરૂઆતમાં ગાઝાને ધીમે ધીમે ફરીથી કબજે કરવા માટે મંજૂર કરાયેલ ઈઝરાયેલી યોજનાનો એક ભાગ છે, જે પ્રદેશના સૌથી મોટા શહેરી કેન્દ્રથી શરૂ થાય છે, જ્યાં લગભગ અડધી વસ્તી રહે છે. પેલેસ્ટીની શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સી



નોંધણી અધિકારીઓએ તમામ અરજીઓની ચકાસણી શરૂ કરી હતી અને પછી નોટિસો આપવામાં આવી હતી અને આવતા અઠવાડિયે સુનાવણી રાખી છે. સૌથી પહેલા ત્રીજી સપ્ટેમ્બરે રક્ષણ ખાતે અને એ પછી સાતમી સપ્ટેમ્બરે મધુબની ખાતે સુનાવણી થશે. દરેક નોટિસમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે અરજદારે રજૂ કરેલા મતદાર યાદી નોંધણી માટેના દસ્તાવેજો સંતોષકારક નથી એટલે ચૂંટણી નોંધણી અધિકારીઓ પાસે પૂરતા મૂળ દસ્તાવેજો લઈને ચોક્કસ સમયે તારીખ અને સ્થળે હાજર થવાનું રહેશે. ચૂંટણી નોંધણી અધિકારીઓને અરજીઓની ચકાસણી કરવાની અને તેને આગળ વધવાની અને કોઈ પણ મતદાનને નોટિસ આપવાની ચૂંટણી પંચે સત્તા આપી છે. જો આખરી મતદાર યાદીમાંથી કોઈપણ મતદારના નામ કાઢી નાખવામાં આવશે તો એ માટે દરેક ચૂંટણી નોંધણી અધિકારીએ નામ શું કામ દૂર થયું તેના કારણો વિગતવાર આપવાના રહેશે.

# 'અન્ય લોકોએ તેમાથી બોધપાઠ લેવો જોઈએ' : સમાજવાદી સાંસદ અફઝલ અનસારીએ RSS વડા ભાગવતના એકતાના આહ્વાનની પ્રશંસા કરી

## સમાજવાદી પાર્ટીના સાંસદ અફઝલ અંસારીએ નરેન્દ્ર મોદી અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર કટાક્ષ કરતા RSS વડા મોહન ભાગવતના એકતા અને સંવાદિતાના આહ્વાનની પ્રશંસા કરી હતી

(એજન્સી) તા.૩૧

સમાજવાદી પાર્ટીના સાંસદ અફઝલ અંસારીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર કટાક્ષ કરતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતની ખુલ્લેઆમ પ્રશંસા કરી છે. જિલ્લાના વીજ પુરવઠા પર સમીક્ષા બેઠક બાદ ગાઝીપુરમાં અંસારીએ ભાગવતની એકતા અને ભાઈચારા અંગે તાજેતરની ટિપ્પણીનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે, મોહન ભાગવતે કહ્યું હતું કે, દેશને એકતા અને ભાઈચારાની જરૂર છે, અને નફરત બંધ થવી જોઈએ. આ નિવેદન આવકાર્ય છે અને હું તેમની પ્રશંસા કરૂં છું. અન્ય ધાર્મિક નેતાઓએ પણ તેમાથી બોધપાઠ લેવો જોઈએ. દુનિયામાં હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરતું RSS કરતાં મોટું કોઈ સંગઠન નથી. જો તેના એવું વડા કહે છે કે દરેક મસ્જિદ અને દરગાહમાં શિવલિંગ શોધવાથી દેશ નબળો પડશે, તો આ નિવેદનને ગંભીરતાથી લેવું જોઈએ. હું તેમના શબ્દોનું સ્વાગત કરૂં છું, અને



અન્ય લોકોએ પણ તેમના સકારાત્મક સંદેશનું સ્વાગત કરવું જોઈએ. તેમણે કહ્યું કે, ઈસ્લામ સદીઓથી ભારતનો અભિન્ન ભાગ રહ્યો છે, આ ભાગવત દ્વારા સ્વીકારવામાં આવેલી હકીકત છે. ઈસ્લામ કોઈ નવો ધર્મ નથી, તે ભારતમાં ઘણા લાંબા સમયથી છે અને મોહન ભાગવતે આ સત્ય સ્પષ્ટ કર્યું છે. અન્સારીએ વડાપ્રધાન અને ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન પર તેમના અંગત જીવનને લઈને નિશાન સાધ્યું અને કહ્યું કે, દિલ્હીમાં બેઠેલા નેતાનો કોઈ પરિવાર નથી, અને ઉત્તરપ્રદેશના નેતાનો પણ કોઈ પરિવાર નથી. આ સમયે, અન્સારીની બાજુમાં બેઠેલા સપાના ધારાસભ્ય જય કિશનસાહુએ કટાક્ષ કર્યો કે, તેઓ પ્રયાસ કરી રહ્યા છે. હું એક લાઈસન્સ પ્રાપ્ત પરિવાર વિશે વાત કરી રહ્યો છું, લાઈસન્સ વિનાના પરિવાર વિશે નહીં. તે તેમનું દુર્ભાગ્ય છે કે સર્વશક્તિમાનએ તેમને બાળકોનો આશીર્વાદ આપ્યો નથી. રાજકીય મોરચે, અન્સારીએ બિહારમાં ઈનિયા બ્લોકના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે આરજેડી નેતા તેજસ્વી યાદવનું સમર્થન કર્યું. સપા પ્રમુખ અખિલેશ યાદવના 'અવધ અને મગધ' નિવેદનની પ્રશંસા કરતા તેમણે કહ્યું, 'આ વખતે તેજસ્વી બિહારના મુખ્યમંત્રી બનશે તેમાં કોઈ શંકા નથી.' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નામ કેમ ન લેવામાં આવ્યું તે અંગે પૂછવામાં આવતા, અન્સારીએ ટિપ્પણી કરી, 'તેઓ એક મોટા નેતા છે.' અન્સારીની આ ટિપ્પણીમાં આરએસએસ વડા માટે દુર્લભ પ્રશંસા અને મોદી અને યોગીની કડક ટીકાનો સમાવેશ થાય છે તેણે રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

# RSS ભારતને જાપાન શા માટે બનાવવા માંગતું નથી ?

**RSSના વડા મોહન ભાગવત ભારતને જાપાન બનાવવા માંગતા નથી, જ્યાં ગયા વર્ષે લગભગ દસ લાખ લોકોની વસ્તીમાં ઘટાડો થયો હતો, જે કોઈપણ દેશ માટે સૌથી મોટો ઘટાડો હતો. આ દેશના અસ્તિત્વ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવી જ ચિંતાઓને ધ્યાનમાં રાખીને, ભાગવતે કહ્યું કે દરેક ભારતીયના પરિવારમાં ત્રણ બાળકો હોવા જોઈએ. RSS વડા મોહન ભાગવતે ભારતને "લુપ્તતા" સામે ચેતવણી આપી, અને પરિવારોને ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવાનો આગ્રહ કર્યો હતો**

(એજન્સી) તા.૩૧

વિશ્વના સૌથી વધુ ટેકનોલોજીકલ રીતે અદ્યતન દેશોમાંનો એક, જાપાન ગંભીર વસ્તી વિષયક કટોકટીનો સામનો કરી રહ્યું છે, જેના કારણે તેના ગામડાઓ ખાલી થઈ રહ્યા છે અને શહેરો મજૂરોની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે. ગયા વર્ષે જાપાનમાં તેની વસ્તીમાં ૯૦,૦૦૦નો ઘટાડો થયો હતો, જે કોઈપણ દેશ માટે સૌથી વધુ રેકોર્ડ છે. આ ઘટાડો આર્થિક વિકાસને જોખમમાં મૂકી રહ્યો છે, સામાજિક સુરક્ષા પ્રણાલીઓ પર દબાણ લાવે છે. જાપાન એક સમયે વિકાસની દીવાદાંડી હતું. આ અઠવાડિયે RSS વડા મોહન ભાગવતે આ વિશે ચેતવણી આપી હતી, ભારતીય પરિવારોને રાષ્ટ્રની વસ્તી વિષયક શક્તિને સુરક્ષિત રાખવા માટે ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવા કહ્યું હતું. ભાગવતે ભાર મૂક્યો હતો કે યોગ્ય ઉંમરે લગ્ન કરવાથી અને ત્રણ બાળકોનો ઉછેર કરવાથી માતાપિતા અને બાળકો બંનેને ફાયદો થાય છે અને "ધીમી લુપ્તતા" જેવી બાબતોથી પણ રક્ષણ મળે છે. તેઓ નથી ઈચ્છતા કે ભારત જાપાનના માર્ગે જાય.

તેમણે કહ્યું કે, ડોક્ટરોએ મને કહ્યું છે કે યોગ્ય ઉંમરે લગ્ન કરવાથી અને ત્રણ બાળકો પેદા કરવાથી માતાપિતા અને બાળકો બંને સ્વસ્થ રહે છે. ત્રણ ભાઈ-બહેનોવાળા ઘરોમાં બાળકો પણ અહંકારનું સંચાલન શીખે છે અને ભવિષ્યમાં તેમના પારિવારિક જીવનમાં કોઈ ખલેલ નથી. તેમણે ભાર મૂક્યો કે ૨.૧ ના પ્રજનન દરવાળા સમુદાયો ધીમે ધીમે લુપ્ત થશે અને ૩ થી વધુનો જન્મ દર જાળવી રાખવો જોઈએ. જાપાનની ભૂલનું પુનરાવર્તન ન કરવા સામે અનેક લોકોએ વારંવાર ચેતવણી આપી છે. દક્ષિણ રાજ્યોમાં પ્રજનન દર પહેલાથી જ રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે આવી રહ્યો છે, નાયડુએ દલીલ કરી છે કે જો આ મુદ્દાને અવગણવામાં આવે તો ભારત પણ કાર્યબળ અને સામાજિક અસ્થિરતાના સમાન સંકટનો સામનો કરી શકે




છે. વૈશ્વિક સ્તરે, એલોન મસ્કે ઘટતા જન્મ દરને અસ્તિત્વના ખતરા તરીકે રજૂ કર્યો છે. તેમણે વારંવાર તેને વિશ્વની સૌથી ખતરનાક સમસ્યા ગણાવી છે, જાપાનને ધીમા પતનમાં રહેલા સમાજનું સ્પષ્ટ ઉદાહરણ ગણાવ્યું છે.

પરંતુ જાપાન શા માટે ચેતવણી આપનારી વાર્તા બની ગયું છે ?

જાપાનની સમસ્યા શું છે જેનાથી દરેક વ્યક્તિ ડરે છે ? જે જાપાન લાંબા સમયથી તેની ટેકનોલોજીકલ શક્તિ અને સામાજિક સ્થિરતા માટે પ્રશંસા પામ્યું છે, તે હવે વસ્તી સંકટનો સામનો કરી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં, દેશમાં લગભગ દસ લાખ લોકોનું મૃત્યુ થયું છે, જે આધુનિક ઈતિહાસમાં સૌથી મોટો ઘટાડો છે. તેના લગભગ ૩૦% લોકો પહેલાથી જ ૬૫ વર્ષથી ઉપર છે. અને જો વર્તમાન વલણ ચાલુ રહે, તો તેની વસ્તી ૨૦૫૬ સુધીમાં ૧૦૦ મિલિયનથી નીચે આવી શકે છે, જે ફક્ત ૧૫ વર્ષ પહેલાં ૧૨૮ મિલિયનની ટોચથી નીચે છે. આ કટોકટીનું કેન્દ્ર જાપાનનો ઘટતો પ્રજનન દર છે. દર મહિને બાળકોની સરેરાશ સંખ્યા ફક્ત ૧.૨૦ છે, જે વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી ૨.૧ ના રિપ્લેસમેન્ટ દરથી ઘણી ઓછી છે. જન્મ દર વર્ષે ૮૦૦,૦૦૦થી નીચે આવી ગયા છે, લગ્ન, જે હજુ પણ બાળજન્મ માટે પૂર્વશરત માનવામાં આવે છે, તે યુદ્ધ પછીના નીચલા સ્તરે પહોંચી ગયા છે. પરંતુ જાપાનમાં વસ્તી વિષયક ઘટાડો ફક્ત સંખ્યા અંગે જ નથી. બીજા વિશ્વયુદ્ધ પછી, જાપાનમાં બાળકોની સંખ્યામાં ભારે વધારો જોવા મળ્યો. લોકો આશાવાદી હતા, સૈનિકો પાછા ફર્યા હતા, અને પુનઃનિર્માણ માટે સાંસ્કૃતિક દબાણ હતું. કૌટુંબિક જીવન કેન્દ્રસ્થાને હતું. પરંતુ ૧૯૭૦ના દાયકા સુધીમાં, પરિસ્થિતિ બદલાવા લાગી. પ્રજનન દરમાં ઘટાડો થવા લાગ્યો. સ્ત્રીઓને વધુ સ્વતંત્રતા મળી, ત્યારે પણ વાલીપણાની સંપૂર્ણ જવાબદારી લે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી. આ આધુનિક જીવનના દબાણ વિશે પણ છે. સ્ત્રીઓને શિક્ષણ અને કારકિર્દીની ઍક્સેસ મળી, પરંતુ કાર્યસ્થળો અનુકૂલન પામ્યા નહીં. આ વિરોધાભાસનો અર્થ એ થયો કે ઘણી સ્ત્રીઓએ લગ્ન અને બાળકોને વિલંબિત કરવાનું અથવા છોડી દેવાનું પસંદ કર્યું. યુવાનો માટે, આર્થિક અનિશ્ચિતતા, વધતા ખર્ચ, અસુરક્ષિત નોકરીઓ અને શહેરોમાં ઊંચા જીવન ખર્ચ, કૌટુંબિક જીવનને ભયાવહ બનાવતા હતા. જાપાન ગ્રામીણ શહેરો ખાલી થઈ ગયા અને પુનઃપ્રાપ્તિ વધુ મુશ્કેલ બની રહી છે. હવે, જાપાન વિશ્વના સૌથી જૂના સમાજોમાંનો એક છે. ગ્રામીણ શહેરો ખાલી થઈ રહ્યા છે. આરોગ્યસંભાળ અને કલ્યાણ પ્રણાલીઓ નષ્ટ થઈ ગઈ છે. અને ઓછા કામદારો સાથે, આર્થિક જોખમ ધીમું પડી ગયું છે, જેના કારણે પુનઃપ્રાપ્તિ વધુ મુશ્કેલ બની ગઈ છે. સરકારે નવા માતાપિતા માટે રોકડ વિતરણ, સબસિડીવાળી ડે કેર અને પેરેંટલ રજા સાથે પ્રતિક્રિયા આપવાનો પ્રયાસ કર્યો છે. છતાં પણ અનેક અવરોધો છે. ભારત માટે, ચેતવણી સ્પષ્ટ છે. હજુ પણ યુવાન અને વસ્તી ધરાવતું હોવા છતાં, ઘણા દક્ષિણ રાજ્યોમાં પ્રજનન દર પહેલાથી જ રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે સરકી રહ્યા છે. મોહન ભાગવતની ચિંતા એ ભયને પ્રતિબિંબિત કરે છે કે ભારત તેનો સંપૂર્ણ લાભ મેળવે તે પહેલાં તેનો વસ્તી વિષયક લાભ ગુમાવી શકે છે. જાપાનમાંથી બોધપાઠ એ છે કે વસ્તી સંકટ અચાનક જ નથી. સામાજિક અપેક્ષાઓ, આર્થિક અસલામતી અને આકાંક્ષાઓ અને વાસ્તવિકતા વચ્ચેના અંતર દાયકાઓથી ઘડાઈ રહ્યા છે. એકવાર આ પરિવર્તન આવે પછી, તેને રોકવું લગભગ અશક્ય છે.

# ડિજિટલ એરેસ્ટમાં મહેસાણાના જમીન દલાલની સુરત સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ધરપકડ

## ૨.૮૧ લાખના કમિશન પર બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડ કરતી ટોળકીને ભાડે આપ્યું હતું

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૧

સુરત સાયબર ક્રાઈમ પોલીસે ડિજિટલ એરેસ્ટ કેસમાં મહેસાણાના એક જમીન દલાલની ધરપકડ કરી છે. આ આરોપીએ ૧૯.૯૧ લાખની છેતરપિંડીમાં પોતાનું બેન્ક અકાઉન્ટ ભાડે આપવાની ભૂમિકા ભજવી હતી, આ ઉપરાંત અન્ય ઈસમોએ ભોગ બનેલા વ્યક્તિને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપીને ધમકાવી પૈસા પડાવ્યા હતા. એક અજાણ્યા વ્યક્તિએ ફરિયાદી વેબ ડિઝાઈનર યુવતીનો ૨૦૨૫માં સંપર્ક સાધ્યો અને પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખાવ્યો. તેણે ફરિયાદીને ગેરમાર્ગે દોરીને ડરાવ્યા કે તેમના આધાર કાર્ડ અને અન્ય દસ્તાવેજોનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થયો છે. આ ઉપરાંત ફરિયાદીને પાર્સલમાંથી ડ્રગ્સ મળ્યું છે. આરોપીઓએ ફરિયાદીને મની લોન્ડરિંગ અને ડ્રગ્સની હેરાફેરીમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. આ વાતને વધુ વિશ્વસનીય બનાવવા માટે નકલી પોલીસે EDના લોગોવાળો એક બનાવટી લેટર પણ ફરિયાદીને મોકલ્યો હતો. જેમાં તેમને ગંભીર કેસમાં ફસાવવામાં આવ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ધમકીથી ડરીને ફરિયાદી ગૂંચવાયા હતા અને આરોપીની જાળમાં ફસાયા હતા. આરોપીઓએ ફરિયાદીને ICICI બેંકની એપ્લિકેશન દ્વારા ઈન્સ્ટન્ટ લોન લેવા માટે દબાણ કર્યું હતું. ફરિયાદીએ લોન માટે અરજી કરી અને લોન મંજૂર થતાં જ, આરોપીઓએ ૧૯,૯૧,૦૦૦ની સમગ્ર રકમ પોતાના બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ રીતે, આરોપીઓએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરીને તેમના લાખો રૂપિયા પડાવી લીધા. આ છેતરપિંડીનો ભોગ બન્યા બાદ ફરિયાદીએ ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તત્કાલ તપાસ હાથ ધરી અને જે બેંક એકાઉન્ટમાં પૈસા જમા થયા હતા તેની ડિટેલ્સ મેળવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે, આ બેંક એકાઉન્ટ મહેસાણાના રાધનપુર રોડ પર રાધે કીર્તન ફ્લેટના રહેવાસી હિરેનકુમાર પટેલના નામે હતું. હિરેન જમીન દલાલીનું કામ કરે છે. પોલીસે હિરેનની ધરપકડ કરી અને પૂછપરછ કરતાં તેણે કબૂલ્યું કે, તેણે ૨,૮૧,૦૦૦ના કમિશન માટે પોતાનું બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડ કરતી ટોળકીને ભાડે આપ્યું હતું. પોલીસની તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, હિરેનના આ બેંક એકાઉન્ટમાં કુલ ૪,૯૦,૯૬,૪૦૧નું મોટું ટ્રાન્ઝેક્શન થયું હતું. આ એકાઉન્ટનો ઉપયોગ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશભરમાં અનેક સાયબર ગુનાઓ માટે થયો હતો. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર તેના બેંક એકાઉન્ટ પર કુલ ૧૪ ગુનાઓ નોંધાયેલા છે. આમાંથી ૪ ગુના તમિલનાડુમાં, ૩ મહારાષ્ટ્રમાં, ૨ પશ્ચિમ બંગાળમાં, ૨ કર્ણાટકમાં અને ૧-૧ ગુનો હરિયાણા, ગુજરાત અને ઝારખંડમાં નોંધાયેલો છે.

# પાલીતાણા : સરકારી કૉલેજમાં મેઘાણી જયંતીની ઉલ્લાસભેર ઉજવણી



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)
પાલીતાણા, તા.૩૧

સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પાલીતાણા ખાતે ગુજરાતી વિભાગના 'અભિવ્યક્તિ-મંચ' અને સપ્તધારા પ્રકલ્પની 'જ્ઞાનધારા' અંતર્ગત 'મેઘાણીવંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય અતિથિ અને વક્તા તરીકે 'મેઘાણી'ના ઉપનામથી ખ્યાત એવા રણછોડભાઈ મારુ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે મેઘાણીનાં જીવન-કવન ઉપરાંત પોતે મેઘાણીને પગલે પગલે કરેલી યાત્રાનું રસપ્રદ શૈલીમાં વર્ણન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી-અંગ્રેજી વિષયના ૫૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પણ ગીતગાન અને વાર્તાપઠન દ્વારા મેઘાણીવંદના કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંકલન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. સુનીતા નિમાવત તેમજ IQACના માર્ગદર્શન હેઠળ ગુજરાતીના મ.પ્રા. જીતુભાઈ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું.

### શેર માર્કેટમાં રોકાણના નામે રૂા.૬.૭૫ લાખની છેતરપિંડી

# સુરત : સાયબર ગઠિયાઓને કમિશન પર બેંક એકાઉન્ટ આપનાર પૂર્વ GRD જવાન ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૧

સુરત સાયબર ક્રાઈમ પોલીસે એક મોટા સાયબર ફ્રોડના રેકેટનો પર્દાફાશ કર્યો છે. જેમાં શેર માર્કેટમાં રોકાણના બહાને લોકોને લાખો રૂપિયાનો ચૂનો લગાડવામાં આવ્યો હતો. આ મામલે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જેનું નામ ચિરાગ પ્રજાપતિ છે. આરોપીએ કમિશન લઈને પોતાનું બેંક એકાઉન્ટ સાઈબર ગઠિયાઓને ભાડે આપ્યું હતું. સાયબર ગઠિયાઓ દ્વારા આરોપીના એકાઉન્ટમાં કરોડો રૂપિયાના ટ્રાન્જેક્શન કરવામાં આવ્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

સુરતના એક મેડિકલ રિપ્રેઝન્ટિટિવ સાથે બનેલી ઘટનાથી આ સમગ્ર મામલો સામે આવ્યો હતો. ફરિયાદીને કેટલાક આરોપીઓએ શેર બજારમાં રોકાણ કરવાથી અનેકગણું વળતર મળશે તેવી લાલચ આપી હતી. આ લાલચમાં આવીને ફરિયાદીએ જુદા જુદા બેંક ખાતાઓમાં કુલ રૂા.૬,૭૫,૬૦૦નું રોકાણ કર્યું હતું. જોકે, રોકાણ કર્યા બાદ તેમને એક પણ રૂપિયો નફો કે મૂળ રકમ પરત મળી ન હતી. પોતે છેતરાયા હોવાનું ભાન થતાં ફરિયાદીએ તા.૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ સુરત સાયબર ક્રાઈમ પોલીસમાં

### સાયબર ગઠિયાઓનું કરોડોનું ટ્રાન્જેક્શન

ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી અને ફરિયાદીએ જે બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા તેની તપાસ શરૂ કરી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે, આ પૈસા ચિરાગ પ્રજાપતિ નામના વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર થયા હતા. આરોપી ચિરાગ પ્રજાપતિ પાટણના હારીજમાં આવેલા ચામુંડા નગરનો રહેવાસી છે અને છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. આશ્ચર્યજનક રીતે, તે અગાઉ GRD (ગ્રામ રક્ષક દળ)માં પણ નોકરી કરી ચૂક્યો છે.

પોલીસે ચિરાગ પ્રજાપતિની અટકાયત કરીને પૂછપરછ કરતા તેણે ચોંકાવનારો ખુલાસો કર્યો. તેણે જણાવ્યું કે, તેણે માત્ર રૂા.૭૦,૦૦૦ના કમિશન માટે પોતાનું બેંક એકાઉન્ટ સાયબર ગુના આચરતી ટોળકીને ભાડે આપ્યું હતું. આ ટોળકી ગેરકાયદેસર રીતે લોકો પાસેથી પૈસા મેળવીને ચિરાગના ખાતામાં ટ્રાન્સફર કરતી હતી, અને ચિરાગ એ પૈસા ATMમાંથી ઉપાડીને ટોળકીને પહોંચાડતો હતો. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ચિરાગના ખાતામાં અત્યાર સુધીમાં કુલ રૂા.૧,૫૩,૫૪,૯૯૪નું ટ્રાન્ઝેક્શન થયું છે. આ એકાઉન્ટ માત્ર સુરતમાં જ નહીં, પરંતુ દેશના અન્ય રાજ્યોમાં પણ છેતરપિંડી માટે ઉપયોગમાં લેવાયું હતું. ચિરાગ પ્રજાપતિના બેંક એકાઉન્ટ પર NCCRP (નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ) પર કુલ ૭ ફરિયાદો નોંધાઈ છે. આમાંથી ૨ ફરિયાદો હરિયાણામાં, જ્યારે પંજાબ, ગુજરાત, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં એક-એક ફરિયાદ નોંધાઈ છે. પોલીસ વારંવાર લોકોને અપીલ કરે છે કે, કોઈપણ વ્યક્તિએ કમિશનની લાલચમાં આવીને પોતાનું બેંક એકાઉન્ટ કોઈ અજાણ્યા વ્યક્તિને વાપરવા આપવું ન જોઈએ. આવી પ્રવૃત્તિઓ સીધી રીતે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સહભાગી થવા જેવી છે, જેના પરિણામે જેલની સજા અને કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સુરત પોલીસે આ કેસમાં વધુ તપાસ હાથ ધરી છે જેથી આ સમગ્ર રેકેટના મૂળ સુધી પહોંચી શકાય અને અન્ય આરોપીઓને પણ ઝડપી શકાય. આ ઘટના સાબિત કરે છે કે ઓનલાઈન રોકાણ અથવા પૈસાની લેવડદેવડ કરતી વખતે અત્યંત સાવધાની રાખવી જરૂરી છે.

# ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે દારૂ સાથે ઈસમને ઝડપી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૩૧

એલ.સી.બી. પોલીસ સ્ટાફ ભાવનગર, શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન ભાવનગર, નવાપરા, મનુભાઈ ગાંઠીયાવાળાની દુકાન સામેનો ખાંચો, રસાલા કેમ્પમાંથી એક સી.એન.જી રીક્ષા (નં.GJ-01-TJ-8759)માં દેશી દારૂ ભરેલ કોથળાઓ (નંગ-૦૭) સાથે રમાકાંતસિંહ રામકિશન તોમર (ઉ.વ.૩૧) (રહે. આડોડીયાવાસ, ભાવનગર મુળ રહે. ગડી ધરમજી તા.ફતીયા બાદ, જી.આગ્રા., (ઉત્તરપ્રદેશ) રીક્ષા ચાલકને પકડી પાડી તેની પુછપરછ કરતા દારૂનો જથ્થો મોકલનાર તથા મંગાવનાર ઈસમોના નામ ખુલતા તેઓ તમામ વિરૂદ્ધ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માંગરોળમાં શ્વાન અને બિલાડીઓ માટે ફ્રી વેક્સિનેશન અને સ્કીન ચેકઅપ કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
માંગરોળ, તા.૩૧





(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે પટેલ વેટરનરી ક્લિનિકના ઉપક્રમે આયોજિત ફ્રી કેમ્પમાં અનેક પશુપ્રેમીઓએ લીભ લિધો હતો. આજકાલ બિલાડીઓ અને શ્વાનો પાળવાનો ટ્રેન્ડ દિવસે દિવસે વધી રહ્યો છે. ત્યારે ખાસ કરીને શ્વાન અને બિલાડીઓમા રેબીસનો ખતરો પણ રહેતો હોય છે. એકવાર કોઈ પણ પ્રાણીને રેબીસ થયા પછી તેનો ઈલાજ થઈ શકતો નથી ત્યારે માંગરોળમાં ડો. ઈદ્રીસભાઈ પટેલે ઉમદા હેતુસર ફ્રી વેક્સિનેશન કરવા માટે પોતાની પટેલ ક્લિનિક પર કેમ્પનુ આયોજન કર્યું હતું. જેમા જૂનાગઢથી નિષ્ણાતોએ પણ ઉપસ્થિત રહીને પાલતુ બિલાડીઓ અને કુતરાઓનુ સ્કીન ઈન્ફેક્શન ચેકઅપ કર્યુ હતું અને તમામ મુલાકાતી પશુઓને ફ્રી મા વેક્સિનેશન પણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પશુ પાલકોમા ખાસ કરીને રેબીસ વિશે જાગૃતતા આવે તે માટે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૨૫ જેટલી બિલાડીઓ અને શ્વાનોને વેક્સિન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગણિતના પ્રખ્યાત શિક્ષક અંગની ખેડુવોરા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ડો. ઈદ્રીસ પટેલ, ડો. મિત પંડયા, ડો. સ્વાતિ ઈનામદારએ સેવા આપી હતી. કેમ્પનું સંપૂર્ણ સંચાલન યુસુફભાઈ પટેલ કાવાવાળા અને તેમની ટીમે કર્યુ હતુ.

# સતાપર ગામમાં નદી કાંઠે આધેડનું ડૂબી જતાં મોત

જામનગર, તા.૩૧

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સતાપર ગામમાં રહેતા ચનાભાઇ સાજણભાઈ ગરચર નામના ૫૫ વર્ષના રબારી જ્ઞાતિના આધેડ કે જેઓના ભેંસ-પાડી વગેરે પશુઓ નદી કાંઠે ચરતા હતા, જેઓને પરત લેવા માટે ગયા હતા. જે દરમિયાન અકસ્માતે નદીમાં પડી જતાં ડૂબી જવાના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે હીરીબેન ચનાભાઈએ પોલીસને જાણ કરતાં જામજોધપુરના એ.એસ.આઈ.એલ.આર. ચાવડા બનાવના સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ઝઘડિયા તાલુકાના તલોદરા ગામે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૩૧



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ઝઘડિયા તાલુકાના તલોદરા ગામે પ્રાથમિક શાળામાં આજરોજ મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝઘડિયા જીઆઈડીસીની ગેલેક્સી સર્ફેક્ટન્ટ્સ કંપનીના સૌજન્યથી ઝઘડિયાની સેવા રૂરલ હોસ્પિટલ દ્વારા આ મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.

આયોજિત નેત્ર નિદાન કેમ્પનો તલોદરા સહિત આસપાસના ગામોના આંખના દર્દીઓએ લાભ લીધો હતો. નેત્ર નિદાન કેમ્પમાં ઝઘડિયા સેવારૂરલ હોસ્પિટલના આંખ નિષ્ણાત તબીબોએ આંખોની વિવિધ બિમારીઓવાળા દર્દીઓને તપાસ્યા હતા. ચશ્માની જરૂરિયાતવાળા ૨૨૨ દર્દીઓને મફત જરૂર મુજબના નંબરવાળા ચશ્મા આપવામાં આવ્યા હતા. આજના કેમ્પમાં આંખોની વિવિધ બિમારીઓવાળા કુલ ૨૭૦ દર્દીઓને તપાસવામાં આવ્યા. મોતિયાના તેમજ આંખના અન્ય ઓપરેશનની જરૂરવાળા ૨૭ દર્દીઓને ઓપરેશન માટે હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા, જ્યારે અન્ય ૧૯ દર્દીઓની આંખોની ઘનિષ્ઠ તપાસ કરવામાં આવશે. ગેલેક્સી કંપની દ્વારા આસપાસના ગામોએ અવારનવાર સીએસઆર એક્ટિવિટી હેઠળ લોક ઉપયોગી કામગીરી કરવામાં આવે છે, ઝઘડિયાની સેવારૂરલ હોસ્પિટલમાં આંખોની સારવાર માટે અધ્યતન સુવિધાઓ ઉપલબ્ધ હોઈ આ હોસ્પિટલમાં આંખોના દર્દીઓને મોતિયાના ઓપરેશન સહિત અન્ય જરૂરી સારવાર મળતી હોય છે.

# ખેડામાં ઈદે મિલાદુન્નબીની રોશની



ખેડા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આગામી ઈદે મિલાદુન્નબીના તહેવારને લીધે મસ્જિદો તથા સોસાયટી-મહોલ્લાઓ અને ઘરોને લાઈટથી શણગાર્યા છે. પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ખેડા શહેરમાં આવેલી તમામ મસ્જિદોને તથા તમામ સોસાયટીઓ અને મહોલ્લાઓને મંડપો અને લાઈટ ડેકોરેશનથી ભવ્ય રીતે શણગારેલ છે. ઉપરાંત ખેડાના રતનપુર સહિત અનેક ગામડાઓમાં મસ્જિદ અને મહોલ્લાઓને રંગબેરંગી લાઈટોથી સજાવવામાં આવ્યા છે. ખેડા શહેરમાં લોકોના ટોળેટોળા એકબીજા વિસ્તારમાં ડેકોરેશન જોવા રાત્રે ઊમટી પડે છે.

# શિક્ષણ રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શિક્ષકોની સજ્જતા માટેનો વિશેષ સેમિનાર 'AI ફોર એજ્યુકેટર્સ' યોજાયો

## શિક્ષણમાં ક્રાંતિ અને ઉન્નતિ માટે AIના સકારાત્મક ઉપયોગ વિશે શિક્ષકોને જાગૃત કરાયા

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતના સંયુક્ત ઉપક્રમે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં અડાજણના પ્રમુખસ્વામી સભાગૃહમાં શિક્ષકોની સજ્જતા માટેનો વિશેષ સેમિનાર 'AI ફોર એજ્યુકેટર્સ : શેપિંગ ટુમોરો 'સ લર્નિંગ' યોજાયો હતો, જેમાં શહેરની સ્વનિર્ભર શાળાઓના ૪,૦૦૦થી વધુ શિક્ષકો અને ૩૦૦થી વધુ સંચાલકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષણમાં ક્રાંતિ અને ઉન્નતિ માટે AIના સકારાત્મક ઉપયોગ વિષે તલસ્પર્શી સમજ મેળવી હતી.

તમામ શિક્ષકોએ પોતાના શિક્ષણને નવી ટેક્નોલોજી સાથે વધુ પ્રભાવશાળી, વિદ્યાર્થીલક્ષી અને સુલભ બનાવીને વિદ્યાર્થીઓને વધુ સક્ષમ-કાર્યક્ષમ બનાવી શિક્ષણમાં આમૂલ પરિવર્તન કરવા તેમજ નવા યુગના શિક્ષણમાં ટેક્નોલોજી અને માનવ મૂલ્યો વચ્ચે સંતુલન જળવાઈ રહે તે માટે વિવિધ શાળાના સંચાલકો, શિક્ષકો અને શિક્ષણવિદોએ સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આધુનિક યુગમાં શિક્ષણ પદ્ધતિમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) દ્વારા શિક્ષણ વધુ અસરકારક, રસપ્રદ અને વિદ્યાર્થી કેન્દ્રિત બની રહ્યું છે. આ જ પરિપ્રેક્ષ્યમાં પાલનપુર જિલ્લાના દેવેન્દ્રભાઈ ત્રિવેદી અને ટીમે શિક્ષકોને AI આધારિત શિક્ષણ સાધનો, શૈક્ષણિક એપ્લિકેશન્સ, અને નવીન પદ્ધતિઓ વિશે પ્રાયોગિક જાણકારી આપી હતી. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રીએ જણાવ્યું કે, શિક્ષણક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એક અદભૂત ક્રાંતિરૂપ છે, જેના યોગ્ય ઉપયોગથી વિદ્યાર્થીઓને આધુનિક જ્ઞાન સાથે ભવિષ્ય માટે વધુ સજ્જ કરી શકાય છે. ડિજિટલ યુગમાં શિક્ષણનો આધાર માત્ર પુસ્તક કે બોર્ડ સુધી સીમિત નથી રહ્યો. AI દ્વારા શિક્ષણ એક એવી તકનીક છે જે શિક્ષણને સર્વાંગી બનાવે છે અને દરેક વિદ્યાર્થી સુધી યોગ્ય રીતે પહોંચાડે છે. તેમણે વધુમાં કહ્યું કે, શિક્ષકોએ AI જેવા નવા યુગના સંસાધનો સાથે તાલમેલ સાધવો આવશ્યક છે, કારણ કે શિક્ષક જ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના મૂળ પ્રેરક છે. શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સરકાર દ્વારા હાથ ધરાયેલી વિવિધ પહેલોની ચર્ચા કરીને તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવા કાર્યક્રમો શિક્ષકોની અભ્યાસ કામગીરીને વધુ ઊંચાઈ બક્ષી નવી દિશા આપશે. જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે શિક્ષણમાં AIના નવા ઉપાયો, વર્ગખંડમાં સ્માર્ટ ટૂલ્સ, શિક્ષકો માટે ડિજિટલ સજ્જતા અને એ.આઈ. ભવિષ્યના અભ્યાસક્રમની દિશા બદલશે એ સંદર્ભે ઉપયોગી વિગતો આપી હતી અને એ.આઈ.એ પડકાર નથી પણ નવા યુગમાં બદલાતી જતી જ્ઞાન પ્રણાલી છે, જે શિક્ષણના સ્તરને ઉન્નત બનાવશે એમ જણાવ્યું હતું.

### અવસાન નોંધ

**શિહોર**

મૂળ વરતેજવાળા હાલ રાજકોટ નિવાસી દિલાવરશા દાદાશા પઠાણના ઔરત રોશનબેન પઠાણનો આજે તા.૩૧/૮/૨૫ને રવિવારને ઈન્તકાલ થયેલ છે. મર્હુમાની ઝિયારત મર્દો તથા ઔરતો માટે તા.૨/૯/૨૦૨૫નો મંગળવારના રોજ સવારે ૯:૩૦ કલાકે ગરીબશાપીર દરગાહ શિહોર મુકામે રાખેલ છે.

# સુરત પોલીસ દ્વારા આત્મહત્યા નિવારણ હેલ્પલાઈન નંબર શરૂ કરાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

સુરત શહેર પોલીસ તથા પોલીસ કમિશ્નર અનુપમસિંઘ ગહલોત દ્વારા કમિશનર કચેરી ખાતે કંટ્રોલરૂમમાં આત્મહત્યા નિવારણ હેલ્પલાઈન નંબર શરૂ કરવા માં આવ્યો છે. અત્યારે આ હેલ્પલાઈન નંબર વધુ લોકો સુધી પહોંચે અને સુરતમાં આત્મહત્યાના બનાવ ઘટે એ હેતુથી સુરતસીટીમાં તાપી નદીના બ્રિજ પર તથા સ્કૂલ, કોલેજ, માણસોની અવર-જવર હોય તે જગ્યાએ આત્મહત્યા નિવારણની હેલ્પલાઈન નંબરના હોલ્ડિંગસ અને પરમીનેન્ટ બેનર સ્વયંસેવક ટિમ દ્વારા લગાડવામાં આવશે.અને સાથે સાથે પેરેન્ટિંગ ફોર પીસ સંસ્થા દ્વારા ૨ દિવસીય ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો હેતુ સુરત પોલીસની શી-ટિમ તથા સુરતના સ્વયંસેવકોને આત્મહત્યાના વિચાર કરતા લોકોને મદદ કરવા માટે ટ્રેઈન કરવાનો હતો. જેમને હતાશાના વિચાર આવે છે તેમને કંઈ રીતે સાંભળવા, તેમને એ વિચારમાંથી બહાર લાવવા, સાઈકોલોજીકલ રીતે મદદરૂપ થઈ શકાય, તેવી ટ્રેનિંગ આપવામાં આવી હતી. સુરતની સર્વે જન સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિદ્યાર્થી આત્મહત્યા રોકો અભિયાન સુરત, અનિસ સંસ્થા ( અપમૃત્યુ નિવારણ સહાય ), ગીતા શ્રોફ, ડૉ. કેતન ભરડવા, ડૉ. આભા ગોયાણી, ગૌરાંગ પ્રજાપતિ, ફેનિલ બી. કુકડીયા, ગણેશભાઈ સોલંકી, નિવૃત ફોજી, રૂપા શાહ, જયંતિ ધામ તથા સિવિલ ડિફેન્સ ટિમ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો અને ટ્રેનિંગમાં સુરત પોલીસ કમિશનરે હાજર રહી સ્વયંસેવકોને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું અને ACP મીની જોસેફ બેનએ મહત્વના મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. સુરતના ડૉ. સલીમ હિરાણી, ડૉ. સ્વાતિ વીંચુરકર, ડૉ. પલાશ પ્રજાપતિ, ડૉ. જશ અજમેરા, ડૉ. ઉર્વેશ ચૌહાણ, ભાવના રાજાએ ટ્રેનિંગમાં વિશેષ સહયોગ આપ્યો હતો.

### જશ્ને ઈદે મિલાદુન્નબીના તહેવાર નિમિત્તે

# અંકલેશ્વર ખાતે દાતાર યંગ કમિટી દ્વારા નાત શરીફ તથા તકરીરનો કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર, તા.૩૧



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ઈસ્લામ ધર્મના મહાન અને આખરી પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબના જન્મદિન એટલે જશ્ને ઈદે મિલાદુન્નબીના તહેવાર નિમિત્તે અંકલેશ્વર ખાતે દાતાર યંગ કમિટી દ્વારા અત્રેની હઝરત સૈયદ અબ્દુલ હલીમ શાહ દાતાર (ર.અ.) દરગાહ પાસે ગતરાત્રિએ નાત શરીફ તથા તકરીરની મહેફિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોરસદના મશહૂર નાત ખ્વાં મુબીન અશરફી દ્વારા પોતાના અંદાજમાં નાત શરીફ પેશ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને મહેફિલમાં ''સરકાર કી આમદ મરહબા''ના નારા ગુંજી ઉઠ્યા હતા.આ પ્રસંગે સૈયદ મોઈનબાવા, સૈયદ મુનવ્વર બાવા, સૈયદ ગ્યાસુદ્દીન બાવા, સૈયદ આરીફ બાવા, સૈયદ અનીસૂદ્દીન કુરેશી, સૈયદ ફરાઝ ઈનામદાર, સૈયદ અબુલ હશન, સૈયદ આમીરબાવા, મૌલાન ગુલરેઝ અશરફી, સહિતના સાદાતે કિરામ, ઓલેમા એ કીરામ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દાતાર યંગ કમિટીના અબ્દુલ કાદીર ઘંટીવાલા (લાલાભાઈ), ઈકબાલભાઈ ભટિયારા, આતિકભાઈ શેખ ભંગારવાલા, નફીસભાઈ કુરેશી (મંડપવાલા), સરફરાઝભાઈ શેખ, શાહરૂખભાઈ શાહ, મોઈનભાઈ બાગવાલા, લાલાભાઈ બાગવાલા, સમીરભાઈ પેઈન્ટર દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અરવલ્લીનો વાત્રક ડેમ છલકાયો; કાંઠાના ગામોને ચેતવણી

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલો સૌથી મોટો વાત્રક ડેમ છલકાયો છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ડેમમાં સતત પાણીની આવક થાઈ રહી છે. તાજેતરમાં ડેમમાં ૧૨,૬૦૦ ક્યુસેક પાણીની આવક થતાં રૂલ લેવલ જાળવવા માટે ડેમમાંથી પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. સત્તાવાર માહિતી મુજબ, ડેમના બે દરવાજા ત્રણ ફૂટ ખોલીને ૧૨,૬૦૦ ક્યુસેક પાણી વાત્રક નદીમાં છોડવામાં આવ્યું છે. હાલમાં ડેમની સપાટી ૧૩૫.૯૭ મીટરે પહોંચી છે, જે તેની મહત્તમ સપાટી ગણાય છે. પાણી છોડાતા વાત્રક નદી કાંઠે આવેલા ગામોને સતર્ક રહેવા ચેતવણી અપાઈ છે. હવામાન વિભાગના અનુમાન અનુસાર આગામી દિવસોમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વધુ વરસાદ પડી શકે છે. જેના પગલે ડેમો અને નદીઓમાં પાણીની આવક વધવાની શક્યતા છે.

**અટક બદલેલ છે**

મારા પાસપોર્ટમાં મારી અટક **MALKE MOBIN SALIMMAHAMMAD** છે જે સુધારીને **MALEK MOBIN SALIMMAHAMMAD** કરેલ છે.

સરનામું : જહુરશાનો ટેકરો, પાણીગેટ, વડોદરા, મો. 9016898423

# ડિજિટલ એરેસ્ટમાં મહેસાણાના જમીન દલાલની સુરત સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ધરપકડ

## ૨.૮૧ લાખના કમિશન પર બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડ કરતી ટોળકીને ભાડે આપ્યું હતું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

સુરત સાયબર ક્રાઈમ પોલીસે ડિજિટલ એરેસ્ટ કેસમાં મહેસાણાના એક જમીન દલાલની ધરપકડ કરી છે. આ આરોપીએ ૧૯.૯૧ લાખની છેતરપિંડીમાં પોતાનું બેંક અકાઉન્ટ ભાડે આપવાની ભૂમિકા ભજવી હતી, આ ઉપરાંત અન્ય ઈસમોએ ભોગ બનેલા વ્યક્તિને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપીને ધમકાવી પૈસા પડાવ્યા હતા. એક અજાણ્યા વ્યક્તિએ ફરિયાદી વેબ ડિઝાઈનર યુવતીનો ૨૦૨૫માં સંપર્ક સાધ્યો અને પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખાવ્યો. તેણે ફરિયાદીને ગેરમાર્ગે દોરીને ડરાવ્યા કે તેમના આધાર કાર્ડ અને અન્ય દસ્તાવેજોનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થયો છે. આ ઉપરાંત ફરિયાદીને પાર્સલમાંથી ડ્રગ્સ મળ્યું છે. આરોપીઓએ ફરિયાદીને મની લોન્ડરિંગ અને ડ્રગ્સની હેરાફેરીમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. આ વાતને વધુ વિશ્વસનીય બનાવવા માટે નકલી પોલીસે EDના લોગોવાળો એક બનાવટી લેટર પણ ફરિયાદીને મોકલ્યો હતો. જેમાં તેમને ગંભીર કેસમાં ફસાવવામાં આવ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ધમકીથી ડરીને ફરિયાદી ગૂંચવાયા હતા અને આરોપીની જાળમાં ફસાયા હતા. આરોપીઓએ ફરિયાદીને ICICI બેંકની એપ્લિકેશન દ્વારા ઈન્સ્ટન્ટ લોન લેવા માટે દબાણ કર્યું હતું. ફરિયાદીએ લોન માટે અરજી કરી અને લોન મંજૂર થતાં જ, આરોપીઓએ ૧૯,૯૧,૦૦૦ની સમગ્ર રકમ પોતાના બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ રીતે, આરોપીઓએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરીને તેમના લાખો રૂપિયા પડાવી લીધા. આ છેતરપિંડીનો ભોગ બન્યા બાદ ફરિયાદીએ ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તત્કાલ તપાસ હાથ ધરી અને જે બેંક એકાઉન્ટમાં પૈસા જમા થયા હતા તેની ડિટેલ્સ મેળવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે, આ બેંક એકાઉન્ટ મહેસાણાના રાધનપુર રોડ પર રાધે કીર્તન ફ્લેટના રહેવાસી હિરેનકુમાર પટેલના નામે હતું. હિરેન જમીન દલાલીનું કામ કરે છે. પોલીસે હિરેનની ધરપકડ કરી અને પૂછપરછ કરતાં તેણે કબૂલ્યું કે, તેણે ૨,૮૧,૦૦૦ના કમિશન માટે પોતાનું બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડ કરતી ટોળકીને ભાડે આપ્યું હતું. પોલીસની તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, હિરેનના આ બેંક એકાઉન્ટમાં કુલ ૪,૯૦,૯૬,૪૦૧નું મોટું ટ્રાન્ઝેક્શન થયું હતું. આ એકાઉન્ટનો ઉપયોગ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશભરમાં અનેક સાયબર ગુનાઓ માટે થયો હતો. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર તેના બેંક એકાઉન્ટ પર કુલ ૧૪ ગુનાઓ નોંધાયેલા છે. આમાંથી ૪ ગુના તમિલનાડુમાં, ૩ મહારાષ્ટ્રમાં, ૨ પશ્ચિમ બંગાળમાં, ૨ કર્ણાટકમાં અને ૧-૧ ગુનો હરિયાણા, ગુજરાત અને ઝારખંડમાં નોંધાયેલો છે.



ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના ૧૫૦૦મા જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે મોડાસામાં દાવતે ઈસ્લામીના ડિપાર્ટમેન્ટ મદ્રસતુલ મદીના દ્વારા મદ્રેસામા પઢતા નાના બાળકોનું વિશાળ જુલૂસ કાઢવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, દાવતે ઈસ્લામી દ્વારા મોડાસા શહેરમાં નાના બાળકો અને બાળકીઓના ૧૭ મદ્રેસા ચાલે છે જેમાં અંદાજે ૧૫૬૦ બાળકો-બાળકીઓ કુર્આનની તાલીમ પ્રાપ્ત કરે છે.

# ભરૂચ : નર્મદા નદીની જળ સપાટીમાં ઘટાડો



(તસવીર : વાહીદ મશ્હદી, ભરૂચ)

(સંવાદદાતા દ્વારા)ભરૂચ, તા.૩૧

ભરૂચમાં નર્મદા નદીની જળ સપાટીમાં સતત ઘટાડો નોંધાયો છે. હાલ નદીની જળ સપાટી ૧૮.૩૭ ફૂટ પર પહોંચી છે. પાણીની આવકમાં ઘટાડો થતા સરદાર સરોવર ડેમના ૧૫ પૈકી ૫ દરવાજા બંધ કરવામાં આવ્યા છે. હાલ સરદાર સરોવર ડેમના ૧૦ દરવાજા ૧.૪૦ મીટર સુધી ખોલીને નદીમાં ૧ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, જયારે પાવરહાઉસ મારફતે વધારાના ૪૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. એટલે કુલ મળી નર્મદા નદીમાં ૧ લાખ ૪૫ હજાર ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. જળ સપાટીમાં ઘટાડા સાથે નદીના કાંઠે વસવાટ કરતા વિસ્તારોમાં હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. જોકે સત્તાવાળાઓ હજીપણ સાવચેતી રાખવાની અપીલ કરી રહ્યા છે, ખાસ કરીને નદીકાંઠાના ગામો અને શહેરના નદી કિનારે જનાર લોકોને ચેતવણી આપવામાં આવી છે.

# મોડાસાની મખદુમ એજ્યુ. સોસાયટીના પ્રમુખ બિનહરીફ



આજરોજ રવિવારે મોડાસા મખદુમ એજ્યુકેશન સોસાયટીની સામાન્ય સભા યોજાયેલ હતી. જેમાં પ્રમુખનું રાજીનામું આવતા નવા પ્રમુખની વરણી કરવામાં આવી. જેમાં બિનહરીફ ઉમેદવાર તરીકે છેલ્લા ૨૨ વર્ષથી શિક્ષણ સાથે સંકળાયેલ અને ૮ વર્ષ સેક્રેટરી તરીકે સેવાઓ આપેલ મોહસીન હાજી મોહમ્મદ સલીમ બુલાની નિમણૂક કરવામાં આવેલ છે. મોડાસા મુસ્લિમ સમાજના તમામ આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી.

# વડોદરાનો બાજવા વિસ્તાર જળબંબાકાર : ઘરોમાં પાણી પ્રવેશતા ભયના ઓથાર હેઠળ લોકોને રાત્રિ ઉજાગરા

## GSFC કંપની દ્વારા પાણી છોડવામાં આવ્યું હોવાનો સ્થાનિકોનો આક્ષેપ





(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૧

વડોદરામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ત્યારે શહેરના બાજવા ગામ ખાતે પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જોકે વરસાદ બંધ થયા બાદ સતત બીજા દિવસે પણ પાણી ઓસર્યા નથી. લોકોના ઘરોમાં પાણી પ્રવેશી ગયા છે. જેના કારણે લોકોને નુકસાની થવા પામી છે. આખી રાત શંકર સોસાયટી, આંબેડકર નગર સહિતના આસપાસના વિસ્તારમાં લોકો રાત્રી ઉજાગરા કરવા મજબૂર બન્યા હતા.

વરસાદ બંધ થયા બાદ પણ બાજવા ગામમાં પાણી ઓસર્યા નથી. લોકોના ઘરોમાં, મંદિરોમાં તેમજ પ્રાથમિક શાળામાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. ત્યારે, વિસ્તારના લોકોએ આક્ષેપ કર્યા હતા કે વરસાદ બંધ થયો છતાં પાણી આવી રહ્યું છે. GSFC સહિતની આસપાસની કંપનીઓ દ્વારા પાણી છોડવામાં આવતા આજે આ પરિસ્થિતિ સર્જાઈ છે. દર વર્ષે ચોમાસામાં આ સમસ્યા સર્જાય છે. પણ કોઈ યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. જેના કારણે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. આખી રાત લોકોએ પાણીનું લેવલ વધી જવાના ભય હેઠળ રાત્રિ ઉજાગરા કરવા મજબૂર બન્યા હતા. જ્યારે નોકરી પર જતાં લોકોને પણ ઘણી મુશ્કેલી પડી હતી. કેટલાક લોકોના વાહનો પણ ખોટકાયા હતા. જેથી તંત્ર સામે બળાપો કાઢ્યો હતો.

શંકર સોસાયટી ખાતે રહેતા સ્થાનિક રહીશે જણાવ્યું હતું કે, વરસાદ બંધ થયા બાદ પાણી ઓસરી ગયું, પણ એના થોડા સમય બાદ ફરી પાણી ચડવા માંડ્યું હતું. તો આ પાણી આવ્યું ક્યાંથી? એનો મતલબ કે આ પાણી જીએસએફસી કંપની દ્વારા છોડ્યું હોય તો જ પાણી આવે. એના સિવાય બીજું ક્યાંથી પાણી આવવાનું. આ તો દર વર્ષની સમસ્યા છે. અહીંયા ઘૂંટણ સુધી કમર સુધી પાણી આવી જાય છે. એટલે આનો કાયમી ધોરણે કોઈ નિરાકરણ આવે એવી અમારી માંગણી છે. બીજા એક સ્થાનિક રહીશે જણાવ્યું હતું કે, અમારે દર વખતે આવી સમસ્યા રહે છે. ફર્ટિલાઇઝર સહિત આસપાસની કંપનીઓ આવેલી છે. એના લીધે પાણીનો નિકાલ થતો નથી. ઘણીવાર રજૂઆત કરી છે, પણ કોઈ જાગતું નથી. બધા બેદરકાર છે, કોઈને કંઈ પડી નથી. ચારે બાજુ બસ પાણી પાણી જ દેખાઈ રહ્યું છે. ઘરનો સામાન બધો ખરાબ થઈ ગયો છે. કોઈ જોવા પણ નથી આવતું. આ પાણી કંપનીઓ દ્વારા જ આવે છે અને તેના દ્વારા કોઈ સુવિધા આપવામાં આવતી નથી. બીજા એક સ્થાનિક મહિલાએ જણાવ્યું હતું કે કોઈ ધ્યાન રાખતું નથી. કોઈ પૂછતું પણ નથી. અમારા ઢોરોને પણ શું ખવડાવીએ, ઘાસના પુડા પણ પલળી ગયા છે કંપની પણ અમારી સામે કાંઈ જોતી નથી. દર વર્ષે આની આજ સમસ્યા રહે છે. નોંધનીય છે કે, ગતરોજ વરસાદ ખાબક્યો હતો. જેના કલાકો બાદ પણ બાજવા ગામમાં શંકર સોસાયટી, આંબેડકર નગર, ન્યુ આંબેડકર નગર સહિતની વસાહતોમાં આજે પણ વરસાદી પાણી ભરાય રહ્યા છે. જેના કારણે લોકો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે અને તંત્ર પાસે યોગ્ય નિરાકરણ કરવાની માગણી કરવામાં આવી છે.

# એડનવાલા ઉચ્ચતર માધ્યમિક શાળામાં દીકરીઓને માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાયો



(સંવાદદાતા દ્વારા)

સિદ્ધપુર, તા.૩૧

તારીખ ૩૦/૮/૨૦૨૫ના રોજ એડનવાલા ઉચ્ચતર માધ્યમિક શાળાના 'યાસ્મિન હૉલ'માં તમામ દીકરીઓને કુરાન અને હદીસની રોશનીમાં ઈસ્લામમાં ઉચ્ચ શિક્ષણનું મહત્વ શું છે તેની સમજ આપવામાં આવી. શાળાના આચાર્યની સૂચના અનુસાર 'દર પંદર દિવસે શનિવારે' જુદા જુદા વિષય નિષ્ણાત દ્વારા 'સ્ત્રી શિક્ષણ'ને મહત્વ આપીને ઉજાગર કરવામાં આવે છે.મહિલા સશક્તિકરણ તંદુરસ્ત શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ, સ્વરોજગાર, બિઝનેસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા, સારી આદતો, વિકાસ, મહેમાન નવાજી, મા-બાપ અને કુટુંબ પ્રત્યેની વફાદારી અને તેમનું સન્માન, પાલન પોષણ, ખાના-ખજાના topics, ઈસ્લામમાં પરદાનું મહત્વ, શાળા કોલેજ કે વ્યવસાયિક સંબંધોમાં વિવેક, મોબાઈલ ચેટિંગમાં તકેદારી, રોજબરોજની જિંદગીમાં શિસ્ત, સમર્પણ અને સેવાના મૂલ્યો, ભવિષ્યની કૌટુંબિક જવાબદારીઓ વગેરે તમામ બાબતો અંગે અનુભવી શિક્ષક જે. કે. સૈયદએ ઉત્સાહ સાથે મનનીય પ્રવચન કર્યા હતા. આ કાર્યક્રમમાં આબેદાબેન મલેક, બિલકીસબેન મનસુરી અને જસ્મીન બેન મનસુરી ઉપસ્થિત રહ્યા હતા.

# ગણપતિની મૂર્તિ પર ઈંડાં ફેંકવાની ઘટનામાં વધુ ત્રણ ઝડપાયા

વડોદરા, તા.૩૧

વડોદરામાં પાણીગેટ માંડવી રોડ પર ગણપતિની પ્રતિમા પર ઈંડાં ફેંકવાની ઘટનામાં સામેલ વધુ ત્રણ આરોપીઓ અજમેરથી ઝડપાઈ ગયા છે. તેઓને લઈને પોલીસ વડોદરા આવી રહી છે.ગત સોમવારે મોડીરાતે અઢીથી ત્રણ વાગ્યા દરમિયાન પાણીગેટ માંડવી રોડ પર ગણપતિની મૂર્તિ પર ઈંડા ફેંકી ધાર્મિક લાગણી દુભાવી અશાંતિ ફેલાવવાના પ્રયાસના ગુનામાં સિટી પોલીસે અત્યારસુધી કુલ છને ઝડપી પાડ્યા હતા. જ્યારે આ ઘટનાના મુખ્ય સૂત્રધાર અને માફિયા ગેંગના નામે સોશિયલ મીડિયા પર ચાલતા ગ્રુપના એડમિન જુનેદ સિન્ધી તથા અનસ કુરેશી અને સમીર શેખ ઝડપાયા ન હતા. પોલીસ તેઓને પકડવા માટે ટેકનિકલ સોર્સની મદદ લઈ રહી હતી. દરમિયાન ત્રણેય આરોપીઓ અજમેરથી ઝડપાઈ ગયા છે.

# પ્રાંતિજમાં માસૂમ બાળકી સાથે અડપલાં કરનાર વૃદ્ધ સામે પોલીસમાં ફરિયાદ

(સંવાદદાતા દ્વારા )

પ્રાંતિજ, તા.૩૧

પ્રાંતિજમાં ૬૨ વર્ષના વૃદ્ધે ૬ વર્ષની બાળકીને શારીરિક અડપલાં કર્યાની ઘટના સામે આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પ્રાંતિજના વોરવાડ વિસ્તારમાં રહેતા આરોપી અબ્દુલ રહીમ વોરા ઉર્ફે "બતક" નામનો વૃદ્ધ આઈસ ગોળા બનાવવાનું કામ કરતો હતો. તે વૃદ્ધે ૬ વર્ષની નાની બાળકી એકલી રસ્તે જતી હતી. ત્યારે તેને બોલાવીને બેથી ત્રણ વખત અશ્લીલ રીતે સ્પર્શ કર્યા હતા. જેથી નાની બાળકી આ કૃત્યથી ગભરાઈ ગઈ હતી અને ઘરે પોતાના માતા-પિતાને સમગ્ર બાબત જણાવી હતી. જેના પગલે બાળકીના માતા-પિતાએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત વૃદ્ધ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે વિવિધ કલમો હેઠળ આરોપી અબ્દુલ રહીમ ઉર્ફે બતક વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસાની ચામુંડા સોસાયટીમાં સફાઈના નામે મીંડુ, રહીશોની પાલિકામાં રજૂઆત

ડીસા, તા.૩૧

ડીસા શહેરમાં સ્વચ્છતા અભિયાનને લઈને સુંદર કામગીરી કરવામાં આવી રહી છે. જેના પગલે અભિયાનની કામગીરી અંતર્ગત ડીસા નગરપાલિકાને સમગ્ર ગુજરાતમાંથી છઠ્ઠો ક્રમ મળ્યો છે. આજે પાલિકાની સ્વચ્છતા અભિયાનની પોલ ખુલી જવા પામી છે. ડીસા વોર્ડ નં.૫માં આવેલ ચામુંડા સોસાયટીમાં છેલ્લા ૧૦ વર્ષથી પાલિકા દ્વારા સાફસફાઈ કરવામાં આવતી ન હોવાની રહીશોએ ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરી છે. જ્યારે ડોર ટુ ડોર કલેક્શનની ગાડી પણ ચામુંડા સોસાયટીમાં આવતી ન હોવાનું રહીશો જણાવી રહ્યા છે. ચામુંડા સોસાયટીમાં સાફસફાઈના અભાવે હિરાના કારખાનાંમાં કામ કરતાં લોકો સહિત સોસાયટીના રહીશો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. જ્યારે હમણાંથી પીવાના પાણીને લઈને પણ મુશ્કેલી ઉભી થઈ છે. આમ ડીસા નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. રહીશોએ ચીફ ઓફિસર સમક્ષ રજુઆત કરી માંગ કરી હતી કે ચામુંડા સોસાયટીમાં રેગ્યુલર સાફસફાઈ થાય અને નિયમિત પાણી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# ભાભર-ખડોસણ રેલવે ગરનાળામાં પાણી ભરાઈ રહેતા ખેડૂતોને હાલાકી



ડીસા, તા.૩૧

ભાભરમાં રેલવે તંત્રની બેદરકારીથી ખેડૂતો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હોવાની ફરિયાદો ઊઠી છે. ભાભરમાંથી પસાર થતી રેલવે લાઈનના ભાભર-ખડોસણ ગામને જોડતા રસ્તા ઉપરથી પસાર થતાં રેલવે પાટાના ક્રોસિંગ માટે રેલ્વે દ્વારા અંડર ગ્રાઉન્ડ ગરનાળું બનાવ્યું છે. આ વિસ્તારમાં આજુબાજુ ખેતરોમાં રહેતા ખેડૂતો ગરનાળામાંથી અવરજવર કરે છે પરંતુ થોડોક પણ વરસાદ પડે અને અંડર ગ્રાઉન્ડ ગરનાળું પાણીથી ભરાઈ જાય છે. જેના કારણે ચોમાસા દરમિયાન ખેડૂતો માટે રેલવે ક્રોસિંગ કરવું માથાના દુખાવા સમાન બની જાય છે. ખેડૂતોની માંગ છે કે રેલવે તંત્ર દ્વારા અંડર ગ્રાઉન્ડ ગરનાળામાંથી વરસાદી પાણી નિકાલ માટે કોઈક કાયમી વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે જરૂરી છે.

# વડોદરાના શંકરપુરા ગામે યુવતીને રસ્તામાં રોકી અડપલાં કર્યાં બાદ ધમકી આપતા બે નરાધમ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૧

શકંરપુર ગામે રહેતા બે યુવકો દ્વારા એક્ટિવા પર એકલી જઈ રહેલી ૧૯ વર્ષીય યુવતીને રસ્તામાં ઊભી રાખી હતી. ત્યારબાદ એક યુવક તેની એક્ટિવા પર બેસી ગયો હતો અને ખટંબા પાસે સુમસામ જગ્યા પર લઈ ગયો હતો. યુવતી સાથે શારીરિક અડપલા કરીને તારો વીડિયો બનાવી સોસાયટીના ગ્રૂપમાં મુકી દઈશ તેવી ધમકી આપી હતી. જેથી યુવતીએ બંને યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા જિલ્લાના શંકરપુરા ગામે આવેલી ગોકુલેશ સોસાયટીમાં રહેતા મયુર ભરવાડ તથા પ્રકાશ ભરવાડે એક્ટિવા પર જઈ રહેલી યુવતીની એકલતાનો લાભ લઈને રસ્તામાં ઊભી રાખી હતી. ત્યારબાદ મયુર ભરવાડ યુવક તેની એક્ટિવા પાછળ બેસી ગયા હતા. ત્યારબાદ બંને તેણીને ખટંબા ગામની બાજુમાં આવેલી ટીપી રોડ પર લઈ ગયો હતો અને પ્રકાશ ભરવાડ પોતાની એક્ટિવા પર યુવતીની પાછળ આવ્યો હતો. ત્યારબાદ પ્રકાશ ભરવાડ તેની એક્ટિવા પર બેસી રહ્યો હતો અને જ્યારે મયુર ભરવાડ યુવતીને મરજી વિરૂદ્ધ શારિરીક અડપલા કરવા લાગ્યો હતો. તુ મને શારીરિક સંબંધ બાંધવા દે નહીતર તારા કપડા ફાડી નાખીશ. ત્યારબાદ તેનો વીડિયો બનાવીને સોસાયટીના ગ્રૂપમાં મુકી દઈશ તેવી ગર્ભિત ધમકી આપી હતી. જેથી ગભરાયેલી યુવતી જેમ તેમ કરીને તેમના ચુંગાલમાં છુટીને ઘરે જતી રહી હતી. ત્યારબાદ તેમના માતા પિતાને જાણ કરી હતી. જેથી પરિવારના સભ્યોએ વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મયુર તથા પ્રકાશ ભરવાડ નામના યુવકોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# કલોલ જુમ્મા મસ્જિદના મદ્રેસાના બાળકોનો શાનદાર જલસો યોજાયો

(સંવાદદાતા દ્વારા)

કલોલ, તા.૩૧



(તસવીર : નાસીર મલેક, કલોલ)

કલોલમાં જશ્ને ઈદે મિલાદુન્નબીની ઉજવણીનો માહોલ છે ત્યારે કલોલમાં આવેલ જુમ્મા મસ્જિદના ચોકમાં અંજુમને તરક્કી-એ-ઈસ્લામ તરફથી મસ્જિદના મદ્રસામાં પઢતા ૪થી ૧૫ વર્ષના બાળકોનો ઈનામી જલ્સો યોજાયો હતો. તેમાં મદ્રેસાના ઉસ્તાદ સૈયદ વસીમબાપુ કાદરી, જલાલુદ્દીન અત્તારી, હાફીઝ તુફેલ સહાબ, જૈનબ આપા અને નૌસીનખાતુને બાળકોને દીનની તાલીમ આપી તૈયાર કર્યા હતા. આ પ્રસંગે ૩૩ બાળકોએ કુર્આન શરીફ મુકમ્મલ કર્યા તે બાળકોને અંજુમન તરફથી મોમેન્ટો અને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. તે બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉલ્માએ કિરામ તથા અકીદતમંદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કુલ ૭૫ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ગત રાત્રે યોજાયેલા ઈનામી જલ્સા બાદ આજે સવારે મદ્રેસાના બાળકોનું ઈદે મિલાદનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જેમાં ૩૫૦ જેટલા બાળકો જોડાયા હતા. ઈસ્લામી લિબાસમાં ભૂલકાઓએ 'નૂરવાલા આયા હૈ'ની સદા બુલંદ કરી હતી.

# સોખડા ગામે મહિલાઓને સ્તન કેન્સર અને મોનોપોઝ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૧



(તસવીર : અતિક શેખ, વડોદરા)

ગામડાઓમાં રહેતી સ્ત્રીઓને જાગૃતિ, શિક્ષણ અને સ્તન કેન્સર તથા રજોનિવૃત્તિ સંબંધિત આરોગ્ય પડકારોના વહેલા નિદાન દ્વારા સશક્ત બનાવવા માટે ફિક્કી ફ્લો, વડોદરા દ્વારા શહેર નજીકના સોખડા ગામ ખાતે જગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ફિક્કી ફ્લો વડોદરા ચેપ્ટરના પ્રમુખ શિવાની પટેલના નેતૃત્વમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગામની આશરે ૪૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો જેઓને નિષ્ણાત તબીબ ગાયનેકોલોજિસ્ટ ઓબસ્ટ્રેટીશિયન ડો. રશ્મિ બેનર્જી દ્વારા જેમને સ્તન કેન્સર અને મેનોપોઝ અંગે જાણકારી આપી જાગૃત કરવામાં આવ્યા હતા. શરૂઆતથી જ ફ્લો કવચ વડોદરા શહેર તથા આસપાસના ગામડાંઓ રણુ, પાદરા, સોખડા અને કરજણની ૧૭૦૦થી વધુ મહિલાઓને જાગૃતિ કાર્યક્રમ યોજી સમજણ આપી છે. ફ્લો વડોદરાની અધ્યક્ષ શિવાની પટેલે જણાવ્યું હતું કે, "ફ્લો કવચ માત્ર એક કાર્યક્રમ નથી - આ એક ચળવળ છે જે મહિલાઓને સુરક્ષિત કરે છે, સશક્ત બનાવે છે અને તેમને જ્ઞાન તથા જરૂરી આરોગ્યસેવા સુધી પહોંચાડે છે.

# સુવા ગામની ગૌચર જમીન પર અતિક્રમણ મામલે GIDC વિરૂદ્ધ વાગરા કોર્ટનો વચગાળાનો મનાઈ હુકમ

વાગરા, તા.૩૧

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના સુવા ગામમાં ગૌચરની જમીન પર ગેરકાયદેસર રીતે રસ્તો બનાવવાના પ્રયાસ બદલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) વિરૂદ્ધ વાગરા કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે ગામની ગૌચરની જમીનમાં કોઈપણ પ્રકારની દખલગીરી ન કરવા માટે GIDC સામે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો છે. સુવા ગ્રામ પંચાયત દ્વારા GIDC વિરૂદ્ધ કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે, જૂના સર્વે નંબર ૬૭૨ અને હાલના સર્વે નંબર ૫૩/૧ પૈકીની ૪૫ હેક્ટર જમીન ગૌચર માટે ફાળવવામાં આવી છે. ઉક્ત જમીન સુવા ગ્રામ પંચાયતના હસ્તક અને વહીવટ હેઠળ છે. જો કે, GIDC દ્વારા આ જમીન પર રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેના કારણે પશુધનને ઘાસ ચારો ચરવામાં મુશ્કેલી ઊભી થતી હતી. ગ્રામ પંચાયત દ્વારા વિરોધ કરવા છતાં GIDC અટકતું ન હતું. અને પોલીસને બોલાવીને પંચાયતના સભ્યોને ધમકાવવામાં પણ આવ્યા હોવાના આક્ષેપો જે તે વખતે થયા હતા. આ મામલે સુવા ગ્રામ પંચાયતે વકીલ દ્વારા કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જ્યારે GIDCએ પણ વકીલ મારફતે રજૂઆત કરી હતી કે, દહેજ GIDCમાં ૨૦૦૦થી વધુ ઉદ્યોગો સ્થાપિત થયા છે અને જાહેર હિતમાં રોડ બનાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો કે, વિરોધ થતા કામગીરી અટકાવી દેવામાં આવી છે. કોર્ટે રેકોર્ડ પરના પુરાવા અને બંને પક્ષોની દલીલોને ધ્યાનમાં લીધા બાદ જણાવ્યું હતું કે, સુવા ગ્રામ પંચાયત પાસે ૪૫ હેક્ટર ગૌચરની જમીન હોવાનું પ્રથમ દૃષ્ટિએ સાબિત થાય છે. જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો ગ્રામ પંચાયત અને ગામના પશુઓને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થઈ શકે તેમ છે. આખરે વાગરાના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ રાજેશકુમાર ચંદુભાઈ સોઢાપરમારે GIDC સામે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો છે. આ ચુકાદો ગૌચરની જમીન પર ગેરકાયદેસર દબાણને રોકવા માટે એક મહત્વનું પગલું મનાય છે.

# વડોદરા : રેલવે સ્ટોરમાં સંતાડેલો દારૂનો જથ્થો ઝડપાયો : રૂા.૩૮.૫૦ લાખનો મુદ્દામાલ કબજે

## દારૂ સંતાડનાર બંને આરોપીને વોન્ટેડ જાહેર કર્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૧

વડોદરા રેલવેમાં મિકેનિકલ વિભાગમાં પોઈન્ટ મેન તરીકે ફરજ બજાવતા તથા આરપીએફમાં ફરજ કર્મચારીના પુત્ર દ્વારા રેલવેના સ્ટોર રૂમમાં સંતાડી રાખેલો રૂા.૩૮.૦૯ લાખનો દારૂ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે બંને આરોપીને ઘરે તપાસ કરતા નહી મળી આવતા તેમને વોન્ટેડ જાહેર કર્યા છે. વડોદરા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી અને રેલવે મેમુ કાર શેડ વિસ્તારમાં આવેલા રેલવે સ્ટોરરૂમમાં તપાસ કરી હતી ત્યારે સ્ટોરમમાંથી ભંગારના સામાન સાથે સંતાડી રાખેલો રૂા.૩૮.૦૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રેલવે દ્વારા કોન્ટ્રાક્ટરને સામાન મુકવા માટે સ્ટોર આપવામા આવ્યો હતો. પરંતુ કોન્ટ્રાક્ટરની જાણ બહાર આ સ્ટોર રૂમમાં ગેરકાયદે દારૂનો જથ્થો મુકવામાં આવ્યો હતો. જેથી પોલીસે દારૂનો જથ્થો કબજે કરીને કોણે આ દારૂ મુક્યો હતો તેની તપાસ કરી હતી. ત્યારે આ દારૂનો જથ્થો રેલવે કોલોનીમા રહેતા અને રેલવેના મિકેનિકલ વિભાગમાં પોઈન્ટ મેનનું કામ કરતા કાયમી કર્મચારી રૂબિન શેખ ઉર્ફે કટ્ટે તથા કપિલસિંગ દ્વારા દારૂનો જથ્થો મુકવામાં આવ્યો હતો. જેથી પોલીસે દારૂ મુકનાર રૂબિન શેખ તથા કપિલસિંગના ઘરે તપાસ કરવા માટે ગયા હતા. ત્યારે બંને હાજર ન હતા જેથી તેમને વોન્ટેડ જાહેર કર્યા છે. કપિલસિંગના પિતા આરપીએફ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

અટક બદલેલ છે
મારા પાસપોર્ટમાં મારી અટક MALKE MOBIN SALIMMAHAMMAD છે જે સુધારીને MALEK MOBIN SALIMMAHAMMAD કરેલ છે.
સરનામું : જહુરશાનો ટેકરો, પાણીગેટ, વડોદરા,
મો. 9016898423

ગેંગ સામે દેશભરમાં સમન્વય પોર્ટલમાં ૫૧૮ ફરિયાદો મળી

# આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ કરતી ગેંગના સભ્યોનો અમદાવાદની પાલડી પોલીસે પર્દાફાશ કર્યો

## ઓનલાઈન છેતરપિંડીના રૂા.૩.૧૬ કરોડની રોકડ સાથે છ યુવકો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ કરતી ગેંગના સભ્યોનો અમદાવાદની પાલડી પોલીસે પર્દાફાશ કર્યો છે. દેશના અલગ અલગ શહેરો અને રાજ્યોમાં લોકો સાથે સાયબર ફ્રોડ કર્યો છે. ફ્રોડના જે પણ ટ્રાન્જેક્શન ભાડે આપેલા બેંક એકાઉન્ટમાં પૈસા જમા થાય એને આ આરોપીઓ દ્વારા ઉપાડવામાં આવતા હતા. અત્યાર સુધીમાં આરોપીઓએ રૂા.૨૩.૨૩ કરોડનાં ટ્રાન્ઝેક્શનનો કર્યા હોવાનો ખુલાસો થયો છે. આ ગેંગ સામે દેશભરમાં સમન્વય પોર્ટલમાં ૫૧૮ ફરિયાદો મળી છે. પોલીસે અમદાવાદ, મહેસાણા, માણસામાંથી આરોપીઓની ધરપકડ કરી રૂા.૩.૧૬ કરોડ રોકડ, ૧૫ મોબાઈલ અને ચેકબુક સહિતનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતા યુવક સાથે



૨૫૦૦૦ રૂપિયાનું સાયબર ફ્રોડ થયું હોવા અંગેની સાયબર પોર્ટલ પર ફરિયાદ થઈ હતી. જે ફરિયાદના આધારે પાલડી પોલીસે તપાસ કરતા એક મોટા આંતરરાષ્ટ્રીય સાઈબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ થયો હતો. પોલીસે બેંક એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરેલા પૈસા અંગેની તપાસ કરતા ત્રણ લેયરમાં પૈસા ટ્રાન્સફર થયા હતા. જેમાં ત્રીજા લેયરના એકાઉન્ટની તપાસ કરતા તેમાંથી યુનીયન બેક્રના અલગ અલગ એકાઉન્ટમાં ફ્રોડના નાણાં ટ્રાન્સફર થયેલા હોવાનું જણાયું હતું. તમામ એકાઉન્ટની વિગત ચેક કરતા મોટી રકમના સેલ્ફ ચેક દ્વારા રોકડમાં નાણાં ઉપડતા હોવાની વિગતો સામે આવી હતી.

પાલડી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.આર પરડવાએ જણાવ્યું હતું કે યુનીયન બેક્રના અલગ અલગ એકાઉન્ટમાંથી રોકડ નાણાં કોણ કોણ અને કેવી રીતે ઉપાડી રહ્યા હોવાની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે જે બેક્ર એકાઉન્ટનો સાયબર ફ્રોડમાં ઉપયોગ થયો છે તેવા બેક્ર એકાઉન્ટમાંથી હાલમાં જ ટ્રાન્જેકશન થયા છે. જેથી પોલીસે ટ્રાન્જેકશન કરનાર વ્યક્તિઓને પકડી પુછ-પરછ કરતા તેઓએ અલગ અલગ એકાઉન્ટ પૈકી બે બેક્ર એકાઉન્ટમાંથી સેલ્ફ ચેક દ્વારા રોકડા રૂા.૩.૧૮ કરોડ ઉપાડયા હતા. જે બેક્ર એકાઉન્ટમાંથી પૈસા ઉપાડ્યા હતા. તે બેક્ર એકાઉન્ટ ભાડે લેવામાં આવ્યા હતા. ચેકબુકમાં પહેલાથી જ સહી કરાવી દેવામાં આવતી હતી અને સેલ્ફ ના ચેક લઈ અને પૈસા ઉપાડી જે તે જગ્યા ઉપર મૂકી રાખવામાં આવતા હતા. સેકન્ડ લેથરમાં યશ બેક્રના એકાઉન્ટ નંબર ઉપર NCCRP પોર્ટલ પર ચેક કરતા સાયબર ફ્રોડની સમન્વય પોર્ટલ ઉપર એક્લોઝમેન્ટ નંબરથી કુલ-૧૩૬ એપ્લીકેશનો થયેલી છે. થર્ડ લેયરના જુબીલી હિલ્સ મર્ચન્ટના એકાઉન્ટ ઉપર સાયબર ફ્રોડની સમન્વય પોર્ટલ/ NCCRP પોર્ટલ પર કુલ-૫૧૮ એપ્લીકેશનો થયેલ છે, જેમાં રૂા.૨૩.૨૩ કરોડનું ટ્રાન્જેકશન થયું છે. જેમાંથી સાયબર ફોર્ડને લગતા રૂા.૯.૬૮ કરોડનું ડીસ્પ્લટ એમાઉન્ટ તપાસ દરમ્યાન જમા થયેલાનુ જણાયું છે.

આરોપીઓમાં આરીફખાન અકબરખાન મકરાણી (રહેઃ-ગામ-ગંભીરપુરા તા.ઈડર જી-સાબરકાંઠા કાલ રહેઃ-૨૪ ધાબરનગર સોસાયટી, યુ-એન મહેતા હોસ્પીટલની સામે, શાહીબાગ, અમદાવાદ), અશ્વિનકુમાર નટવરલાલ પટેલ (રહે.-જુનાપરા ગામ-લાખવડ તા.જી.મહેસાણા), સ્મીત સતિષચંન્દ્ર ચાવડા (કોઠીવાળીચાલી ટાવર પાસે, કલોલ જી.ગાંધીનગર), રાકેશ સવારામ પ્રજાપતી ( રહે-પખાલીની પોળ રાયપુર દરવાજા પાસે આસ્ટોડીયા અમદાવાદ), જગદીશકુમાર મહેન્દ્રભાઈ પટેલ (રહે. ગામ-ઈટાદરા તા.માણસા જી.ગાંધીનગર), જસ્મીન રાજુભાઈ ખંભાયતા (રહેઃ-૩૨/જે સેટેલાઈટ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ)નો સમાવેશ થાય છે.

# અંધશ્રદ્ધાએ માસૂમનો ભોગ લીધો; આણંદમાં ૫ વર્ષની બાળકીના કાકાના મિત્રે બલિ ચડાવી

## NDRFની ટીમ દ્વારા નદીમાં મૃતદેહની શોધખોળ શરૂ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં પાંચ વર્ષીય બાળકનું અપહરણ અને હત્યાનો ભયાનક કિસ્સો સામે આવ્યો છે. આણંદના આંકલાવ તાલુકામાં તાંત્રિક વિધિ માટે પાંચ વર્ષની બાળકીનું અપહરણ કર્યા બાદ હત્યા નિપજાવી હોવાની ચોંકાવનારી ઘટના બની છે. જેમાં બાળકીની બલિ ચડાવી નદીમાં ફેંકી દીધી હોવાની ઘટસ્ફોટ થયો છે. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આંકલાવ તાલુકાના નવાખલ ગામની તુલસી સોલંકી નામની બાળકી ગઈકાલે શનિવારે (૩૦ ઓગસ્ટ) મંદિરે જવાનું કહીને ઘરેથી નીકળી હતી. જોકે, ઘણા સમય બાદ પણ બાળકી ઘરે ન આવતા પરિવારે મંદિર અને તેની આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી. પરંતુ ક્યાંય મળી ન આવતા પરિવારે અંતે આંકલાવ પોલીસમાં જાણ કરી હતી. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસમાં તાંત્રિક વિધિ કરાઈ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જેને લઈને પોલીસને બાળકીના કાકાના મિત્ર અજય પથિયાર પર શંકા જતાં તેની પૂછપરછ કરી હતી. જેમાં અજયે જણાવ્યું હતું કે, 'હું તાંત્રિક વિધિ માટે ભુવા પાસે ગયો હતો. જેમાં ભુવાએ તાંત્રિક વિધિ કરવા માટે બાળકીની બલિ આપવાનું કહેલું.' અજયે બાળકીનું અપહરણ કર્યું હતું અને તાંત્રિક વિધિ માટે બાળકીની હત્યા કરીને તેની મૃતદેહને સિંઘરોટ નાની નદીના બ્રિજ પરથી નદીમાં ફેંકી દીધો હતો. સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરીને તાંત્રિક વિધિમાં અન્ય સામેલ આરોપીને લઈને તપાસ હાથ ધરી છે. જ્યારે નદીમાં NDRFની ટીમ દ્વારા બાળકીને શોધવાની કામગીરી શરૂ છે.

# એમ.એસ. પબ્લિક સ્કૂલ ખાતે પરંપરાગત જલ્સા-એ-ઈદે મિલાદુન્નબી યોજાયો

## અમદાવાદની પ્રતિષ્ઠિત શાળાઓના સંખ્યાબંધ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ભારે આત્મવિશ્વાસ સાથે પ્રેરક પ્રવચનો કર્યા



અમદાવાદ,તા.૩૧

અત્રેની દાણીલીમડા સ્થિત એમ.એસ. પબ્લિક સ્કૂલ ખાતે પ્રતિ વર્ષની પરંપરા મુજબ જલ્સા-એ-ઈદેમિલાદુન્નબી નિમિત્તે એક આંતર શાળાકીય વકતૃત્વ સ્પર્ધાનો પ્રશંસનીય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરની ૨૨ જેટલી શાળાઓના પ્રતિભાવંત ૩૬થી વધુ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મહાન પયંગબર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના જીવન અને આદર્શો પર આધારિત વિવિધ વિષયો પર મનનીય પ્રવચનો કરી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ કાર્યક્રમના નિર્ણાયકો તરીકે સ્કાયલાર્ક એજ્યુકેશન ટ્રસ્ટ અને ઈલ્મ ફાઉન્ડેશનના જ. અબ્દુલ રઝાક મેમન, જમાતે ઈસ્લામી હિંદ અહમદાબાદના પ્રમુખ જ. ઈકબાલ અહેમદ મિર્ઝા તથા આલીમા ફાઝીલા મહોતરમા શાઝીયા શેખ ઉપસ્થિત રહ્યા હતા અને એમણે પયંગબર (સ.અ.વ.) સાહેબના ઉપદેશો અંગે પ્રેરક ઉદ્બોધનો કર્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના વિપક્ષી નેતા જ. શહેઝાદખાન પઠાણ તથા 'ગુજરાત ટુડે'ના સહતંત્રી જ. અલમદાર બુખારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ પદે રહેલા એમ.એસ. પબ્લિક સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી જ. મોહમ્મદખાન એન. પઠાણ અને પ્રમુખ જ. શરીફખાન એન. પઠાણ તેમજ વિસ્તારના પ્રતિષ્ઠિત અગ્રણીઓ, વ્યાપારીઓ, કોર્પોરેટરો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચેની આ સ્પર્ધામાં દરેક વિભાગમાં ૧થી ૩ નંબરે આવેલા વિદ્યાર્થીઓને તો મહાનુભાવોના હસ્તે પારિતોષિક અપાયા જ હતા પરંતુ ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીઓને પણ આશ્વાસન ઈનામો અપાયા હતા. સમગ્ર કાર્યક્રમનું ભવ્ય આયોજન ટ્રસ્ટી જ. ઝૈદખાન એસ. પઠાણ અને ટ્રસ્ટી મહોતરમા તન્ઝીલા ઝેડ પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમનું સંચાલન શાળાના નાઝનીન મેડમ તથા ઝુબેદાનબેન પટેલ સહિત આચાર્યો અને વરિષ્ઠ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

થાંભલે દોરડાથી બાંધીને માર માર્યો

# સેલંબા ગામમાં ભ્રષ્ટાચારની ફરિયાદ કરનાર યુવકનો મહિલાઓએ વરઘોડો કાઢી માર માર્યો

## સેલંબા પંચાયતી મહિલા સભ્ય સહિત ૪ લોકો સામે ફરિયાદ નોંધાઈ



(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૧

નર્મદાના સેલંબા ગામમાં મહિલાઓએ એક વ્યક્તિનો વરઘોડો કાઢીને તેને થાંભલે દોરડાથી બાંધીને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં મહિલાઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે નર્મદાના સેલંબા ગામમાં એક વ્યક્તિએ ભ્રષ્ટાચાર મુદ્દે ફરિયાદ કરતાં મહિલાઓ વિફરી હતી.આ મહિલાઓએ ગામમાં જાહેર રસ્તા પર આ વ્યક્તિને માર મારીને તેનો વરઘોડો કાઢ્યો હોય તેમ ધક્કે ચઢાવ્યો હતો. ત્યાર બાદ તેને દોરડાથી થાંભલે બાંધીને સેલંબા પંચાયતની મહિલા સભ્યએ માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ વ્યક્તિને થાંભલે બાંધીને માર મારવામાં આવ્યો હતો. આ ઘટનામાં સેલંબાની મહિલાઓ અને પંચાયતની મહિલા સભ્ય સામે પીડિત યુવકે ભ્રષ્ટાચારની ફરિયાદ કરતાં માર માર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સમગ્ર મામલે સાગબારા પોલીસ સ્ટેશનમાં પીડિત યુવકે ૪ લોકો સાથે ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલાઓ સામે વધુ તપાસ હાથ ધરી છે. મહિલાઓ જ્યારે આ યુવકને મારતી હતી ત્યારે ગામમાં લોકોના ટોળા એકઠા થયા હતાં.

સરદાર પટેલ અને અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિના ઉપલક્ષમાં રચાયેલી

# બે ઉચ્ચ સ્તરીય સમિતિઓમાં શિક્ષણવિદ રિઝવાન કાદરીની નિમણૂંક

અમદાવાદ, તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ અનો સ્વ. અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિના ઉપલક્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા બે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. બે ઉચ્ચ-સ્તરીય સમિતિઓમાં અમદાવાદના જાણીતા શિક્ષણવિદ રિઝવાન કાદરીની પણ નિયુક્તિ થઈ છે. નિયુક્ત કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરતા રિઝવાન કાદરીએ જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ અને અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણીમાં મદદ કરવી એ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. સરદાર વલ્લભભાઈ પટેલના એકતાના વિઝનથી પ્રેરિત થઈને, હું આ ઉમદા પ્રયાસમાં મારા શ્રેષ્ઠ યોગદાન આપવા માટે સમર્પિત છું. હું અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિની ઉજવણી કરતી સમિતિ સાથે મારા વિચારો શેર કરવા માટે, તેમના વારસાને જાળવી રાખવા માટે સમાન રીતે પ્રતિબદ્ધ છું.



મહેર ફાઉન્ડેશન તથા સ્વસ્તિક સેવા ટ્રસ્ટ અને Parishkar-2 Phase-2 ફેસ્ટિવલ કમિટીના સંયુક્ત આયોજન હેઠળ સોસાયટીના બાળકોને શીલ્ડ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સિનિયર એડવોકેટ ગુલાબખાન પઠાણની વિશિષ્ટ હાજરી રહી હતી અને તેમના પ્રવચન દ્વારા બાળકોને વધુ પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું.

# એફ.ડી. હાઈસ્કૂલ, મકતમપુર ખાતે ઈદ-એ-મિલાદુન્નબીની અનોખી ઉજવણી કરવામાં આવી

અમદાવાદ, તા.૩૧

એફ.ડી. હાઈસ્કૂલ ખાતે જશ્ને ઈદ-એ-મિલાદુન્નબીનો કાર્યક્રમ શનિવારના રોજ ભવ્ય રીતે યોજાયો. આ પવિત્ર દિવસને સમગ્ર ઈસ્લામિક જગતમાં ખૂબ આદર અને શ્રદ્ધાથી ઉજવવામાં આવે છે. રબીઉલ અવ્વલના પ્રથમ ચાંદથી ઈદ-એ-મિલાદુન્નબી ઉજવણીનો પ્રારંભ થાય છે. કાર્યક્રમ દરમિયાન શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓએ વિશાળ સંખ્યામાં ભાગ લીધો. વિદ્યાર્થીઓ દ્વારા ૧૮ કરોડ દુરૂદ શરીફ, ૧૪૫ ખત્મે કુર્આન, યાસીન શરીફ ૨૫ પેટી અદા કરવામાં આવી. તે ઉપરાંત ન્આત શરીફ અને તકરીર રજૂ કરવામાં આવી. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર



વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામથી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સલામ, દુઆ તેમજ નિયાઝ પણ રાખવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારે વિશેષ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન શાળાની શિક્ષિકા એમ.એફ.સૈયદ તથા એસ.એમ.મનીઆર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કેમ્પસ સુપરવાઈઝર એન.પી.શેખ હાજર રહ્યા હતા. તેમ એક અખબારી યાદીમાં શાળાના ઈન્ચાર્જ આચાર્ય વાય.એ. ખટુંબરાએ જણાવ્યું છે.

# સીરત કમિટી-અહમદાબાદ દ્વારા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરાયા

## જરૂરિયાતમંદ મહિલાઓને સિલાઈ મશીન વિતરણ

અમદાવાદ,તા.૩૧

સીરત કમિટી અહમદાબાદ તરફથી આજે તા. ૩૧/૮/૨૫ના રોજ રવિવારે એલીકોન ટાવર કો.ઓ. હા. સો.લી.ના સભ્યાના હસ્તે સીરત કોમ્પ્યુટર કલાસમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. તદઉપરાંત જરૂરતમંદ ગરીબ મહિલાઓને સિલાઈ મશીન વિતરણ કરવામાં આવ્યા. હાલમાં સીરત કોમ્પ્યુટર કલાસમાં એમ.એસ. ઓફિસ બેઝીક અને ટેલિના કોર્સ ચલાવવામાં આવે છે. સીરત કમિટી છેલ્લા ૩૮ વર્ષ કરતા વધુ સમયથી (૧) શૈક્ષણિક (૨) સ્વાસ્થ્ય (૩)



સામાજિક (૪) આર્થિક ક્ષેત્રે કામ કરી રહેલ છે અને સેવાઓ પૂરી પાડે છે. (એ) શૈક્ષણિકમાં સ્કોલરશીપ, સ્કૂલ ફી બુકસ, ચોપડા જયારે (બી) સ્વાસ્થ્યમાં રાહત દરે દવાખાનું અને ફ્રી મેડીસીન (સી) સામાજિકમાં વિધવા, ત્યકતા, યતીમ, અપંગ, બેસહારા લોકોને અનાજ અને (ડી) આર્થિકમાં સ્વરોજગાર માટે આર્થિક સહાય આપવાની કામગીરી થાય છે. કમિટીના સૌ સભ્યોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેમ સીરત કમિટીના સેક્રેટરી એમ.એમ. શેખે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ડિજિટલ એરેસ્ટમાં મહેસાણાના જમીન દલાલની સુરત સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ધરપકડ

## ૨.૮૧ લાખના કમિશન પર બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડ કરતી ટોળકીને ભાડે આપ્યું હતું

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૧

સુરત સાયબર ક્રાઈમ પોલીસે ડિજિટલ એરેસ્ટ કેસમાં મહેસાણાના એક જમીન દલાલની ધરપકડ કરી છે. આ આરોપીએ ૧૯.૯૧ લાખની છેતરપિંડીમાં પોતાનું બેક્ર અકાઉન્ટ ભાડે આપવાની ભૂમિકા ભજવી હતી, આ ઉપરાંત અન્ય ઈસમોએ ભોગ બનેલા વ્યક્તિને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપીને ધમકાવી પૈસા પડાવ્યા હતા. એક અજાણ્યા વ્યક્તિએ ફરિયાદી વેબ ડિઝાઈનર યુવતીનો ૨૦૨૫માં સંપર્ક સાધ્યો અને પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખાવ્યો. તેણે ફરિયાદીને ગેરમાર્ગે દોરીને ડરાવ્યા કે તેમના આધાર કાર્ડ અને અન્ય દસ્તાવેજોનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થયો છે. આ ઉપરાંત ફરિયાદીને પાર્સલમાંથી ડ્રગ્સ મળ્યું છે. આરોપીઓએ ફરિયાદીને મની લોન્ડરિંગ અને ડ્રગ્સની હેરાફેરીમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. આ વાતને વધુ વિશ્વસનીય બનાવવા માટે નકલી પોલીસે EDના લોગોવાળો એક બનાવટી લેટર પણ ફરિયાદીને મોકલ્યો હતો. જેમાં તેમને ગંભીર કેસમાં ફસાવવામાં આવ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ધમકીથી ડરીને ફરિયાદી ગૂંચવાયા હતા અને આરોપીની જાળમાં ફસાયા હતા. આરોપીઓએ ફરિયાદીને ICICI બેંકની એપ્લિકેશન દ્વારા ઈન્સ્ટન્ટ લોન લેવા માટે દબાણ કર્યું હતું. ફરિયાદીએ લોન માટે અરજી કરી અને લોન મંજૂર થતાં જ, આરોપીઓએ ૧૯,૯૧,૦૦૦ની સમગ્ર રકમ પોતાના બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ રીતે, આરોપીઓએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરીને તેમના લાખો રૂપિયા પડાવી લીધા.

# નિકાવા ગામે એસટી બસ ટ્રકની પાછળ ઘૂસી જતાં પાંચને ઈજા

જામનગર, તા.૩૧

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં નિકાવા ગામ પાસે ગઈકાલે સાંજે માર્ગ પર ઉભેલા એક બોરવેલ ટ્રકની પાછળ એસટી બસ ધડાકાભેર અથડાઇ જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં એસ.ટી. બસના કંડક્ટર અને એક દંપત્તિ સહિત પાંચ વ્યક્તિ ઘાયલ થયા હતા. આ અકસ્માતના બનાવની વિગત એવીછે કે કાલાવડ- રાજકોટ રૂટની જીજે ૧૮ ઝેડ.ટી. ૧૧૦૯ નંબરની એસટી બસ, ગઈકાલે સાંજે નિકાવા ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહી હતી, જે દરમિયાન એસટી બસના ડ્રાઈવરની બેદરકારીના કારણે માર્ગ પર ઉભેલા એક બોરવેલના ટ્રકની પાછળ ધડાકાભેર અથડાઇ હતી. જે અકસ્માતમાં બસના આગળના ભાગનો ભૂકકો બોલી ગયો હતો, ઉપરાંત બસના અનેક કાચ તૂટ્યા હતા. સાથેસાથે બસમાં બેઠેલા મુસાફરોમાં ભારે ચીસાચીસ થઈ ગઈ હતી. આ અકસ્માતના બનાવમાં બસના કંડકટર ભાર્ગવભાઈ કિશોરભાઈ પાડલીયા, ઉપરાંત બસમાં મુસાફરી કરી રહેલા કાલાવડના વતની વિકાસચંદ્ર છોટાલાલ ભટ્ટ (ઉં.વ.૬૪) અને તેમના પત્ની રેખાબેન (ઉં.વ.૬૦) ઉપરાંત મધુભાઈ ઠાકરશીભાઈ અઘેડા વગેરેને શરીરે નાની મોટી ઈજા થઈ હતી.

# સાબરકાંઠાના ઈડરમાં પોણા ૩ ઈંચ વરસાદ ખાબક્યો : હાથમતી ડેમ ૧૦૦ ટકા ભરાયો

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સર્વત્ર સારો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ઈડરમાં ૬૯ મી.મી. (પોણા ૩ ઈંચ) નોંધાયો છે. ખેડબ્રહ્મામાં ૫૩ મી.મી. (૨ ઈંચ) અને વડાલીમાં ૪૩ મી.મી. (પોણા ૨ ઈંચ) વરસાદ થયો છે. અન્ય તાલુકાઓમાં વિજયનગરમાં ૭ મી.મી., હિંમતનગરમાં ૧૦ મી.મી., પ્રાંતિજમાં ૧૦ મી.મી., તલોદમાં ૧૭ મી.મી. અને પોશીનામાં ૧૬ મી.મી.વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે જિલ્લાના જળાશયોમાં પાણીની આવક યથાવત્ છે. હાથમતી જળાશય ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. જેમાં ૫૪૨૫ ક્યુસેક પાણીની આવક અને જાવક નોંધાઈ છે. હાથમતી પિકઅપ વિયર સતત ચોથા દિવસે ઓવરફ્લો થઈ રહ્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં અશાંતિગ્રસ્ત મણિપુરની મુલાકાત લેશે તેવી શક્યતા

**ત્રીજી મે ૨૦૨૩થી ઈશાન ભારતના આ રાજ્યમાં કૂકી અને મેઈતેઈ સમુદાયો વચ્ચે ભારે વ્યાપક હિંસાની ઘટનાઓ બની રહી છે અને આગજનીની ઘટનાઓ ચાલુ રહી છે અને હિંસામાં આખું રાજ્ય ઘેરાયેલું છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

જાતિવાદી સંઘર્ષ અને બેફામ વ્યાપક હિંસાની આગમાં સપડાયેલા અને ૨૮ મહિનાઓથી બે સમુદાય વચ્ચેની હિંસાનો ભોગ બની રહેલા ઈશાન ભારતના રાજ્ય મણીપુરની સ્થિતિ જોવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરના મધ્યમાં રાજ્યની મુલાકાત લે તેવી શક્યતા છે. એક અખબારી અહેવાલના જણાવ્યા મુજબ મોદી સપ્ટેમ્બરમાં ઈમ્ફાલ અને ચૂરાચંદપુરની મુલાકાત લે તેવી ધારણા છે અને તેઓ વિસ્થાપિત પરિવારો જે હિંસાને કારણે બેઘર થયા છે એમની પણ મુલાકાત લેશે એવી શક્યતા દર્શાવવામાં આવી રહી છે.

ત્રીજી મે ૨૦૨૩થી મણિપુરમાં કૂકી અને મેઈતેઈ સમુદાયો વચ્ચે મોટા પ્રમાણમાં વ્યાપક હિંસા થઈ રહી છે અને આગજનીની ઘટનાઓમાં રાજ્ય સપડાયેલું છે. બંને તરફ મોટા પ્રમાણમાં જાનહાનિ થઈ છે અને મિલકતોને નુકસાન થયું છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. અત્યારે મણીપુરમાં રાષ્ટ્રપતિ શાસન છે.

અહેવાલો અનુસાર પીએમ મોદી ૧૨થી ૧૪ સપ્ટેમ્બરની વચ્ચે આસામ અને મિઝોરમની મુલાકાત પણ લે તેવી શક્યતા છે અને તેઓ આ રાજ્યમાં મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓનું લોકાર્પણ પણ કરશે.

હિંસાથી ખરડાયેલા અને તોફાનોની જ્વાળાઓમાં લપેટાયેલા મણિપુર રાજ્યની સતત અવગણના કરી રહ્યા હોવાનો વિરોધ પક્ષો વડાપ્રધાન પર આક્ષેપ કરતા રહ્યા છે.



શુક્રવારે પીએમ મોદી ચીન રવાના થયા હતા ત્યારે કોંગ્રેસના મહામંત્રી અને સિનિયર નેતા જયરામ રમેશ દ્વારા એવો કટાક્ષ કરવામાં આવ્યો હતો કે અશાંતિગ્રસ્ત મણિપુરની પ્રજા હજુ પણ વડાપ્રધાનની રાહ જોઈ રહી છે. વડાપ્રધાન તો

**વિરોધ પક્ષો અવારનવાર ટીકા કરતા રહ્યા છે કે એક પણ વખત પીએમ મોદીએ હિંસાગ્રસ્ત મણિપુરની મુલાકાત લીધી નથી અને વિશ્વમાં તેઓ ફરી રહ્યા છે**

વિદેશ જવા માટે વિમાનમાં રવાના થઈ ગયા પરંતુ લાંબા સમયથી સહન કરી રહેલી રાજ્યની જનતા એમના ઘા પર મલમપટ્ટા માટે વડાપ્રધાન ક્યારે રાજ્યમાં આવશે તેની હજુ પણ રાહ જોઈ રહી છે અને ૨૦૨૩થી લોકો તેમની મુલાકાત માટે રાહ જોતા રહ્યા છે પરંતુ વડાપ્રધાનને બિલકુલ મક્કમ રીતે રાજ્યની મુલાકાત લેવાનો કે મામલો હાથમાં લેવાનો સતત ઈન્કાર કર્યો છે. મણીપુર જવાનો કે મણીપુરના રાજકીય પક્ષો કે નેતાઓ કે ત્યાંના સામાજિક સંગઠનો અને સંસ્થાઓ અને ત્યાંની જનતા સાથે કોઈપણ સંપર્ક કરવાનું હઠપૂર્વક પીએમ અત્યાર સુધી નકારતા રહ્યા છે એવું કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું. વડાપ્રધાને સાવ આસાનીથી મણિપુર પરથી હાથ ઉઠાવી લીધા છે જે કેન્દ્રના ગૃહમંત્રીની ભૂલ ભરેલી કામગીરીનો કરૂણ પુરાવો છે.

# યુપીના બલરામપુરનો મદ્રેસા અગાઉથી નોટિસ આપ્યા વિના બંધ કરી દેવાતા ૩૯ ગરીબ મુસ્લિમ બાળાઓનો અભ્યાસ બગડ્યો

**રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની કાયદેસરતા અને નક્કી કરવામાં આવેલા સમય અને અચાનક મારવામાં આવેલા સીલ સામે સવાલો ઊભા કરાયા અને મુસ્લિમોએ આક્ષેપ કર્યો છે કે વહીવટી તંત્ર ધાર્મિક શિક્ષણ સંસ્થાઓને નિશાન બનાવી રહી છે, સરકારી અધિકારીઓ કહે છે કે જરૂરી દસ્તાવેજો મળ્યા નથી**

(એજન્સી) બલરામપુર, તા.૩૧

ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ શિક્ષણ સંસ્થાઓ અને ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ સામે યુપી સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી અવિરત ઝુંબેશમાં શુક્રવારે વળી નવો ગંભીર વળાંક આવ્યો હતો. બલરામપુર જિલ્લામાં આવેલા મદ્રેસાને અગાઉથી નોટિસ આપ્યા વિના બંધ કરી દેવામાં આવતા ૩૯ જેટલી ગરીબ મુસ્લિમ બાળાઓના શિક્ષણને અસર થઈ છે અને એમનો અભ્યાસ બગડી ગયો છે.

જામિયા આલીમાં સાદીયા નામમાં મદ્રેસા શરીદતગંજ વિસ્તારમાં વર્ષોથી ચાલી રહ્યો હતો જેમાં કન્યાઓ માટે જે ગરીબ ઘરની હોય એમના માટે હોસ્ટેલની પણ વ્યવસ્થા કરવામાં આવતી હતી. પોલીસની ટુકડીઓને સાથે લઈને જિલ્લા લઘુમતી કલ્યાણ વિભાગના અધિકારીઓની એક ટીમ દ્વારા મદ્રેસાને "ગેરકાયદે"ગણાવવામાં આવ્યો હતો. અધિકારીઓને દાવો હતો કે સંચાલક ગુલામ મોઈયુદ્દીન જરૂરી દસ્તાવેજો આપી શક્યા નથી. એટલે અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો અને અગાઉ કોઈ નોટિસ પણ આપવામાં આવી નથી કે જાણ પર કરવામાં આવી નથી અને મદ્રેસાને સીલ મારીને અહીં ભણતી બાળાઓને એમના ઘરે મોકલી દેવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ગુસ્સે ભરાયેલા સ્થાનિક મુસ્લિમ નાગરિકો મોટી સંખ્યામાં સ્થળ પર એકઠા થઈ ગયા હતા. ઘણાએ કાર્યવાહીના સમયે ભારે આઘાતની લાગણી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે અડધાથી વધુ શિક્ષણ સત્ર પૂરૂં થઈ ગયું છે ત્યારે આ કાર્યવાહી કરવામાં આવી છે જે આઘાતજનક છે. અમારી દીકરીઓ અહીં હોસ્ટેલમાં સુરક્ષા સાથે અભ્યાસ કરી રહી હતી. સરકાર એમને જરૂરી દસ્તાવેજ રજૂ કરવા માટે થોડો સમય આપી શકી હોત પણ એમણે અચાનક જ ગરીબ પરિવારની ૩૯ બાળાઓને એક ઝાટકે રસ્તા પર લાવી મૂકી છે. તેમ એક સ્થાનિક નાગરિક મોહમ્મદ સલીમ કહે છે. હવે પરિવારજનો એમની દીકરીઓ માટે અભ્યાસનો વિકલ્પ શોધવા માટે દોડધામ કરી રહ્યા છે. આવી એક વિદ્યાર્થિનીની માતા રૂકસાના બેગમ જણાવે છે કે હવે મારી દીકરીને ક્યાં ભણવા મોકલવી ?





સરકારી સ્કૂલો અહીંથી ઘણી દૂર છે અને ખાનગી સ્કૂલમાં ભણાવવાની અમારી શક્તિ નથી. આ તો અમારી સાથે અન્યાય છે. પોલીસ અને જિલ્લા અધિકારીઓ અને મોટો કાફલો સ્થળ પર ધસી ગયા હતા અને મદ્રેસાને સીલ કર્યો હતો. એક અધિકારી રઘુવેન્દ્રસિંહ ગણાવે છે કે મદ્રેસાની માન્યતા અને નિયમો અંગે અત્યારે તપાસ થઈ રહી છે અને જો કોઈ વધુ ખામી કે ત્રુટિ જણાશે તો આગળથી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ જિલ્લાના તમામ મદ્રેસાઓની કાયદેસરતાની ચકાસણી કરવામાં આવી રહી છે અને સત્તાવાર માન્યતા ન હોય તેમની સામે કડક પગલાં લેવામાં આવશે.

મુસ્લિમ નેતાઓ કહે છે કે ભાજપ સરકાર મુસ્લિમ સંસ્થાઓને જ નિશાન બનાવીને આવી કાર્યવાહી કરવાની વ્યાપક ઝુંબેશ ચલાવી રહી છે કેમ કે અનેક હિન્દુ સંચાલિત શાળાઓ અને મંદિરો યોગ્ય દસ્તાવેજો કે કાગળ વિના જ ચલાવવામાં આવી રહ્યા છે પણ એમના ઉપર દરોડા પાડવામાં આવતા નથી. વર્ષોથી આ મદ્રેસા ચાલુ જ હતો તો તેની પાસે યોગ્ય દસ્તાવેજ હતા કે નહીં તેની વર્ષો સુધી કેમ ચકાસણી ન થઈ ? હવે અચાનક જ જ્યારે શિક્ષણ સત્ર અડધું થઈ ગયું છે ત્યારે ગરીબ બાળકોને ઘરે મોકલી દેવાનો મતલબ શું ? આ તો અમારા શિક્ષણ ઉપરનો સીધો હુમલો છે અને આક્રમણ છે એવું એડવોકેટ તથા સામાજિક કાર્યકર મોહમ્મદ ઈમરાનનું કહેવું છે. મદ્રેસાના વિદ્વાનો અને શિક્ષકો કહે છે કે મુસ્લિમ સમાજમાં ભયની લાગણી જમાવવા માટે અને એમના બાળકોને લોકો મદ્રેસામાં મોકલતા ડરવા લાગે એવા હેતુથી જ રાજ્ય સરકાર આવી કાર્યવાહી કરી રહી છે આ દસ્તાવેજોનો મામલો નથી પણ આ પક્ષપાત અને ભેદભાવનો મામલો છે. ગરીબ મુસ્લિમોને પરવડે એવા મામૂલી ફીના હિસાબે શિક્ષણ આપતા મદ્રેસાઓને એટલે જ નિશાન બનાવવામાં આવી રહ્યા છે તેમ મૌલાના રસીદ કહે છે. બલરામપુરના મદ્રેસાની કાર્યવાહીથી બાળાઓનું શિક્ષણ ખતરામાં પડી ગયું છે અને આખું વર્ષ ગુમાવવું પડે એવી પરિસ્થિતિ એમના માટે ઊભી થઈ છે. મોહમ્મદ અશરફ નામના એક સ્થાનિક કહે છે કે આ નિર્દોષ બાળાઓ છે અને શાંતિથી અહીં અભ્યાસ કરી રહી હતી અને એમના શિક્ષણમાં મદદરૂપ બનવાને બદલે સરકાર તેમના શિક્ષણને નષ્ટ કરી રહી છે. આ બાળાઓએ શું ગુનો કર્યો છે ?

કોમના આગેવાનોએ તાત્કાલિક રીતે તેમના નિર્ણયમાં ફેર વિચારણા કરવા અને મદ્રેસાને ખોલવા દેવા જિલ્લા વહીવટી તંત્રને અપીલ કરી છે પરંતુ સત્તાવાળાઓ તેમના નિર્ણયમાં હજુ અડગ છે અને કોઈ ફેર વિચારણા કરવા માટે જવાબ આપતા નથી. કાયદો અને વ્યવસ્થાનો બુરખો ઓઢીને મુસ્લિમ સંસ્થાઓ સામે કાર્યવાહી કરવાની યુપી સરકારની એક વ્યાપક ઝુંબેશના ભાગરૂપે જ આ કાર્યવાહી થઈ છે એવું સ્પષ્ટપણે મુસ્લિમો માને છે અને આ ચર્ચા અને વિવાદ આગળ વધી રહ્યા છે. આવી કાર્યવાહીને મુસ્લિમ સમાજના શિક્ષણ અને ધાર્મિક જીવન પર આક્રમણ કરવાના રાજ્ય સરકારના વ્યાપક અભિયાનનો ભાગ ગણવામાં આવે છે. તેઓ મુસ્લિમોના બાળકોને શિક્ષણની સિસ્ટમમાંથી દૂર કરી દેવા માંગે છે.

# રાજકીય પક્ષોનું નિયમન કરવા, બેનામી નાણાં અને ગુનાખોરી પર કાબૂ મેળવવા માટે ચૂંટણી પંચ દ્વારા નિયમોની માગણી અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી



**આ અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, 'બોગસ રાજકીય પક્ષો' માત્ર લોકશાહી માટે ગંભીર ખતરો જ નથી, પરંતુ તે કટ્ટર ગુનેગારો, અપહરણકર્તાઓ, ડ્રગ દાણચોરો અને મની લોન્ડરર્સને રાષ્ટ્રીય અને રાજ્ય પદાધિકારીઓ તરીકે નિયુક્ત કરીને દેશને બદનામ પણ કરી રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

ધર્મનિરપેક્ષતા, પારદર્શિતા અને રાજકીય ન્યાયને પ્રોત્સાહન આપવા માટે રાજકીય પક્ષોની નોંધણી અને નિયમન માટે નિયમો બનાવવા માટે ચૂંટણી પંચને નિર્દેશ આપવા માટે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, 'બોગસ રાજકીય પક્ષો' માત્ર લોકશાહી માટે ગંભીર ખતરો જ નથી, પરંતુ તે કટ્ટર ગુનેગારો, અપહરણકર્તાઓ, ડ્રગ દાણચોરો અને મની લોન્ડરર્સને રાષ્ટ્રીય અને રાજ્ય પદાધિકારીઓ તરીકે નિયુક્ત કરીને દેશને બદનામ પણ કરી રહ્યા છે.

એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે, રાજકીય પક્ષો માટે કોઈ નિયમો નથી. તેથી ઘણા અલગતાવાદીઓએ દાન એકત્રિત કરવા માટે તેમના રાજકીય પક્ષની રચના કરી છે. આ પક્ષોના કેટલાક પદાધિકારીઓ પોલીસ સુરક્ષા મેળવવામાં પણ સફળ રહ્યા છે. તાજેતરના મીડિયા અહેવાલનો ઉલ્લેખ કરતા આ અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે, આવકવેરા વિભાગે એક 'નકલી' રાજકીય પક્ષ શોધી કાઢ્યો છે જે ૨૦ ટકા કમિશન કાપીને કાળા નાણાંને સફેદમાં રૂપાંતરિત કરી રહ્યો હતો. રાજકીય પક્ષોના કાર્યમાં પારદર્શિતા અને જવાબદારી જાહેર હિતમાં જરૂરી છે કારણ કે, તેઓ જાહેર કાર્ય કરે છે અને તેથી ECIએ તેમના માટે નિયમો અને નિયમો ઘડવા જોઈએ. વકીલ અશ્વિની કુમાર દુબે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, સર્વોચ્ચ અદાલતે જાહેર જીવનમાં પારદર્શિતા અને પ્રમાણિકતા લાવવા માટે વિવિધ સુધારા શરૂ કર્યા છે. બંધારણના દાયરામાં રાજકીય પક્ષોનું નિયમન કરવાના પગલાથી મજબૂત લોકશાહી કામગીરીનો માર્ગ મોકળો થશે.

વૈકલ્પિક રીતે અરજીમાં ભારતના કાયદા પંચને વિકસિત લોકશાહી દેશોની શ્રેષ્ઠ પ્રથાઓની તપાસ કરવા અને રાજકારણમાં ભ્રષ્ટાચાર અને ગુનાહિતકરણ ઘટાડવા માટે રાજકીય પક્ષોની નોંધણી અને નિયમન અંગે એક વ્યાપક અહેવાલ તૈયાર કરવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે.

# ભારતમાં સપ્ટેમ્બરમાં વરસાદ પડવાની શક્યતા; IMDએ અચાનક પૂર અને ભૂસ્ખલનની ચેતવણી આપી; સપ્ટેમ્બરમાં ભારતમા ભારે વરસાદ, ઘોડાપૂર અને ભૂસ્ખલનની આગાહી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

ભારતીય હવામાન વિભાગ (IMD) એ રવિવારે જણાવ્યું હતું કે, ભારતમાં સપ્ટેમ્બરમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની સંભાવના છે. IMD આગાહી કરે છે કે સપ્ટેમ્બર ૨૦૨૫ માટે માસિક સરેરાશ વરસાદ ૧૬૭.૯ મીમીના લાંબા



ભારે વરસાદને કારણે સપ્ટેમ્બરમાં ઉત્તરાખંડમાં ભૂસ્ખલન અને અચાનક પૂર આવી શકે છે અને દક્ષિણ હરિયાણા, દિલ્હી અને ઉત્તર રાજસ્થાનમાં સામાન્ય જનજીવન ખોરવાઈ શકે છે.

ઘણી નદીઓ ઉત્તરાખંડમાંથી ઉદ્ભવે છે. તેથી, ભારે વરસાદનો અર્થ એ છે કે

**IMDએ આગાહી કરી છે કે સપ્ટેમ્બર ૨૦૨૫ માટે માસિક સરેરાશ વરસાદ ૧૬૭.૯ મીમીના લાંબા ગાળાના સરેરાશના ૧૦૯ ટકાથી વધુ રહેશે. આ આગાહી સૂચવે છે કે મોટાભાગના પ્રદેશોમાં સામાન્યથી વધુ વરસાદ પડશે**

ગાળાના સરેરાશ કરતાં ૧૦૯ ટકા વધુ રહેશે. આ આગાહી સૂચવે છે કે મોટાભાગના પ્રદેશોમાં સામાન્યથી સામાન્યથી વધુ વરસાદ પડશે. જોકે, ઉત્તરપૂર્વ અને પૂર્વના કેટલાક વિસ્તારો, તેમજ દક્ષિણ દ્વીપકલ્પીય ભારતના ઘણા ભાગો અને ઉત્તરપશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં, સામાન્યથી ઓછો વરસાદ પડવાની સંભાવના છે. ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, IMDના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ ચેતવણી આપી હતી કે ઘણી નદીઓ છલકાઈ જશે અને તે શહેરો અને નગરોને નીચે તરફ અસર કરશે. તેથી, આપણે આ ધ્યાનમાં રાખવું જોઈએ. છત્તીસગઢમાં મહાનદીના ઉપરના કેચમેન્ટ વિસ્તારોમાં પણ ભારે વરસાદની અપેક્ષા છે.

# ઉત્તરાખંડમાં વધુ કેટલાક 'ગેરકાયદે' કહેવાતા મઝારો તોડી પાડવામાં આવતા મુસ્લિમો અત્યંત દુ:ખી અને વ્યથિત

**મઝારોને તોડી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા લાંબા સમયથી બુલડોઝર કાર્યવાહી ચલાવવામાં આવી રહી છે અને અત્યાર સુધીમાં આવા ૫૪૭ મઝાર ગેરકાયદે ગણાવીને તેના પર બુલડોઝર ફેરવીને તોડી નાખવામાં આવ્યા છે**

**ન્યુઝ પોઈન્ટ**

**હવે તો દેખાવ ખાતર જાહેરહિતની અરજીઓ કરી સૂઈ જનારાઓ પણ કોર્ટમાં અરજીઓ કરતા બંધ થઈ ગયા ! સમાજે પોતાની લડાઈ જાતે જ ખંતપૂર્વક લડવી પડશે**

(એજન્સી) દહેરાદૂન, તા.૩૧

ઉતરાખંડમાં અનેક મઝારને ગેરકાયદે ગણાવીને તેના પર નજર ફેરવી દેવાની કાર્યવાહી રાજ્ય સરકાર તરફથી સતત ચાલી રહી છે અને દેહરાદૂનમાં વધુ બે મજાર તોડી પાડવામાં આવતા મુસ્લિમ સમાજ અત્યંત દુ:ખી તેમજ વ્યથિત થઈ ગયો છે. આ રીતે વધુ બે મઝાર તોડી નાખવામાં આવ્યા છે જેનાથી મુસ્લિમ સમાજમાં તેની અસરો અંગે ગંભીર ચિંતાઓ ઊભી થવા પામી છે. સરકારી જમીન ઉપરના બાંધકામોને ગેરકાયદે ગણાવીને મુખ્યમંત્રી પુષ્કર સિંઘ ધામીની સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા વ્યાપક અભિયાનના ભાગરૂપ મુસ્લિમ સમાજના મઝારો ઉપર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યા છે એવી મુસ્લિમ સમાજમાં લાગણી મજબૂત બની છે. દેહરાદૂન જિલ્લા અધિકારીઓએ સમર્થન આપ્યું હતું કે બદરીપુર નગરમાં એક અને નેહરૂ ગ્રામ બ્લોક રાયપુરમાં એક મઝારનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. બંને જગ્યાના સંચાલકોને અગાઉ નોટિસ આપવામાં આવી હતી પરંતુ કોઈ જવાબ આપ્યો નહોતો એવું અધિકારીઓ કહે છે. એક સ્થાનિક નાગરિક જણાવે છે કે વર્ષોથી આ મજાર પર મુસ્લિમ સમાજ આસ્થા સાથે ઈબાદત કરતો હતો અને વર્ષોથી આ મઝારોનું અસ્તિત્વ હતું પરંતુ કોઈ પણ પ્રકારની પૂર્વ નોટિસ કે સમાજ સાથે મસલતો કર્યા વિના કાર્યવાહી કરવામાં આવી છે જેનાથી મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને હાનિ પહોંચી છે અને રહેતા પરિવારો પણ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને દુ:ખી થઈ ગયા છે. અધિકારીઓનો દાવો એવો છે કે એક મઝાર તો સિંચાઈ વિભાગની જમીન ઉપર બાંધવામાં આવ્યો હતો ત્યારે બીજો



મઝાર સરકારના દિવ્યાંગ વ્યક્તિ સહાય વિભાગની જગ્યા પર બાંધવામાં આવ્યો હતો એટલે અધિકારીઓ અને પોલીસની હાજરીમાં મઝાર તોડી પાડવામાં આવ્યા હતા. સૂત્રો એવું કહે છે કે અત્યાર સુધીમાં ઉત્તરાખંડમાં ૫૪૭ જેટલા મઝારો કથિત રીતે ગેરકાયદે હોવાનું કહીને તોડી પાડવામાં આવ્યા છે અને લગભગ ૯૦૦૦ એકર જેટલી સરકારી જગ્યા ખાલી કરવામાં આવી છે એવું કહેવામાં આવી રહ્યું છે. હજુ આવી વધુ ઈમારતો અને ગેરકાયદે બાંધકામોની શોધખોળ ચાલી રહી છે. એક અધિકારી એવું કહેતો હતો કે અમે ઉત્તરાખંડની સાંસ્કૃતિક અને વહીવટી નિષ્ઠા અને પ્રમાણિકતાનું જતન કરવા પર ધ્યાન આપી રહ્યા છીએ એટલે કોઈપણ ગેરકાયદે બાંધકામ જરાય ચલાવી લેવામાં આવશે નહીં. મુખ્યમંત્રી ધામી વારંવાર કહે છે કે આ દેવભૂમિ છે એટલે તેની સાંસ્કૃતિક ઓળખનું જતન થવું જોઈએ. કેટલાક લોકોએ સરકારી જમીનનો દબાવીને ગેરકાયદે મઝાર બનાવી નાખ્યા છે એટલે આવા બાંધકામો કોઈ પણ સંજોગોમાં સહન કરવામાં નહીં આવે. ઉત્તરાખંડની સાંસ્કૃતિક ઓળખ અને ચારિત્ર તથા સરકારી જમીન કોઈ પણ ભોગે જતન કરવામાં આવશે. જોકે આવી કાર્યવાહીથી મુસ્લિમ સમાજમાં ભારે ચિંતાની લાગણી ઊભી થઈ છે કેમકે આ કાર્યવાહીથી મુસ્લિમ સમુદાયને જ અસર થઈ રહી છે. મુસ્લિમ સમાજ અને નાગરિકો અને આગેવાનો કહી રહ્યા છે કે જે ધાર્મિક સ્થળો અહીં દાયકાઓથી અસ્તિત્વ ધરાવે છે તેમને ગેરકાયદે ગણાવી દે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી એ માત્ર જમીન વિશે નથી પણ અમારી ઓળખ અને અમારી આસ્થા અને ધર્મ વિશે છે. ધર્મસ્થળોનો ઉપયોગ મુસ્લિમ સમાજ ઈબાદત માટે કરે છે અને સામાજિક કે ધાર્મિક કાર્યક્રમ માટે ઉપયોગ કરે છે અને સમાજ સાથે કોઈપણ પ્રકારની ચર્ચા કર્યા વિના તે બધાને તોડી નાખવામાં આવે એ તો અન્યાયી છે. કાયદા નિષ્ણાતો કહે છે કે સરકારને જમીન અંગેના નીતિ નિયમો લાગુ કરવાનો અધિકાર છે ખરો પરંતુ જે પ્રમાણમાં અને જે રીતે લઘુમતી સમુદાયના સ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા છે તેનાથી આ સમગ્ર કાર્યવાહીની સમાનતા કે નિષ્પક્ષતા અને કાયદેસરતા અંગે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. માનવ અધિકાર જૂથોએ કહ્યું છે કે સરકારે વધુ ન્યાયી અને સર્વ સમાવેશી અભિગમ અપનાવો જોઈએ અને એ પછી જ ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાના જતનની કાર્યવાહી કરવી જોઈએ. સમુદાય સાથે સંવાદ વિના આ કાર્યવાહી કરવામાં આવતી તો વધુ તણાવ ઊભો થશે અને લઘુમતી સમાજ વધુ એકલો પડી જશે અને સમાજથી વિખૂટો પડશે. નહીંતર અવારનવાર એક જ સમાજના ધર્મસ્થાનોને તોડી પાડવાથી તંત્ર પ્રત્યે અવિશ્વાસ ઊભો થશે અને સામાજિક વિખવાદ પણ ઊભો થશે.

# NGO 'એજ્યુકેટ ગર્લ્સ'ને રેમન મેગ્સેસે એવોર્ડ ૨૦૨૫ આપવાની જાહેરાત : આ સન્માન મેળવનાર તે પ્રથમ ભારતીય સંગઠન બન્યું છે

**૬૭મો રેમન મેગ્સેસે એવોર્ડ સમારોહ ૭ નવેમ્બરના રોજ મનીલાના મેટ્રોપોલિટન થિયેટરમાં યોજાશે**

(એજન્સી) તા.૩૧

'એજ્યુકેટ ગર્લ્સ' જે એક ભારતીય બિન-લાભકારી સંસ્થા છે જે દૂરના ગામડાઓમાં શાળા છોડી દેતી છોકરીઓને શિક્ષિત કરે છે, તેને ૨૦૨૫નો રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા જાહેર કરવામાં આવ્યો છે. ફાઉન્ડેશને રવિવારે આ જાહેરાત કરી હતી. 'એજ્યુકેટ ગર્લ્સ' તરીકે પ્રખ્યાત ફાઉન્ડેશન ટુ એજ્યુકેટ ગર્લ્સ ગ્લોબલીએ આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય સંગઠન તરીકે ઈતિહાસ રચ્યો છે. રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશન (RMAF)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતના વ્યક્તિઓને ભૂતકાળમાં આ પુરસ્કાર મળ્યો છે.

એશિયામાં નોબેલ પુરસ્કારની સમકક્ષ ગણાતો રેમન મેગ્સેસે પુરસ્કાર એશિયાના લોકો માટે અસાધારણ હિંમત અને નિ:સ્વાર્થ સેવા દર્શાવતી વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનિત કરે છે. ૨૦૨૫ના અન્ય પુરસ્કાર વિજેતાઓમાં પર્યાવરણીય કાર્ય માટે માલદીવ્સની શાહિના અલી અને ગરીબો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના ઉત્થાન માટેના તેમના પ્રયાસો માટે ફિલિપાઈન્સના ફ્લેવિઆનો એન્ટોનિયો એલ. વિલાનુએવાનોનો સમાવેશ થાય છે. ફાઉન્ડેશને જણાવ્યું હતું કે, દરેક પુરસ્કાર વિજેતાને રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેની છબી ધરાવતો મેડલિયન, પ્રશસ્તિપત્ર અને રોકડ પુરસ્કાર પ્રાપ્ત થશે. ૬૭મો રેમન મેગ્સેસે એવોર્ડ સમારોહ ૭ નવેમ્બરે મનીલાના મેટ્રોપોલિટન




થિયેટરમાં યોજાવાનો છે. સફીના હુસૈન દ્વારા સ્થાપિત 'એજ્યુકેટ ગર્લ્સ' નાની છોકરીઓ અને યુવતીઓના શિક્ષણ દ્વારા સાંસ્કૃતિક રૂઢિપ્રયોગોને સંબોધવા, તેમને નિરક્ષરતાના બંધનમાંથી મુક્ત કરવા અને તેમની સંપૂર્ણ માનવીય ક્ષમતા પ્રાપ્ત કરવા માટે કૌશલ્ય, હિંમત અને એજન્સી સાથે પ્રેરણા આપવાની પ્રતિબદ્ધતાને માન્યતા આપવા માટે શરૂ કરવામાં આવ્યું છે. ૨૦૦૭માં સ્થાપિત, એજ્યુકેટ ગર્લ્સ એ લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના સ્નાતક હુસૈન દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું, જે સ્ત્રી નિરક્ષરતાને દૂર કરવા માટે સાન ફ્રાન્સિસ્કોથી ભારત પરત ફર્યા હતા.

રાજસ્થાનમાં શરૂઆત કરીને એજ્યુકેટ ગર્લ્સે છોકરીઓના શિક્ષણના સંદર્ભમાં સૌથી જરૂરિયાતમંદ સમુદાયોને ઓળખ્યા, શાળાએ ન જતી અથવા શાળા છોડી દેતી છોકરીઓને વર્ગખંડમાં લાવી અને જ્યાં સુધી તેઓ ઉચ્ચ શિક્ષણ અને લાભદાયી રોજગાર માટે પ્રમાણપત્રો પ્રાપ્ત કરી ન શકે ત્યાં સુધી તેમને ત્યાં રાખવા માટે કામ કર્યું છે. ૨૦૧૫માં એજ્યુકેટ ગર્લ્સે શિક્ષણમાં વિશ્વનો પ્રથમ વિકાસ અસર બોન્ડ (DIB) શરૂ કર્યો. તે ૫૦ પાયલોટ ગામડાંની શાળાઓથી શરૂ થયું અને આખરે ભારતના સૌથી વંચિત પ્રદેશોના ૩૦,૦૦૦થી વધુ ગામડાંઓ સુધી પહોંચ્યું, જેનો લાભ ૨૦ લાખથી વધુ છોકરીઓને મળ્યો છે. સંગઠને એક પ્રોગ્રામ પ્રગતિ પણ રજૂ કર્યો છે, જે એક ઓપન-સ્કૂલિંગ પ્રોગ્રામ છે જે ૧૫-૨૯ વર્ષની વયની યુવતીઓને તેમનું શિક્ષણ પૂર્ણ કરવા અને આજીવન તકો મેળવવા સક્ષમ બનાવે છે. આ કાર્યક્રમ ૩૦૦ શીખનારાઓ સાથે શરૂ થયો હતો અને ત્યારથી તે ૩૧,૫૦૦થી વધુ સહભાગીઓ લાભ લઈ ચૂક્યા છે.

# આજે રાજ્યની ૫૦ હજાર સ્કૂલોમાં સંકલ્પ કાર્યક્રમ યોજાશે

## ૭૦ લાખ કરતાં વધુ વિદ્યાર્થી અને ૨ લાખથી વધુ શિક્ષકો સંકલ્પ લેશે

## શૈક્ષિક મહાસંઘના આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩૧

રાજ્યની તમામ સ્કૂલોમાં સોમવારના રોજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન અભિયાન અંતર્ગત સંકલ્પ કાર્યક્રમ યોજાશે. જેમાં સમગ્ર રાજ્યની ૫૦ હજાર કરતા વધુ સ્કૂલોના ૭૦ લાખ કરતા વધુ વિદ્યાર્થી અને ૨ લાખ કરતા વધુ શિક્ષકો સંકલ્પ લેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ૧ સપ્ટેમ્બરના રોજ 'આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન' અભિયાન યોજાશે. જેમાં કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સંકલ્પ લેશે. આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાં પાંચ લાખથી વધુ શાળાઓમાં આ અભિયાનમાં સંકલ્પ લેવામાં આવશે. સમગ્ર ગુજરાતની ૫૦ હજારથી વધુ શાળાઓ, ૨ લાખથી વધુ શિક્ષકો તથા ૭૦ લાખ વિદ્યાર્થીઓ ૧ સપ્ટેમ્બરના રોજ 'આપણું વિદ્યાલય આપણું સ્વાભિમાન' અભિયાન અન્વયે સંકલ્પબદ્ધ બનશે.

શાળાને સંસ્કારોનું તીર્થસ્થાન બનાવવા, ભાવિ નાગરિકોનું ઘડતર કરવા, મિત્રતા, શિસ્ત, સહયોગ, મહેનત અને સમરસતાની મૂલ્યોની કેળવણી આપવા શિક્ષક, સમાજ તથા વિદ્યાર્થીનું જોડાણ થાય તે આ સંકલ્પનો મુખ્ય ઉદ્દેશ છે. જેમાં મુખ્યત્વે પાંચ પ્રકારના સંકલ્પ લેવામાં આવશે. આ પાંચ સંકલ્પમાં સ્વચ્છ, શિસ્તબદ્ધ અને પ્રેરણાદાયક શાળા, શાળાની મિલકત આપણી રાષ્ટ્રીય સંપત્તિ, શિક્ષણ, ચારિત્ર્ય નિર્માણ તથા સમાજ સેવા, સમરસતા અને ભાઈચારો તથા શાળાને તીર્થસ્થાન માનવું જેવા સંકલ્પ લેવામાં આવશે.

સમગ્ર ગુજરાતના ૫૦ હજારથી વધુ શાળાઓમાં સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ૩૩ જિલ્લાઓ, ૮ મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓની સરકારી, ગ્રાન્ટેડ, સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ, આશ્રમશાળાઓ અને મોડલ સ્કૂલ્સમાં એકસાથે કાર્યક્રમો યોજાશે. રાજ્યકક્ષાના મુખ્ય કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ડૉ. કુબેર ડીંડોર ગોધરા ખાતે, જગદીશ પંચાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ, પક્ષના બધા અધિકારીઓ ઉપસ્થિત રહી પ્રેરણા આપશે. ગુજરાતની ૩૩ હજાર સરકારી પ્રાથમિક શાળાઓ, ૬ હજાર ગ્રાન્ટેડ તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૧૧ હજાર સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ, ૮૦૦ આશ્રમશાળાઓ તથા આદિજાતિ શાળાઓના ૨.૩૨ લાખ શિક્ષકો તથા ૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને સંકલ્પિત કરવા સંગઠને આહ્વાન કર્યું છે.

### થાંભલે દોરડાથી બાંધીને માર માર્યો

# સેલંબા ગામમાં ભ્રષ્ટાચારની ફરિયાદ કરનાર યુવકનો મહિલાઓએ વરઘોડો કાઢી માર માર્યો

## સેલંબા પંચાયતી મહિલા સભ્ય સહિત ૪ લોકો સામે ફરિયાદ નોંધાઈ



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩૧

નર્મદાના સેલંબા ગામમાં મહિલાઓએ એક વ્યક્તિનો વરઘોડો કાઢીને તેને થાંભલે દોરડાથી બાંધીને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં મહિલાઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે નર્મદાના સેલંબા ગામમાં એક વ્યક્તિએ ભ્રષ્ટાચાર મુદ્દે ફરિયાદ કરતાં મહિલાઓ વિફરી હતી.આ મહિલાઓએ ગામમાં જાહેર રસ્તા પર આ વ્યક્તિને માર મારીને તેનો વરઘોડો કાઢ્યો હોય તેમ ધક્કે ચઢાવ્યો હતો. ત્યાર બાદ તેને દોરડાથી થાંભલે બાંધીને સેલંબા પંચાયતની મહિલા સભ્યએ માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ વ્યક્તિને થાંભલે બાંધીને માર મારવામાં આવ્યો હતો. આ ઘટનામાં સેલંબાની મહિલાઓ અને પંચાયતની મહિલા સભ્ય સામે પીડિત યુવકે ભ્રષ્ટાચારની ફરિયાદ કરતાં માર માર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સમગ્ર મામલે સાગબારા પોલીસ સ્ટેશનમાં પીડિત યુવકે ૪ લોકો સાથે ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલાઓ સામે વધુ તપાસ હાથ ધરી છે. મહિલાઓ જ્યારે આ યુવકને મારતી હતી ત્યારે ગામમાં લોકોના ટોળા એકઠા થયા હતાં.

# 'લાખ મનાયા ડોલર કો, વો બોલા મુજે માફ કરના' : રૂપિયો તૂટવા મામલે વીડિયોમાં કોંગ્રેસે પીએમ મોદીની મજાક ઉડાવી

(એજન્સી) તા.૩૧

કોંગ્રેસે રવિવારે એક એનિમેટેડ વિડીયો બહાર પાડ્યો જેમાં ભારતીય રૂપિયાના ૮૮ ડોલર પ્રતિ ડોલરના રેકોર્ડ ઘટાડા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મજાક ઉડાવવામાં આવી હતી, જેમાં તેમની સરકાર પર આર્થિક ગેરવહીવટ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દબાણને વશ થવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પાર્ટીના X એકાઉન્ટ પર પોસ્ટ કરાયેલા આ વિડીયોમાં એક વ્યથિત રૂપિયાનું ચિહ્ન ખડક પરથી નીચે પડીને મોદીના વ્યંગચિત્ર સાથે અથડાયું હતું. વ્યંગાત્મક ગીતોમાં સેટ, તે વડાપ્રધાન ડોલરને આકર્ષવાના તેમના પ્રયાસો વિશે વાત કરતી વખતે રૂપિયાના ઘટાડા પર શોક વ્યક્ત કરતા બતાવે છે, જે ટ્રમ્પ પોસ્ટર દ્વારા રજૂ થાય છે. ક્લિપમાં ઈંધણ અને રાશનના વધતા ભાવ અને ફુગાવાના દબાણ માટે સરકારની ટીકા કરવામાં આવી હતી. ''રૂપિયા ગિરા રે, કરન્સી કે બજાર મેં, મેરી સરકાર મેંપ. અબ મેં કૈસે નયન મિલાઉ..ખુદ કી ઈજ્જત નીચે ગીર ગઈ, દેખુ ચોરી ચોરી..(રૂપિયો ચલણ બજારમાં અને મારી સરકાર હેઠળ ગગડ્યો. હું (જનતાની) આંખોમાં કેવી રીતે જોઉં, મારો આદર ઘટી ગયો છે),'' નિરાશ મોદી વ્યંગચિત્રે વીડિયોમાં રૂપિયાના ચિહ્ન તરફ જોતા ગાયું. ''લખ મનાયા ડોલર કો વો બોલા આઈ એમ સોરી (મેં ડોલરને આકર્ષવાનો પ્રયાસ કર્યો પણ તેમાં 'આઈ એમ સોરી' લખ્યું હતું),'' વ્યંગચિત્રે યુએસ પ્રમુખ ટ્રમ્પની તસવીર તરફ જોતા ગાયું. આ વાક્ય મોદીના વર્તમાન આર્થિક પડકારો અને ૨૦૧૩-૧૪ના ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસની તેમની ટીકા વચ્ચેનો તફાવત દર્શાવે છે, જ્યારે તેઓ વડા પ્રધાન પદના ઉમેદવાર હતા. મોદીએ તત્કાલીન યુપીએ સરકાર પર રૂપિયાને નીચે જવા દેવાનો આરોપ લગાવ્યો હતો. ''આજે, રૂપિયાનું મૂલ્ય જે ગતિએ ઘટી રહ્યું છે, તે જોતાં ક્યારેક એવું લાગે છે કે, દિલ્હી સરકાર અને રૂપિયા વચ્ચે કોનું મૂલ્ય ઝડપથી ઘટી રહ્યું છે તે અંગે સ્પર્ધા ચાલી રહી છે,'' તેમણે જુલાઈ ૨૦૧૩માં કહ્યું હતું. ભારતીય રૂપિયો શુક્રવારે પહેલી વાર ૮૮ ડોલરના સ્તરને વટાવી ગયો, જે ભારત પર વધારાના યુએસ ટેરિફની અસરોને પચાવી રહ્યો હોવાથી બજારો રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયા. વોશિંગ્ટને આ અઠવાડિયે ભારતીય માલ પર ૨૫ ટકાનો વધારાનો ટેરિફ લાદ્યો, કુલ ડ્યુટી બમણી કરીને ૫૦ ટકા કરી દીધી. ૨૮ ઓગસ્ટના રોજ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચેતવણી આપી હતી કે, યુએસ વેપાર નીતિઓની આસપાસની અનિશ્ચિતતાઓ સ્થાનિક માંગ માટે જોખમ ઊભું કરે છે, જોકે તેણે કહ્યું હતું કે નજીકના ગાળાના ફુગાવાના અંદાજ અગાઉની અપેક્ષાઓ કરતા સુધર્યા છે.

# વારાણસી : સગીર યુવતીએ કાવડિયા પર અશ્લીલ કૃત્યનો આરોપ લગાવ્યો, તેની 'FIR નોંધવામાં આવી રહી નથી'

## પોલીસે કહ્યું છે કે, કાવડિયાઓને માર મારવામાં આવ્યો હતો અને આ સગીરાનો આરોપ ખોટો છે, તેમના વતી કોઈ FIR નોંધાવવા આવ્યું ન હતું

(એજન્સી) તા.૩૧

૨૮ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યાની આસપાસ, સગીર તેની દાદી સાથે દુકાનમાં બેઠી હતી. તે દરમિયાન નશામાં ધૂત એક યુવક તેના મિત્ર (કાવડિયાના પોશાકમાં) સાથે દુકાનમાં આવ્યો અને સગીર સાથે અશ્લીલ-વાંધાજનક કૃત્ય કર્યું. અપશબ્દોનો ઉપયોગ કર્યો અને જ્યારે છોકરીએ વિરોધ કર્યો, ત્યારે યુવક તેને પકડવા માટે ધસી ગયો હતો. છોકરી ચીસો પાડતી બાજુની શેરીમાંથી તેના ઘર તરફ દોડી ગઈ હતી. આરોપી તેનો પીછો કરીને તેના ઘરની અંદર પહોંચી ગયો હતો.

સગીરના સંબંધીએ આ વાત કહી છે. આ મામલો વારાણસીના રાજતલાબનો છે. આ કેસમાં પોલીસે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી ન હોવાનો આરોપ છે. બીજી તરફ કાવડિયાઓ દ્વારા FIR દાખલ કરવામાં આવી હતી, જેમાં અન્ય સમુદાયના કેટલાક યુવાનો પર હુમલો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. FIR બાદ પોલીસે કાર્યવાહી કરી અને ૬ લોકોની અટકાયત કરી. પોલીસનું કહેવું છે કે, આ યાત્રી અને દુકાનદાર વચ્ચેના વિવાદનો મામલો છે. પરંતુ સગીર છોકરીએ કાવડિયાઓ વિરુદ્ધ ગંભીર આરોપો લગાવ્યા છે. પીડિતના સંબંધીએ ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે, રાજતલાબમાં અમારી જૂતાની દુકાન છે. કાવડિયાઓનું એક જૂથ સામેના રસ્તા પરથી પસાર થાય છે. પીડિતા તેની દાદી સાથે દુકાનમાં હતી. આ સમય દરમિયાન તેની સાથે અશ્લીલ અને વાંધાજનક કૃત્યો કરવામાં આવ્યા હતા. પોલીસે ફરિયાદ નોંધી ન હતી, ત્યારે અમે કમિશનર, IG, CM, રાજ્ય મહિલા આયોગ, રાષ્ટ્રીય મહિલા આયોગને પત્ર લખીને કાર્યવાહીની માંગ કરી હતી. ૨૮ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યાની આસપાસ સગીર તેની દાદી સાથે દુકાનમાં હતી. સગીર બીજા દિવસે યોજાનારી પરીક્ષા માટે અભ્યાસ કરી રહી હતી. તે દરમિયાન કાવડિયાના પોશાક પહેરેલા બે છોકરાઓ દુકાનમાં ઘૂસી ગયા. તેમાંથી એક સીધો સગીર છોકરી પાસે ગયો અને વાંધાજનક હરકતો કરવા લાગ્યો. આ અચાનક બનેલી ઘટનાથી અમે સ્તબ્ધ થઈ ગયા અને બૂમો પાડવા લાગ્યા, જેના કારણે બંને છોકરાઓએ અમને માર માર્યો. સગીરા ભાગી ગઈ અને તેઓ તેનો પીછો કરીને ઘરમાં ઘૂસી ગયા. તેઓએ ત્યાં પણ વાંધાજનક હરકતો કરી. જ્યારે અમે અવાજ કર્યો અને લોકો આવ્યા, ત્યારે બંને છોકરાઓ ભાગી ગયા. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ છે. વિનંતી છે કે, તમે વારાણસીના રાજતલાબ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને ઉપરોક્ત લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા નિર્દેશ આપવો જોઈએ. સગીર પીડિતાનો એક વીડિયો પણ સામે આવ્યો છે જેમાં તેણે રડતી-રડતી બંને યુવાનો સામે ગંભીર આરોપો લગાવ્યા છે અને ન્યાયની માગણી કરી રહી છે. ધ ક્વિન્ટે સગીરા દ્વારા લગાવવામાં આવેલા આરોપો પર એસીપી (રાજતલાબ) અજય કુમાર શ્રીવાસ્તવ સાથે વાત કરી. તેમણે કહ્યું કે, સગીરાના આરોપોની તપાસ ચાલી રહી છે. સગીરા તરફથી હજુ સુધી કોઈ લેખિત ફરિયાદ મળી નથી. પીડિતાના સંબંધીએ કહ્યું કે, પોલીસે FIR નોંધી નથી. પીડિતાના પરિવારના સભ્યોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ૨૯ જુલાઈની સાંજ સુધીમાં લગભગ ૮ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, જેમાં પીડિતાના દાદા, ૮૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ વ્યક્તિનો સમાવેશ થાય છે. તેમને કસ્ટડીમાં લેવા ઉપરાંત 'બુલડોઝર' કાર્યવાહીની પણ તૈયારીઓ ચાલી રહી હતી. ૨૯ જુલાઈની સવારે પીડિતાના ઘરની સામે એક બુલડોઝર ઊભું જોવા મળ્યું. પોલીસે કહ્યું કે, આત્મસમર્પણ કરો નહીંતર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવશે. જો કે, જ્યારે કેટલાક લોકો સાથે વાત કરવામાં આવી ત્યારે બુલડોઝર હટાવી લેવામાં આવ્યું હતું.

બુલડોઝરના પ્રશ્ન પર ધ ક્વિન્ટે એસીપી રાજતલાબ અજય કુમાર શ્રીવાસ્તવ સાથે વાત કરી. તેમણે બુલડોઝર કાર્યવાહીનો સંપૂર્ણ ઈન્કાર કર્યો. તેમણે કહ્યું, બુલડોઝરના સમાચાર ખોટા છે. આવી કોઈ તૈયારી ન હતી. જો બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવે તો પણ તે મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવશે. પોલીસને તેની સાથે શું લેવાદેવા છે. ૨૯ જુલાઈએ જેસીબીના પ્રશ્ન પર તેમણે કહ્યું, ડ્રાઈવરનું ઘર ત્યાં હતું. તે જમવા માટે તેના ઘરે ગયો હતો. જો તે પોતાના ઘરની સામે JCB પાર્ક નહીં કરે, તો તે ક્યાં કરશે.

તેમણે સગીરા દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ખોટા ગણાવ્યા. તેમણે કહ્યું કે, FIR માટે સગીરા તરફથી કોઈ આવ્યું નથી. પીડિતાના સંબંધીના જણાવ્યા અનુસાર આ JCB દ્વારા કાર્યવાહી કરવાની તૈયારી હતી. ક્વિન્ટ કાવડિયાઓનો આરોપ છે કે, તેમને બોલ બમ ગાતા અટકાવવામાં આવ્યા હતા. આ કેસમાં પલટુ યાદવ (કાવડિયા) દ્વારા અજાણ્યા લોકો સામે FIR દાખલ કરવામાં આવી છે. આ FIR મુજબ ૨૮ જુલાઈના રોજ સાંજે પાંચ વાગ્યાની આસપાસ, હું અને મારો મિત્ર શુભમ પાણી લઈને અદલપુરથી જંસા વારાણસી જઈ રહ્યા હતા. રાજતલાબ રેલવે ફાટકની વચ્ચે ૧૦થી ૧૨ વિરોધી લોકો ચહેરા ઢાંકીને ઊભા હતા. તેઓએ કહ્યું, બોલ બમ તમારા માટે નથી. જ્યારે અમે વિરોધ કર્યો, ત્યારે તેઓએ અમને દુર્વ્યવહાર કર્યો. તેઓએ અમને લાતો, મુક્કા, લાકડીઓ અને તીક્ષ્ણ હથિયારોથી મારવાનું શરૂ કર્યું. જેના કારણે અમારા માથામાં ફ્રેક્ચર થયું અને અમારા શરીર પર ઘણી ઈજાઓ થઈ હતી. તેઓ અમને બંનેને ઘરમાં લઈ ગયા અને માર માર્યો. તેઓએ કહ્યું કે, તેઓ અમને મારી નાખશે. તેઓએ અમને અમારો ધર્મ પરિવર્તન કરવાનું કહ્યું અને અમારા પૈસા અને સામાન છીનવી લીધા. અવાજ સાંભળીને પાડોશીઓએ અમારા જીવ બચાવ્યા. અમારા શરીર પર ઘણી ઈજાઓ થઈ. તેમણે અમને ધમકી આપી કે જો અમે 'બોલ બમ'ના નારા લગાવીશું તો તેઓ અમને મારી નાખશે. તેઓએ અમારા ફોન પણ છીનવી લીધા હતા. આ FIR પછી પોલીસે કાર્યવાહી કરી અને ૬ આરોપીઓને કસ્ટડીમાં લીધા હતા.

# અમિત શાહ વિરુદ્ધ 'વાંધાજનક' ટિપ્પણી બદલ છત્તીસગઢમાં TMC સાંસદ મહુઆ મોઈત્રા વિરુદ્ધ FIR દાખલ થતાં મુશ્કેલી વધી

(એજન્સી) તા.૩૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર કથિત વાંધાજનક નિવેદન બાદ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા મુશ્કેલીમાં મૂકાયા છે. છત્તીસગઢની રાજધાની રાયપુરના માના પોલીસ સ્ટેશનમાં તેમના વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં એક કાર્યક્રમ બાદ પત્રકારો સાથે વાત કરતી વખતે મહુઆ મોઈત્રાએ વિવાદાસ્પદ ટિપ્પણી કરી ત્યારે આ વિવાદ ઊભો થયો હતો.

તેમણે કથિત રીતે કહ્યું હતું કે, જો અમિત શાહ બાંગ્લાદેશથી થતી ઘૂસણખોરી રોકવામાં નિષ્ફળ જાય તો સૌ પ્રથમ અમિત શાહનું માથું કાપીને ટેબલ પર મૂકવું જોઈએ. જો કે, આ નિવેદનનો વીડિયો સ્વતંત્ર રીતે પુષ્ટિ મળી શક્યો નથી, પરંતુ તે સામે આવતાની સાથે જ તેણે રાજકીય હોબાળો મચાવી દીધો.

ફરિયાદી ભાજપ નેતા ગોપાલ સામંતે ANIને જણાવ્યું, 'મેં ખૂબ જ ભારે હૃદયથી FIR નોંધાવી છે. મહુઆ મોઈત્રા મારા સમુદાયમાંથી છે અને તે સાંસદ છે. તેમણે ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ આવું બેજવાબદાર નિવેદન આપ્યું છે. આ બેશરમ છે. મેં તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી અને FIR નોંધવામાં આવી. આવા લોકોને સંસદમાં કોઈ સ્થાન ન હોવું જોઈએ અને તેમનો સમાજમાંથી બહિષ્કાર પણ થવો જોઈએ. આવા લોકો બંગાળી સમુદાયને બદનામ કરી રહ્યા છે.'

પોલીસે જણાવ્યું કે, સ્થાનિક રહેવાસી ગોપાલ સામંતની ફરિયાદ બાદ મોઈત્રા વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (BNS)ની કલમ ૧૯૬ અને ૧૯૭ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ફરિયાદીએ આરોપ લગાવ્યો કે મોઈત્રાનું નિવેદન વાંધાજનક અને ગેરબંધારણીય હતું. આ ઉપરાંત ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ૧૯૭૧માં આવેલા મોટી સંખ્યામાં બાંગ્લાદેશી શરણાર્થીઓ રાયપુરના માના કેમ્પ વિસ્તારમાં સ્થાયી થયા છે. આવા નિવેદનો તેમનામાં ભયનું વાતાવરણ પેદા કરી રહ્યા છે અને અન્ય સમુદાયોમાં ગુસ્સો ભડકી શકે છે.

# ૧૦૦ વર્ષમાં ગ્રીક અને ઈટાલિયનો કરતાં છેલ્લા પાંચ વર્ષમાં વધુ ભારતીયો દેશમાં આવ્યા છે : ઓસ્ટ્રેલિયામાં હજારો લોકોએ ઈમિગ્રેશનના વિરોધમાં કૂચ કરી

## એક ફેસબુક પોસ્ટમાં સ્થળાંતર કરનારા ભારતીયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમની સંખ્યા ૨૦૧૩થી ૨૦૨૩ સુધી બમણી થઈને લગભગ ૮,૪૫,૮૦૦ સુધી પહોંચી ગઈ છે, સિડનીમાં 'માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા' ઈમિગ્રેશન વિરોધી રેલી દરમિયાન પ્રદર્શનકારીઓ ઓસ્ટ્રેલિયન ધ્વજ લઈને ફરી રહ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

રવિવારે દેશભરમાં હજારો ઓસ્ટ્રેલિયનો ઈમિગ્રેશન વિરોધી રેલીઓમાં જોડાયા હતા, જેમાં પ્રદર્શનો માટે પ્રમોશનલ સામગ્રીનો સમાવેશ થતો હતો જેમાં ભારતીય સ્થળાંતર કરનારાઓને અલગ પાડવામાં આવ્યા હતા અને સરકારે આ ઘટનાઓને નફરત ફેલાવતા અને નિયો-નાઝીઓ સાથે જોડાયેલા ગણાવીને નિંદા કરી હતી. 'માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા' રેલીઓના ફ્લાયર્સમાં ભારતીય મૂળના રહેવાસીઓને પ્રકાશિત કરવામાં આવ્યા હતા, જેઓ હવે વસ્તીના ૩ ટકાથી વધુ થઈ ગયા છે. એક સંદેશમાં લખ્યું હતું કે, ૧૦૦ વર્ષમાં ગ્રીક અને ઈટાલિયનો આવ્યા તેના કરતાં છેલ્લા પાંચ વર્ષમાં વધુ ભારતીયો આવ્યા છે અને તે પણ એક જ દેશમાંથી આવ્યા છે. આપણે જાણીએ છીએ કે સ્થળાંતરનો સાંસ્કૃતિક પ્રભાવ હોય છે. આ કોઈ નાનું સાંસ્કૃતિક પરિવર્તન નથી, તે એક સરળ રીતે બદલાવ છે. ઓસ્ટ્રેલિયા એ આંતરરાષ્ટ્રીય નાણાં દ્વારા શોષણ કરવા માટેનું આર્થિક ક્ષેત્ર નથી. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા વેબસાઈટ કહે છે કે, સામૂહિક સ્થળાંતરે આપણા સમુદાયોને એકસાથે રાખતા બંધનો તોડી નાખ્યા છે અને મુખ્ય પ્રવાહના રાજકારણીઓ ક્યારેય તેણે રોકવાની હિંમત ધરાવતા નથી. તેઓએ સામૂહિક ઈમિગ્રેશનનો અંત લાવવાની માંગ કરે છે. આયોજકોએ પોતાને સામૂહિક ઈમિગ્રેશનનો અંત લાવવાના સામાન્ય કારણની આસપાસ ઓસ્ટ્રેલિયનોને એક કરવા માટે એક પાયાના પ્રયાસ તરીકે વર્ણવ્યા અને અન્ય જૂથો સાથે જોડાણનો ઈન્કાર કર્યો હતો. સિડની, મેલબોર્ન, કેનબેરા અને અન્ય શહેરોમાં મોટી રેલીઓ યોજાઈ હતી. સિડનીમાં ૫૦૦૦થી ૮૦૦૦ લોકો, જેમાં ઘણા લોકો રાષ્ટ્રીય ધ્વજ પહેરીને ભેગા થયા હતા. રેફ્યુજી એક્શન કોએલિશન દ્વારા એક પ્રતિ-રેલી, જેમાં સેંકડો લોકો હાજર રહ્યા હતા, તે નજીકમાં જ યોજાઈ હતી. તેમણે કહ્યું કે, અમારો કાર્યક્રમ માર્ચ ફોર ઓસ્ટ્રેલિયાના અતિ-જમણેરી એજન્ડા પ્રત્યે અણગમો અને ગુસ્સાની ઊંડાઈ દર્શાવે છે. પોલીસે જણાવ્યું હતું કે, સિડનીમાં સેંકડો અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને આ કૂચ કોઈ મોટી ઘટના વિના સમાપ્ત થઈ ગઈ હતી. મેલબોર્નમાં રાજ્ય સંસદ તરફ કૂચ કરતા પહેલા ફ્લિન્ડર્સ સ્ટ્રીટ સ્ટેશનની બહાર ઓસ્ટ્રેલિયન ધ્વજ અને ઈમિગ્રેશન વિરોધી પ્લેકાર્ડ સાથે વિરોધીઓ એકઠા થયા હતા. એક નિયો-નાઝી વ્યક્તિ થોમસ સેવેલે રેલીને સંબોધિત કરતા દાવો કર્યો હતો કે, 'તેમના માણસો' કૂચનું નેતૃત્વ કરી રહ્યા હતા અને કહ્યું હતું કે, જો આપણે ઈમિગ્રેશન બંધ નહીં કરીએ તો અમારૂં મૃત્યુ નિશ્ચિત છે. પોલીસની સાથે પ્રતિ-પ્રદર્શનોકારોની અથડામણ થઈ હતી. જેમાં છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને બે અધિકારીઓ ઘાયલ થયા હતા. પોલીસે અંદાજ લગાવ્યો હતો કે, મેલબોર્ન રેલી અને પ્રતિ-વિરોધમાં કુલ ૫૦૦૦ લોકો સામેલ હતા. કેનબેરામાં સંસદ ભવન સામે આવેલા તળાવ પર થોડાક લોકો એકઠા થયા હતા, જ્યારે ક્વીન્સલેન્ડમાં ફેડરલ સાંસદ બોબ કેટર ટાઉન્સવિલેમાં એક રેલીમાં હાજરી આપી હતી. કેટલાક વિરોધીઓએ જાહેર સેવાઓ અંગે નિરાશા વ્યક્ત કરી. સિડનીમાં માર્ચ ફોર ઓસ્ટ્રેલિયાના સહભાગી ગ્લેન ઓલચિને કહ્યું, આપણા દેશને વધુને વધુ નુકસાન થઈ રહ્યું છે અને અમારી સરકાર વધુને વધુ લોકોને દેશની અંદર લાવી રહી છે. અમારા બાળકો ઘરો, હોસ્પિટલો માટે સંઘર્ષ કરી રહ્યા છે અમારે સાત કલાક રાહ જોવી પડે છે. રાજકીય સ્પેક્ટ્રમમાં આ રેલીઓની નિંદા કરવામાં આવી હતી. ફેડરલ શ્રમ મંત્રી મુરે વોટે સ્કાય ન્યૂઝને જણાવ્યું હતું કે, આજે ચાલી રહેલી માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા રેલીની અમે સંપૂર્ણ નિંદા કરીએ છીએ; તે સામાજિક સંવાદિતા વધારવા વિશે નથી. અમે આવી રેલીઓને સમર્થન આપતા નથી જે નફરત ફેલાવવા વિશે હોય અને જે આપણા સમુદાયને વિભાજિત કરવા વિશે હોય, તે નિયો-નાઝી જૂથો દ્વારા 'આયોજિત અને પ્રમોટ' કરવામાં આવી હતી. ગૃહમંત્રી ટોની બર્કે કહ્યું કે, આપણા દેશમાં એવા લોકો માટે કોઈ સ્થાન નથી જે આપણા સામાજિક એકતાને વિભાજિત કરવા અને નબળી પાડવાનો પ્રયાસ કરે છે. અમે આ રેલીઓ સામે આધુનિક ઓસ્ટ્રેલિયા સાથે છીએ. બહુસાંસ્કૃતિક બાબતોના મંત્રી ડૉ.એન. એલીએ કહ્યું કે, અમે બધા ઓસ્ટ્રેલિયનો સાથે ઊભા છીએ, ભલે તેઓ ગમે ક્યાં જન્મ્યા હોય, જેઓ આપણને વિભાજિત કરવાનો પ્રયાસ કરે છે અને સ્થળાંતરિત સમુદાયોને ડરાવવાનો પ્રયાસ કરે છે તેમની સામે અમે ડરીશું નહીં. જાતિવાદ અને વંશીય કેન્દ્રીકરણ પર આધારિત આ પ્રકારની અતિ-જમણેરી પ્રવૃત્તિનું આધુનિક ઓસ્ટ્રેલિયામાં કોઈ સ્થાન નથી. ઓસ્ટ્રેલિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સર્વિસીસે પણ આ ઘટનાઓની નિંદા કરી. તેના સીઈઓ કેસાન્ડ્રા ગોલ્ડીએ કહ્યું કે, ઓસ્ટ્રેલિયાની વિવિધતા એક મહાન શક્તિ છે, તે ખતરો નથી. ઓસ્ટ્રેલિયામાં એવી વિચારધારા માટે કોઈ સ્થાન નથી જે લોકોને તેઓ કોણ છે, તેઓ ક્યાંથી આવે છે અથવા તેઓ શું માને છે તેના કારણે લક્ષ્ય બનાવે છે. ફેડરલ વિપક્ષી નેતા સુસાન લેએ રેલીઓ પહેલા એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું કે, હિંસા, જાતિવાદ અથવા ધાકધમકી માટે કોઈ સ્થાન નથી. આપણે નફરત અને ભય સાથે સામાજિક એકતાને તોડી નાખવા દઈ શકીએ નહીં. શેડો એટર્ની જનરલ, જુલિયન લીઝરે કહ્યું કે, એવા સદ્ભાવના ધરાવતા લોકો હોઈ શકે છે જે નીતિ પરિવર્તન ઈચ્છતા હોય, પરંતુ તેઓએ તેમની કંપનીથી સાવચેત રહેવું જોઈએ. મેં તે ચોક્કસ વિરોધ માટે કેટલીક સામગ્રી જોઈ છે અને હું ભારત વિરોધી ભાવના અને તે વિરોધ પ્રદર્શનોના કેટલાક યહૂદી વિરોધી સૂર વિશે ચિંતિત છું. ઓસ્ટ્રેલિયા, જ્યાં લગભગ અડધી વસ્તી કાં તો વિદેશમાં જન્મેલી છે અથવા માતા-પિતા વિદેશમાં જન્મેલા છે અને તાજેતરના વર્ષોમાં ત્યાં જમણેરી પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો છે. ઓકટોબર ૨૦૨૩માં ઈઝરાયેલ-ગાઝા યુદ્ધની શરૂઆતથી સિનાગોગ, ઈમારતો અને કાર પર યહૂદી વિરોધી હુમલાઓની શ્રેણીના જવાબમાં આ વર્ષે ઉગ્રવાદી પ્રતીકોના પ્રદર્શન અથવા વેચાણ પર પ્રતિબંધ મૂકતા નવા કાયદા અમલમાં આવ્યા છે.

**૧૦૦ વર્ષમાં ગ્રીક અને ઈટાલિયનો આવ્યા તેના કરતાં છેલ્લા પાંચ વર્ષમાં વધુ ભારતીયો આવ્યા છે અને તે પણ એક જ દેશમાંથી આવ્યા છે. આપણે જાણીએ છીએ કે, સ્થળાંતરનો સાંસ્કૃતિક પ્રભાવ હોય છે. આ કોઈ નાનું સાંસ્કૃતિક પરિવર્તન નથી, તે એક સરળ રીતે બદલાવ છે. ઓસ્ટ્રેલિયા એ આંતરરાષ્ટ્રીય નાણાં દ્વારા શોષણ કરવા માટેનું આર્થિક ક્ષેત્ર નથી.**

# રાહુલે કહ્યું કે ભાજપ સરકાર દલિતો અને લઘુમતીઓના મતોની ચોરી કરી રહી છે

## કોંગ્રેસના નેતાએ એવું આક્ષેપ કર્યો હતો કે વર્તમાન કેન્દ્ર સરકાર મોટા વેપારીઓ અને અદાણી તથા અંબાણી જેવા ધનપતિ કોર્પોરેટ જૂથો માટે જ ચાલે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બિહારમાં ચાલી રહેલી મતદાર યાદી સઘન રિવિઝન ઝુંબેશ અંગે કેન્દ્રની એનડીએ સરકારને આડે હાથ લીધી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચ દેશમાં "વોટ ચોરી" કરવામાં જ સંડોવાયેલા છે. મત અધિકાર યાત્રા આરા પહોંચતા વિશાળ જાહેર સભાને સંબોધન કરતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે બિહારની મતદાર યાદી રિવિઝન કવાયત બંધારણ ઉપરનો હુમલો છે અને દેશની લોકશાહીની સમગ્ર વ્યવસ્થા ઉપરનો હુમલો છે પરંતુ ઈન્ડિયા ગઠબંધન એવું થવા દેશે નહીં. ભાજપ તથા



આરએસએસ અને ચૂંટણી પંચ દેશમાં મત ચોરી કરી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે બિહારમાં શરૂ થયેલી મતદાર અધિકાર યાત્રા એ લોકોના મતોની ચોરી સામેની દેશવ્યાપી ચળવળ બની જશે. તેમણે સ્પષ્ટ દર્શાવ્યું કે મત આપવો એ દલિતો, લઘુમતીઓ અને મહિલાઓનો અધિકાર છે અને ચૂંટણીઓ જીતવા માટે નરેન્દ્ર મોદીની સરકાર એમના મતોની ચોરી કરી રહી છે. મતદાનનો અધિકાર લોકોને બંધારણે આપ્યો છે અને એ લોકો પાસેથી કોઈ છીનવી નહીં શકે. બંધારણની નકલ હાથમાં રાખીને હાથ ઊંચા કરીને રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અગાઉ ભાજપ મહારાષ્ટ્રમાં મત ચોરી કરાવવામાં સફળ થયો અને હરિયાણામાં પણ સફળ રહ્યો અને દેશના અન્ય ભાગોમાં પણ આવું કર્યું. પરંતુ એ વખતે આપણી પાસે પુરાવો ન હોવાથી આપણે કશું ન કર્યા હતા પરંતુ હવે આપણી પાસે મત ચોરીનો પૂરતો અને નક્કર પુરાવો છે. કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રની વર્તમાન સરકાર એ મોટા મોટા વેપારીઓ અને અદાણી તથા અંબાણી જેવા ધનપતિ કોર્પોરેટ હાઉસ માટે જ ચાલે છે. એ કારણે આ સરકાર ગરીબોનો અવાજ દબાવી દેવા માંગે છે પરંતુ ઈન્ડિયા બ્લોક એવું થવા દેશે નહીં. તેમણે એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે મોટા મોટા વેપારી ગૃહો અને કોર્પોરેટ જૂથોને ફાયદો કરાવી દેવા માટે મોદી સરકાર જાહેર ક્ષેત્રના એકમોનું ખાનગીકરણ પણ શરૂ કરશે. સાથે સાથે અગ્નિ વીર જેવી યોજનાઓ લાવીને યુવાનો માટેની નોકરીઓની તકોને પણ ખતમ કરશે. યાત્રામાં જોડાયેલા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ વાસ્તવમાં ભાજપનું "જુગાડ પંચ"બની ગયું છે.

# ‘પહેલા તેમણે પ્રસાદ આપવામાં આવે’ તેવી જીદ કરી દિલ્હીના કાલકાજી મંદિરમાં સ્વયંસેવક સાથે પ્રસાદ માટે મારપીટ બાદ સેવકનું મોત

## યુપીના હરદોઈનો ૩૫ વર્ષીય વ્યક્તિ ૧૫ વર્ષથી કાલકાજી મંદિરમાં કામ કરતો હતો, જ્યારે તેણે માણસોના જૂથને ‘પ્રસાદ’ માટે રાહ જોવાનું કહ્યું ત્યારે તેની હત્યા કરવામાં આવી, પોલીસે હુમલાખોરોમાંથી ૧ની ધરપકડ કરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

દક્ષિણ દિલ્હીના પ્રખ્યાત કાલકાજી મંદિરમાં ‘પ્રસાદ’ અંગે થયેલી ઝઘડામાં ૩૫ વર્ષીય સેવાદાર (મંદિરના સ્વયંસેવક)નું મોત નીપજ્યું છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૯ ઓગસ્ટની રાત્રે મંદિરમાં પ્રાર્થના પછી પુરુષોના એક જૂથે ‘ચુન્ની પ્રસાદ’ (ધાર્મિક પ્રસાદ) માંગ્યો ત્યારે ઝઘડો થયો હતો, અને પરિસ્થિતિ ઝડપથી વણસી ગઈ હતી. હવે વાયરલ થયેલા એક વીડિયોમાં પુરુષોના એક જૂથને પીડિત પર હુમલો કરીને લાકડીઓથી માર મારતા જોવા મળે છે.

રાત્રે ૯.૩૦ વાગ્યે પોલીસ બોલાવવામાં આવી હતી, અને સ્થાનિક લોકો પીડિતને AIIMS ટ્રોમા સેન્ટર લઈ ગયા હતા. સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

હુમલાખોરોમાંથી એક ૩૦ વર્ષીય અતુલ પાંડે, સ્થળ પર જ ધરપકડ કરવામાં આવી હતી. અન્ય હુમલાખોરોને ઓળખવા અને પકડવા માટે વધુ તપાસ ચાલી રહી છે. પોલીસે કાલકાજી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા હેઠળ હત્યા અને ‘સમાન ઈરાદા’ માટે FIR દાખલ કરી છે. પીડિતની ઓળખ ઉત્તર પ્રદેશના હરદોઈના યોગેન્દ્ર સિંહ તરીકે થઈ છે. તે છેલ્લા ૧૪-૧૫ વર્ષથી કાલકાજી મંદિરમાં સેવાદાર તરીકે સેવા આપી રહ્યો હતો.

મંદિરના અન્ય એક સેવાદાર રાજુએ મીડિયાને જણાવ્યું હતું કે, “તેમની પાસે લોખંડના સળિયા અને લાકડીઓ હતી અને તેઓએ તેને માર માર્યો. તેઓ પ્રસાદ માંગી રહ્યા હતા અને યોગેશે તેમને થોડીવાર રાહ જોવા કહ્યું. તેના બદલે, તેઓ ગુસ્સે થવા લાગ્યા અને તેને ધમકી આપવા લાગ્યા. મંદિરના અન્ય એક સેવાદારે જણાવ્યું કે, “આ જૂથ હંમેશા આક્રમક વલણ સાથે મંદિરમાં આવતું હતું. તેઓ પહેલા સેવા આપવાનો આગ્રહ રાખતા હતા અને ક્યારેય લાઈનમાં ઊભા રહેતા ન હતા.”

વધુ તપાસ ચાલી રહી છે. દક્ષિણ-પૂર્વ દિલ્હીના ડીસીપી હેમંત તિવારી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં વાંચવામાં આવ્યું છે કે, "આરોપીઓની ઓળખ કરવામાં આવી રહી છે અને તેમને પકડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# LJP-RV સાંસદ : પાર્ટી બિહાર ચૂંટણીમાં બધી ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડશે

## જોકે, તેમણે એમ પણ કહ્યું કે અંતિમ નિર્ણય NDAની અંદર સર્વસંમતિ પર આધાર રાખે છે

(એજન્સી) પટણા, તા.૩૧

લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના સાંસદ અરૂણ ભારતીએ પટણામાં એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે તેમનો પક્ષ આગામી બિહાર વિધાનસભા ચૂંટણીમાં બધી ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો છે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે અંતિમ નિર્ણય NDAની અંદર સર્વસંમતિ પર આધાર રાખે છે. તેમણે LJP-RV ફક્ત ૨૦ બેઠકો સુધી મર્યાદિત હોવાના ખોટા સમાચાર અહેવાલોને નકારી કાઢતા કહ્યું કે, "NDAમાં પાંચ ઘટક પક્ષો વચ્ચે એક આદરણીય કરાર હોવો જોઈએ. જો સમાનતા ન હોય, તો તે ગઠબંધન માટે યોગ્ય રહેશે નહીં. ભારતીએ પોતાના વલણને પણ પુનરાવર્તિત કર્યું કે પાર્ટી ૪૩ થી ૧૩૭ બેઠકો વચ્ચે ચૂંટણી લડવાની અપેક્ષા રાખે છે, LJP-RV માટે આટલી બેઠકોની તો હકદાર છે જ .

તેમણે તેમના પક્ષના રાજ્યવ્યાપી આઉટરીચ કાર્યક્રમ ‘નવ સંકલ્પ મહાસભા’ના આગામી તબક્કાની જાહેરાત કરી. ભારતીએ રાજ્ય પક્ષ પ્રમુખ રાજુ તિવારીની હાજરીમાં જણાવ્યું હતું કે, અરાહમાં શરૂ થયેલી મહાસભા હવે ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે મુઝફ્ફરપુરમાં યોજાશે, જ્યાં LJP-RVના વડા ચિરાગ પાસવાન લોકોને સંબોધિત કરશે અને "બિહાર ફર્સ્ટ, બિહારી ફર્સ્ટ"ના તેમના વિઝન અને વિકસિત બિહાર માટે રોડમેપ રજૂ કરશે.

વિપક્ષની ‘મતદાર અધિકાર યાત્રા’ પર નિશાન સાધતા, ભારતીએ આરોપ લગાવ્યો કે તેને લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવના "વ્યક્તિગત કાર્યક્રમ" સુધી મર્યાદિત કરી દેવામાં આવી છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ અપમાનજનક ભાષાના ઉપયોગની નિંદા કરતા ઉમેર્યું હતું કે તેજસ્વી યાદવના નિવેદનોથી લોકોને જંગલ રાજ યુગની યાદ અપાવી, જ્યારે ગોળીબાર અને બોમ્બ વિસ્ફોટની ધમકીઓ સામાન્ય હતી. ભારતીએ ભારપૂર્વક જણાવ્યું કે, "વિપક્ષ ફક્ત બિહારના લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યો છે. પરંતુ જનતા જૂની પરિસ્થિતિ પાછી આવવા દેશે નહીં. મુઝફ્ફરપુરમાં મહાસભા અને સીટ-શેરિંગ પર પાર્ટીની આકરી સોદાબાજીને કારણે, આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ચિરાગ પાસવાન એલજેપી-આરવીને એનડીએમાં કેવી રીતે સ્થાન આપે છે તેના પર બધાની નજર રહેશે.

# સલામતીના ઉલ્લંઘનને કારણે માર્ગ અકસ્માતમાં મૃત્યુમાં વધારો : કેન્દ્ર

## આ કમનસીબ સ્થિતિમાં સતત છઠ્ઠા વર્ષે તમિલનાડુ સૌથી વધુ ૨૦,૫૮૨ અકસ્માતો સાથે યાદીમાં ટોચ પર રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH)ના એક નવા અહેવાલમાં ભારતમાં માર્ગ સલામતીનું ચિંતાજનક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. ૨૦૨૩ માં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ૪.૨%નો વધારો થયો છે, જેમાં ૪.૮ લાખથી વધુ ઘટનાઓમાં ૧.૭૨ લાખ લોકોના મોત થયા છે. ચિંતાજનક વાત એ છે કે, ૪૧% પીડિતોએ સલામતી ઉપકરણો પહેર્યા ન હતા - ટુ-વ્હીલર સવારો માટે હેલ્મેટ અને કારમાં સવારો માટે સીટ બેલ્ટ. મૃતકોમાં, ૫૪,૫૬૮ ટુ-વ્હીલર સવારો હતા જેમણે હેલ્મેટ પહેર્યું ન હતું, જ્યારે ૧૬,૦૨૫ કાર મુસાફરોએ બકલ બાંધી ન હતી. દેશમાં માર્ગ અકસ્માતોને કારણે દર કલાકે સરેરાશ ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા. તમિલનાડુ આ કમનસીબ સ્થિતિમાં સતત છઠ્ઠા વર્ષે સૌથી વધુ ૨૦,૫૮૨ અકસ્માતો સાથે ટોચ પર રહ્યું. ઉત્તર પ્રદેશ ૧૫,૧૮૪ અકસ્માતો સાથે બીજા ક્રમે રહ્યું અને મધ્ય પ્રદેશ ૧૪,૫૬૧ અકસ્માતો સાથે ત્રીજા ક્રમે રહ્યું. કર્ણાટક અને મહારાષ્ટ્ર જેવા અન્ય રાજ્યોમાં અનુક્રમે ૧૪,૨૭૦ અને ૧૦,૮૮૧ અકસ્માતો નોંધાયા છે. આ ડેટા ઝડપથી ચલાવવાના ભયાનક વલણને પણ પ્રકાશિત કરે છે. ૨૦૨૩માં ૭૨%થી વધુ અકસ્માતો અને મૃત્યુ વધુ પડતી ગતિને કારણે થયા હતા, જે તેને માર્ગ અકસ્માતો અને મૃત્યુનું મુખ્ય કારણ ગણાવે છે. અન્ય પરિબળોમાં દારૂ પીને વાહન ચલાવવું, લાલ લાઈટ ચલાવવી અને વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ શામેલ છે. અકસ્માતના પ્રકારોની દૃષ્ટિએ, "પાછળથી ટક્કર મારવી"ની ઘટનાઓ ટોળામાં આગળ હતી, જે તમામ અકસ્માતોના ૨૧% માટે જવાબદાર છે, ત્યારબાદ "હિટ એન્ડ રન" અને "સામસામી અથડામણ" અનુક્રમે ૧૭% અને ૧૫% છે. રસ્તાઓ પર થતા તમામ અકસ્માતોના ૩૧.૨% સાથે રાષ્ટ્રીય ધોરીમાર્ગો (NH) ખાસ કરીને જોખમી હતા જે કુલ મૃત્યુના ૩૫.૮% માટે પણ જવાબદાર હતું. રાજ્ય ધોરીમાર્ગો અને અન્ય રસ્તાઓ પર અનુક્રમે ૨૨% અને ૪૬.૮% અકસ્માતો થયા. જ્યારે ૨૦૨૨ની સરખામણીમાં કેટલાક ટ્રાફિક ઉલ્લંઘનોમાં અકસ્માતો અને મૃત્યુ બંનેમાં ઘટાડો જોવા મળ્યો હતો, ત્યારે ખોટી બાજુએ વાહન ચલાવવાની ઘટનાઓમાં ૩.૬%નો વધારો થયો હતો, અને આ શ્રેણીઓમાં મૃત્યુમાં ૩૦%નો વધારો થયો હતો. MoRTH રિપોર્ટ માર્ગ સલામતીમાં ચાલી રહેલા પડકારોની સ્પષ્ટ યાદ અપાવે છે, અને સલામતીના પગલાંના કડક અમલીકરણની જરૂરિયાત દર્શાવે છે.

# અનામત મુદ્દાના ઉકેલ માટે બંધારણમાં સુધારો જરૂરી છે; કેન્દ્રની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે : શરદ પવાર

(એજન્સી) અહિલ્યાનગર, તા.૩૧

NCP-SPના વડા શરદપવારે શનિવારે કહ્યું હતું કે દેશભરમાં અનામત મુદ્દાને ઉકેલવામાં કેન્દ્ર સરકારની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. રાષ્ટ્રીય સ્તરે અનામત મુદ્દાને યોગ્ય સમયે બંધારણમાં સુધારો કરીને ઉકેલવો જોઈએ. NCP-SPના વડાએ કહ્યું કે, જો આવા અનામત મુદ્દાઓનો ઉકેલ લાવવો હોય, તો આખરે રાષ્ટ્રીય સ્તરે નિર્ણયો લેવા જોઈએ. કેન્દ્ર સરકારે આ અંગે નિર્ણય લેવો પડશે. જો તમિલનાડુમાં ૭૨ ટકા અનામત આપી શકાય છે, તો યોગ્ય સમયે બંધારણમાં સુધારો કરીને અનામત મુદ્દાને ઉકેલવા માટે સંસદમાં નિર્ણય લેવો જોઈએ. મરાઠા ક્વોટા તરફી કાર્યકર્તા મનોજ જરાંગે-પાટીલે શુક્રવારથી મુંબઈના આઝાદ મેદાનમાં મરાઠા સમુદાયને OBC ક્વોટામાંથી અનામત આપવાની માંગણી સાથે અનિશ્ચિતકાળ માટે ઉપવાસ શરૂ કર્યા છે. પવારે પોતાની પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું કે, અમે સંસદના કેટલાક સભ્યો સાથે વાતચીત કરી રહ્યા છીએ. પાર્ટીના સાંસદ નિલેશ લંકે અને કેટલાક અન્ય સાથીઓએ પણ એક બેઠક યોજી હતી. જો જરૂરી હોય તો, બંધારણમાં સુધારો કરવાની જરૂર છે. જો આપણે દેશના તમામ તત્વો અને અન્ય રાજ્યોને આ અંગે સમજાવીએ, તો આ મુદ્દો ફક્ત મહારાષ્ટ્રનો નથી. દરેક રાજ્યમાં એવા તત્વો છે.

# ‘લાખ મનાયા ડોલર કો, વો બોલા મુજે માફ કરના’ : રૂપિયો તૂટવા મામલે વીડિયોમાં કોંગ્રેસે પીએમ મોદીની મજાક ઉડાવી

(એજન્સી) તા.૩૧

કોંગ્રેસે રવિવારે એક એનિમેટેડ વિડીયો બહાર પાડ્યો જેમાં ભારતીય રૂપિયાના ૮૮ ડોલર પ્રતિ ડોલરના રેકોર્ડ ઘટાડા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મજાક ઉડાવવામાં આવી હતી, જેમાં તેમની સરકાર પર આર્થિક ગેરવહીવટ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દબાણને વશ થવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પાર્ટીના X એકાઉન્ટ પર પોસ્ટ કરાયેલા આ વિડીયોમાં એક વ્યથિત રૂપિયાનું ચિહ્ન ખડક પરથી નીચે પડીને મોદીના વ્યંગચિત્ર સાથે અથડાયું હતું. વ્યંગાત્મક ગીતોમાં સેટ, તે વડાપ્રધાન ડોલરને આકર્ષવાના તેમના પ્રયાસો વિશે વાત કરતી વખતે રૂપિયાના ઘટાડા પર શોક વ્યક્ત કરતા બતાવે છે, જે ટ્રમ્પ પોસ્ટર દ્વારા રજૂ થાય છે. ક્લિપમાં ઈંધણ અને રાશનના વધતા ભાવ અને ફુગાવાના દબાણ માટે સરકારની ટીકા કરવામાં આવી હતી. “રૂપિયા ગિરા રે, કરન્સી કે બજાર મેં, મેરી સરકાર મેંપ. અબ મેં કૈસે નયન મિલાઉ..ખુદ કી ઈજ્જત નીચે ગીર ગઈ, દેખુ ચોરી ચોરી..(રૂપિયો ચલણ બજારમાં અને મારી સરકાર હેઠળ ગગડ્યો. હું (જનતાની) આંખોમાં કેવી રીતે જોઉં, મારો આદર ઘટી ગયો છે),” નિરાશ મોદી વ્યંગચિત્રે વીડિયોમાં રૂપિયાના ચિહ્ન તરફ જોતા ગાયું. “લખ મનાયા ડોલર કો વો બોલા આઈ એમ સોરી (મેં ડોલરને આકર્ષવાનો પ્રયાસ કર્યો પણ તેમાં ‘આઈ એમ સોરી’ લખ્યું હતું),” વ્યંગચિત્રે યુએસ પ્રમુખ ટ્રમ્પની તસવીર તરફ જોતા ગાયું. આ વાક્ય મોદીના વર્તમાન આર્થિક પડકારો અને ૨૦૧૩-૧૪ના ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસની તેમની ટીકા વચ્ચેનો તફાવત દર્શાવે છે, જ્યારે તેઓ વડા પ્રધાન પદના ઉમેદવાર હતા. મોદીએ તત્કાલીન યુપીએ સરકાર પર રૂપિયાને નીચે જવા દેવાનો આરોપ લગાવ્યો હતો. “આજે, રૂપિયાનું મૂલ્ય જે ગતિએ ઘટી રહ્યું છે, તે જોતાં ક્યારેક એવું લાગે છે કે, દિલ્હી સરકાર અને રૂપિયા વચ્ચે કોનું મૂલ્ય ઝડપથી ઘટી રહ્યું છે તે અંગે સ્પર્ધા ચાલી રહી છે,” તેમણે જુલાઈ ૨૦૧૩માં કહ્યું હતું. ભારતીય રૂપિયો શુક્રવારે પહેલી વાર ૮૮ ડોલરના સ્તરને વટાવી ગયો, જે ભારત પર વધારાના યુએસ ટેરિફની અસરોને પચાવી રહ્યો હોવાથી બજારો રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયા. વોશિંગ્ટને આ અઠવાડિયે ભારતીય માલ પર ૨૫ ટકાનો વધારાનો ટેરિફ લાદ્યો, કુલ ડ્યુટી બમણી કરીને ૫૦ ટકા કરી દીધી. ૨૮ ઓગસ્ટના રોજ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચેતવણી આપી હતી કે, યુએસ વેપાર નીતિઓની આસપાસની અનિશ્ચિતતાઓ સ્થાનિક માંગ માટે જોખમ ઊભું કરે છે, જોકે તેણે કહ્યું હતું કે નજીકના ગાળાના ફુગાવાના અંદાજ અગાઉની અપેક્ષાઓ કરતા સુધર્યા છે.

# અમિત શાહ વિરુદ્ધ ‘વાંધાજનક’ ટિપ્પણી બદલ છત્તીસગઢમાં TMC સાંસદ મહુઆ મોઈત્રા વિરુદ્ધ FIR દાખલ થતાં મુશ્કેલી વધી

(એજન્સી) તા.૩૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર કથિત વાંધાજનક નિવેદન બાદ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા મુશ્કેલીમાં મૂકાયા છે. છત્તીસગઢની રાજધાની રાયપુરના માના પોલીસ સ્ટેશનમાં તેમના વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં એક કાર્યક્રમ બાદ પત્રકારો સાથે વાત કરતી વખતે મહુઆ મોઈત્રાએ વિવાદાસ્પદ ટિપ્પણી કરી ત્યારે આ વિવાદ ઊભો થયો હતો.

તેમણે કથિત રીતે કહ્યું હતું કે, જો અમિત શાહ બાંગ્લાદેશથી થતી ઘૂસણખોરી રોકવામાં નિષ્ફળ જાય તો સૌ પ્રથમ અમિત શાહનું માથું કાપીને ટેબલ પર મૂકવું જોઈએ. જો કે, આ નિવેદનનો વીડિયો સ્વતંત્ર રીતે પુષ્ટિ મળી શક્યો નથી, પરંતુ તે સામે આવતાની સાથે જ તેણે રાજકીય હોબાળો મચાવી દીધો.

ફરિયાદી ભાજપ નેતા ગોપાલ સામંતે ANIને જણાવ્યું, ‘મેં ખૂબ જ ભારે હૃદયથી FIR નોંધાવી છે. મહુઆ મોઈત્રા મારા સમુદાયમાંથી છે અને તે સાંસદ છે. તેમણે ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ આવું બેજવાબદાર નિવેદન આપ્યું છે. આ બેશરમ છે. મેં તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી અને FIR નોંધવામાં આવી. આવા લોકોને સંસદમાં કોઈ સ્થાન ન હોવું જોઈએ અને તેમનો સમાજમાંથી બહિષ્કાર પણ થવો જોઈએ. આવા લોકો બંગાળી સમુદાયને બદનામ કરી રહ્યા છે.’

પોલીસે જણાવ્યું કે, સ્થાનિક રહેવાસી ગોપાલ સામંતની ફરિયાદ બાદ મોઈત્રા વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (BNS)ની કલમ ૧૯૬ અને ૧૯૭ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ફરિયાદીએ આરોપ લગાવ્યો કે મોઈત્રાનું નિવેદન વાંધાજનક અને ગેરબંધારણીય હતું. આ ઉપરાંત ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ૧૯૭૧માં આવેલા મોટી સંખ્યામાં બાંગ્લાદેશી શરણાર્થીઓ રાયપુરના માના કેમ્પ વિસ્તારમાં સ્થાયી થયા છે. આવા નિવેદનો તેમનામાં ભયનું વાતાવરણ પેદા કરી રહ્યા છે અને અન્ય સમુદાયોમાં ગુસ્સો ભડકી શકે છે.

# વારાણસી : સગીર યુવતીએ કાવડિયા પર અશ્લીલ કૃત્યનો આરોપ લગાવ્યો, તેની ‘FIR નોંધવામાં આવી રહી નથી’

## પોલીસે કહ્યું છે કે, કાવડિયાઓને માર મારવામાં આવ્યો હતો અને આ સગીરાનો આરોપ ખોટો છે, તેમના વતી કોઈ FIR નોંધાવવા આવ્યું ન હતું

(એજન્સી) તા.૩૧

૨૮ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યાની આસપાસ, સગીર તેની દાદી સાથે દુકાનમાં બેઠી હતી. તે દરમિયાન નશામાં ધૂત એક યુવક તેના મિત્ર (કાવડિયાના પોશાકમાં) સાથે દુકાનમાં આવ્યો અને સગીર સાથે અશ્લીલ-વાંધાજનક કૃત્ય કર્યું. અપશબ્દોનો ઉપયોગ કર્યો અને જ્યારે છોકરીએ વિરોધ કર્યો, ત્યારે યુવક તેને પકડવા માટે ધસી ગયો હતો. છોકરી ચીસો પાડતી બાજુની શેરીમાંથી તેના ઘર તરફ દોડી ગઈ હતી. આરોપી તેનો પીછો કરીને તેના ઘરની અંદર પહોંચી ગયો હતો.

સગીરના સંબંધીએ આ વાત કહી છે. આ મામલો વારાણસીના રાજતલાબનો છે. આ કેસમાં પોલીસે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી ન હોવાનો આરોપ છે. બીજી તરફ કાવડિયાઓ દ્વારા FIR દાખલ કરવામાં આવી હતી, જેમાં અન્ય સમુદાયના કેટલાક યુવાનો પર હુમલો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. FIR બાદ પોલીસે કાર્યવાહી કરી અને ૬ લોકોની અટકાયત કરી. પોલીસનું કહેવું છે કે, આ યાત્રી અને દુકાનદાર વચ્ચેના વિવાદનો મામલો છે. પરંતુ સગીર છોકરીએ કાવડિયાઓ વિરુદ્ધ ગંભીર આરોપો લગાવ્યા છે. પીડિતના સંબંધીએ ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે, રાજતલાબમાં અમારી જૂતાની દુકાન છે. કાવડિયાઓનું એક જૂથ સામેના રસ્તા પરથી પસાર થાય છે. પીડિતા તેની દાદી સાથે દુકાનમાં હતી. આ સમય દરમિયાન તેની સાથે અશ્લીલ અને વાંધાજનક કૃત્યો કરવામાં આવ્યા હતા. પોલીસે ફરિયાદ નોંધી ન હતી, ત્યારે અમે કમિશનર, IG, CM, રાજ્ય મહિલા આયોગ, રાષ્ટ્રીય મહિલા આયોગને પત્ર લખીને કાર્યવાહીની માંગ કરી હતી. ૨૮ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યાની આસપાસ સગીર તેની દાદી સાથે દુકાનમાં હતી. સગીર બીજા દિવસે યોજાનારી પરીક્ષા માટે અભ્યાસ કરી રહી હતી. તે દરમિયાન કાવડિયાના પોશાક પહેરેલા બે છોકરાઓ દુકાનમાં ઘૂસી ગયા. તેમાંથી એક સીધો સગીર છોકરી પાસે ગયો અને વાંધાજનક હરકતો કરવા લાગ્યો. આ અચાનક બનેલી ઘટનાથી અમે સ્તબ્ધ થઈ ગયા અને બૂમો પાડવા લાગ્યા, જેના કારણે બંને છોકરાઓએ અમને માર માર્યો. સગીરા ભાગી ગઈ અને તેઓ તેનો પીછો કરીને ઘરમાં ઘૂસી ગયા. તેઓએ ત્યાં પણ વાંધાજનક હરકતો કરી. જ્યારે અમે અવાજ કર્યો અને લોકો આવ્યા, ત્યારે બંને છોકરાઓ ભાગી ગયા. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ છે. વિનંતી છે કે, તમે વારાણસીના રાજતલાબ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને ઉપરોક્ત લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા નિર્દેશ આપવો જોઈએ. સગીર પીડિતાનો એક વીડિયો પણ સામે આવ્યો છે જેમાં તેણે રડતી-રડતી બંને યુવાનો સામે ગંભીર આરોપો લગાવ્યા છે અને ન્યાયની માગણી કરી રહી છે. ધ ક્વિન્ટે સગીરા દ્વારા લગાવવામાં આવેલા આરોપો પર એસીપી (રાજતલાબ) અજય કુમાર શ્રીવાસ્તવ સાથે વાત કરી. તેમણે કહ્યું કે, સગીરાના આરોપોની તપાસ ચાલી રહી છે. સગીરા તરફથી હજુ સુધી કોઈ લેખિત ફરિયાદ મળી નથી. પીડિતાના સંબંધીએ કહ્યું કે, પોલીસે FIR નોંધી નથી. પીડિતાના પરિવારના સભ્યોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ૨૯ જુલાઈની સાંજ સુધીમાં લગભગ ૮ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, જેમાં પીડિતાના દાદા, ૮૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ વ્યક્તિનો સમાવેશ થાય છે. તેમને કસ્ટડીમાં લેવા ઉપરાંત ‘બુલડોઝર’ કાર્યવાહીની પણ તૈયારીઓ ચાલી રહી હતી. ૨૯ જુલાઈની સવારે પીડિતાના ઘરની સામે એક બુલડોઝર ઊભું જોવા મળ્યું. પોલીસે કહ્યું કે, આત્મસમર્પણ કરો નહીંતર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવશે. જો કે, જ્યારે કેટલાક લોકો સાથે વાત કરવામાં આવી ત્યારે બુલડોઝર હટાવી લેવામાં આવ્યું હતું.

બુલડોઝરના પ્રશ્ન પર ધ ક્વિન્ટે એસીપી રાજતલાબ અજય કુમાર શ્રીવાસ્તવ સાથે વાત કરી. તેમણે બુલડોઝર કાર્યવાહીનો સંપૂર્ણ ઈન્કાર કર્યો. તેમણે કહ્યું, બુલડોઝરના સમાચાર ખોટા છે. આવી કોઈ તૈયારી ન હતી. જો બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવે તો પણ તે મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવશે. પોલીસને તેની સાથે શું લેવાદેવા છે. ૨૯ જુલાઈએ જેસીબીના પ્રશ્ન પર તેમણે કહ્યું, ડ્રાઈવરનું ઘર ત્યાં હતું. તે જમવા માટે તેના ઘરે ગયો હતો. જો તે પોતાના ઘરની સામે JCB પાર્ક નહીં કરે, તો તે ક્યાં કરશે.

તેમણે સગીરા દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ખોટા ગણાવ્યા. તેમણે કહ્યું કે, FIR માટે સગીરા તરફથી કોઈ આવ્યું નથી. પીડિતાના સંબંધીના જણાવ્યા અનુસાર આ JCB દ્વારા કાર્યવાહી કરવાની તૈયારી હતી. ક્વિન્ટ કાવડિયાઓનો આરોપ છે કે, તેમને બોલ બમ ગાતા અટકાવવામાં આવ્યા હતા. આ કેસમાં પલટુ યાદવ (કાવડિયા) દ્વારા અજાણ્યા લોકો સામે FIR દાખલ કરવામાં આવી છે. આ FIR મુજબ ૨૮ જુલાઈના રોજ સાંજે પાંચ વાગ્યાની આસપાસ, હું અને મારો મિત્ર શુભમ પાણી લઈને અદલપુરથી જંસા વારાણસી જઈ રહ્યા હતા. રાજતલાબ રેલવે ફાટકની વચ્ચે ૧૦થી ૧૨ વિરોધી લોકો ચહેરા ઢાંકીને ઊભા હતા. તેઓએ કહ્યું, બોલ બમ તમારા માટે નથી. જ્યારે અમે વિરોધ કર્યો, ત્યારે તેઓએ અમને દુર્વ્યવહાર કર્યો. તેઓએ અમને લાતો, મુક્કા, લાકડીઓ અને તીક્ષ્ણ હથિયારોથી મારવાનું શરૂ કર્યું. જેના કારણે અમારા માથામાં ફ્રેક્ચર થયું અને અમારા શરીર પર ઘણી ઈજાઓ થઈ હતી. તેઓ અમને બંનેને ઘરમાં લઈ ગયા અને માર માર્યો. તેઓએ કહ્યું કે, તેઓ અમને મારી નાખશે. તેઓએ અમને અમારો ધર્મ પરિવર્તન કરવાનું કહ્યું અને અમારા પૈસા અને સામાન છીનવી લીધા. અવાજ સાંભળીને પાડોશીઓએ અમારા જીવ બચાવ્યા. અમારા શરીર પર ઘણી ઈજાઓ થઈ. તેમણે અમને ધમકી આપી કે જો અમે ‘બોલ બમ’ના નારા લગાવીશું તો તેઓ અમને મારી નાખશે. તેઓએ અમારા ફોન પણ છીનવી લીધા હતા. આ FIR પછી પોલીસે કાર્યવાહી કરી અને ૬ આરોપીઓને કસ્ટડીમાં લીધા હતા.

# રાહુલે કહ્યું કે ભાજપ સરકાર દલિતો અને લઘુમતીઓના મતોની ચોરી કરી રહી છે

## કોંગ્રેસના નેતાએ એવું આક્ષેપ કર્યો હતો કે વર્તમાન કેન્દ્ર સરકાર મોટા વેપારીઓ અને અદાણી તથા અંબાણી જેવા ધનપતિ કોર્પોરેટ જૂથો માટે જ ચાલે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બિહારમાં ચાલી રહેલી મતદાર યાદી સઘન રિવિઝન ઝુંબેશ અંગે કેન્દ્રની એનડીએ સરકારને આડે હાથ લીધી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચ દેશમાં "વોટ ચોરી" કરવામાં જ સંડોવાયેલા છે. મત અધિકાર યાત્રા આરા પહોંચતા વિશાળ જાહેર સભાને સંબોધન કરતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે બિહારની મતદાર યાદી રિવિઝન કવાયત બંધારણ ઉપરનો હુમલો છે અને દેશની લોકશાહીની સમગ્ર વ્યવસ્થા ઉપરનો હુમલો છે પરંતુ ઈન્ડિયા ગઠબંધન એવું થવા દેશે નહીં. ભાજપ તથા આરએસએસ અને ચૂંટણી પંચ દેશમાં મત ચોરી કરી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે બિહારમાં શરૂ થયેલી મતદાર અધિકાર યાત્રા એ લોકોના મતોની ચોરી સામેની દેશવ્યાપી ચળવળ બની જશે. તેમણે સ્પષ્ટ દર્શાવ્યું કે મત આપવો એ દલિતો, લઘુમતીઓ અને મહિલાઓનો અધિકાર છે અને ચૂંટણીઓ જીતવા માટે નરેન્દ્ર મોદીની સરકાર એમના મતોની ચોરી કરી રહી છે. મતદાનનો અધિકાર લોકોને બંધારણે આપ્યો છે અને એ લોકો પાસેથી કોઈ છીનવી નહીં શકે. બંધારણની નકલ હાથમાં રાખીને હાથ ઊંચા કરીને રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અગાઉ ભાજપ મહારાષ્ટ્રમાં મત ચોરી કરાવવામાં સફળ થયો અને હરિયાણામાં પણ સફળ રહ્યો અને દેશના અન્ય ભાગોમાં પણ આવું કર્યું. પરંતુ એ વખતે આપણી પાસે પુરાવો ન હોવાથી આપણે કશું ન કર્યા હતા પરંતુ હવે આપણી પાસે મત ચોરીનો પૂરતો અને નક્કર પુરાવો છે. કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રની વર્તમાન સરકાર એ મોટા મોટા વેપારીઓ અને અદાણી તથા અંબાણી જેવા ધનપતિ કોર્પોરેટ હાઉસ માટે જ ચાલે છે. એ કારણે આ સરકાર ગરીબોનો અવાજ દબાવી દેવા માંગે છે પરંતુ ઈન્ડિયા બ્લોક એવું થવા દેશે નહીં. તેમણે એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે મોટા મોટા વેપારી ગૃહો અને કોર્પોરેટ જૂથોને ફાયદો કરાવી દેવા માટે મોદી સરકાર જાહેર ક્ષેત્રના એકમોનું ખાનગીકરણ પણ શરૂ કરશે. સાથે સાથે અગ્નિ વીર જેવી યોજનાઓ લાવીને યુવાનો માટેની નોકરીઓની તકોને પણ ખતમ કરશે. યાત્રામાં જોડાયેલા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ વાસ્તવમાં ભાજપનું "જુગાડ પંચ"બની ગયું છે.

# ૧૦૦ વર્ષમાં ગ્રીક અને ઈટાલિયનો કરતાં છેલ્લા પાંચ વર્ષમાં વધુ ભારતીયો દેશમાં આવ્યા છે : ઓસ્ટ્રેલિયામાં હજારો લોકોએ ઈમિગ્રેશનના વિરોધમાં કૂચ કરી

## એક ફેસબુક પોસ્ટમાં સ્થળાંતર કરનારા ભારતીયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમની સંખ્યા ૨૦૧૩થી ૨૦૨૩ સુધી બમણી થઈને લગભગ ૮,૪૫,૮૦૦ સુધી પહોંચી ગઈ છે, સિડનીમાં ‘માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા’ ઈમિગ્રેશન વિરોધી રેલી દરમિયાન પ્રદર્શનકારીઓ ઓસ્ટ્રેલિયન ધ્વજ લઈને ફરી રહ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

રવિવારે દેશભરમાં હજારો ઓસ્ટ્રેલિયનો ઈમિગ્રેશન વિરોધી રેલીઓમાં જોડાયા હતા, જેમાં પ્રદર્શનો માટે પ્રમોશનલ સામગ્રીનો સમાવેશ થતો હતો જેમાં ભારતીય સ્થળાંતર કરનારાઓને અલગ પાડવામાં આવ્યા હતા અને સરકારે આ ઘટનાઓને નફરત ફેલાવતા અને નિયો-નાઝીઓ સાથે જોડાયેલા ગણાવીને નિંદા કરી હતી. ‘માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા’ રેલીઓના ફલાયર્સમાં ભારતીય મૂળના રહેવાસીઓને પ્રકાશિત કરવામાં આવ્યા હતા, જેઓ હવે વસ્તીના ૩ ટકાથી વધુ થઈ ગયા છે. એક સંદેશમાં લખ્યું હતું કે, ૧૦૦ વર્ષમાં ગ્રીક અને ઈટાલિયનો આવ્યા તેના કરતાં છેલ્લા પાંચ વર્ષમાં વધુ ભારતીયો આવ્યા છે અને તે પણ એક જ

> **૧૦૦ વર્ષમાં ગ્રીક અને ઈટાલિયનો આવ્યા તેના કરતાં છેલ્લા પાંચ વર્ષમાં વધુ ભારતીયો આવ્યા છે અને તે પણ એક જ દેશમાંથી આવ્યા છે. આપણે જાણીએ છીએ કે, સ્થળાંતરનો સાંસ્કૃતિક પ્રભાવ હોય છે. આ કોઈ નાનું સાંસ્કૃતિક પરિવર્તન નથી, તે એક સરળ રીતે બદલાવ છે. ઓસ્ટ્રેલિયા એ આંતરરાષ્ટ્રીય નાણાં દ્વારા શોષણ કરવા માટેનું આર્થિક ક્ષેત્ર નથી.**

દેશમાંથી આવ્યા છે. આપણે જાણીએ છીએ કે સ્થળાંતરનો સાંસ્કૃતિક પ્રભાવ હોય છે. આ કોઈ નાનું સાંસ્કૃતિક પરિવર્તન નથી, તે એક સરળ રીતે બદલાવ છે. ઓસ્ટ્રેલિયા એ આંતરરાષ્ટ્રીય નાણાં દ્વારા શોષણ કરવા માટેનું આર્થિક ક્ષેત્ર નથી. માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા વેબસાઈટ કહે છે કે, સામૂહિક સ્થળાંતરે આપણા સમુદાયોને એકસાથે રાખતા બંધનો તોડી નાખ્યા છે અને મુખ્ય પ્રવાહના રાજકારણીઓ ક્યારેય તેણે રોકવાની હિંમત ધરાવતા નથી. તેઓએ સામૂહિક ઈમિગ્રેશનનો અંત લાવવાની માંગ કરે છે. આયોજકોએ પોતાને સામૂહિક ઈમિગ્રેશનનો અંત લાવવાના સામાન્ય કારણની આસપાસ ઓસ્ટ્રેલિયનોને એક કરવા માટે એક પાયાના પ્રયાસ તરીકે વર્ણવ્યા અને અન્ય જૂથો સાથે જોડાણનો ઈન્કાર કર્યો હતો. સિડની, મેલબોર્ન, કેનબેરા અને અન્ય શહેરોમાં મોટી રેલીઓ યોજાઈ હતી. સિડનીમાં ૫૦૦૦થી ૮૦૦૦ લોકો, જેમાં ઘણા લોકો રાષ્ટ્રીય ધ્વજ પહેરીને ભેગા થયા હતા. રેફ્યુજી એક્શન કોએલિશન દ્વારા એક પ્રતિ-રેલી, જેમાં સેંકડો લોકો હાજર રહ્યા હતા, તે નજીકમાં જ યોજાઈ હતી. તેમણે કહ્યું કે, અમારો કાર્યક્રમ માર્ચ ફોર ઓસ્ટ્રેલિયાના અતિ-જમણેરી એજન્ડા પ્રત્યે અણગમો અને ગુસ્સાની ઊંડાઈ દર્શાવે છે. પોલીસે જણાવ્યું હતું કે, સિડનીમાં સેંકડો અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને આ કૂચ કોઈ મોટી ઘટના વિના સમાપ્ત થઈ ગઈ હતી. મેલબોર્નમાં રાજ્ય સંસદ તરફ કૂચ કરતા પહેલા ફ્લિન્ડર્સ સ્ટ્રીટ સ્ટેશનની બહાર ઓસ્ટ્રેલિયન ધ્વજ અને ઈમિગ્રેશન વિરોધી પ્લેકાર્ડ સાથે વિરોધીઓ એકઠા થયા હતા. એક નિયો-નાઝી વ્યક્તિ થોમસ સેવેલે રેલીને સંબોધિત કરતા દાવો કર્યો હતો કે, ‘તેમના માણસો’ કૂચનું નેતૃત્વ કરી રહ્યા હતા અને કહ્યું હતું કે, જો આપણે ઈમિગ્રેશન બંધ નહીં કરીએ તો અમારૂં મૃત્યુ નિશ્ચિત છે. પોલીસની સાથે પ્રતિ-પ્રદર્શનોકારોની અથડામણ થઈ હતી. જેમાં છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને બે અધિકારીઓ ઘાયલ થયા હતા. પોલીસે અંદાજ લગાવ્યો હતો કે, મેલબોર્ન રેલી અને પ્રતિ-વિરોધમાં કુલ ૫૦૦૦ લોકો સામેલ હતા. કેનબેરામાં સંસદ ભવન સામે આવેલા તળાવ પર થોડાક લોકો એકઠા થયા હતા, જ્યારે ક્વીન્સલેન્ડમાં ફેડરલ સાંસદ બોબ કેટર ટાઉન્સવિલેમાં એક રેલીમાં હાજરી આપી હતી. કેટલાક વિરોધીઓએ જાહેર સેવાઓ અંગે નિરાશા વ્યક્ત કરી. સિડનીમાં માર્ચ ફોર ઓસ્ટ્રેલિયાના સહભાગી ગ્લેન ઓલચિને કહ્યું, આપણા દેશને વધુને વધુ નુકસાન થઈ રહ્યું છે અને અમારી સરકાર વધુને વધુ લોકોને દેશની અંદર લાવી રહી છે. અમારા બાળકો ઘરો, હોસ્પિટલો માટે સંઘર્ષ કરી રહ્યા છે અમારે સાત કલાક રાહ જોવી પડે છે. રાજકીય સ્પેક્ટ્રમમાં આ રેલીઓની નિંદા કરવામાં આવી હતી. ફેડરલ શ્રમ મંત્રી મુરે વોટે સ્કાય ન્યૂઝને જણાવ્યું હતું કે, આજે ચાલી રહેલી માર્ચ ફોર ઓસ્ટ્રેલિયા રેલીની અમે સંપૂર્ણ નિંદા કરીએ છીએ; તે સામાજિક સંવાદિતા વધારવા વિશે નથી. અમે આવી રેલીઓને સમર્થન આપતા નથી જે નફરત ફેલાવવા વિશે હોય અને જે આપણા સમુદાયને વિભાજિત કરવા વિશે હોય, તે નિયો-નાઝી જૂથો દ્વારા ‘આયોજિત અને પ્રમોટ’ કરવામાં આવી હતી. ગૃહમંત્રી ટોની બર્કે કહ્યું કે, આપણા દેશમાં એવા લોકો માટે કોઈ સ્થાન નથી જે આપણા સામાજિક એકતાને વિભાજિત કરવા અને નબળી પાડવાનો પ્રયાસ કરે છે. અમે આ રેલીઓ સામે આધુનિક ઓસ્ટ્રેલિયા સાથે છીએ. બહુસાંસ્કૃતિક બાબતોના મંત્રી ડૉ.એન. એલીએ કહ્યું કે, અમે બધા ઓસ્ટ્રેલિયનો સાથે ઊભા છીએ, ભલે તેઓ ગમે ક્યાં જન્મ્યા હોય, જેઓ આપણને વિભાજિત કરવાનો પ્રયાસ કરે છે અને સ્થળાંતરિત સમુદાયોને ડરાવવાનો પ્રયાસ કરે છે તેમની સામે અમે ડરીશું નહીં. જાતિવાદ અને વંશીય કેન્દ્રીકરણ પર આધારિત આ પ્રકારની અતિ-જમણેરી પ્રવૃત્તિનું આધુનિક ઓસ્ટ્રેલિયામાં કોઈ સ્થાન નથી. ઓસ્ટ્રેલિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સર્વિસીસે પણ આ ઘટનાઓની નિંદા કરી. તેના સીઈઓ કેસાન્ડ્રા ગોલ્ડીએ કહ્યું કે, ઓસ્ટ્રેલિયાની વિવિધતા એક મહાન શક્તિ છે, તે ખતરો નથી. ઓસ્ટ્રેલિયામાં એવી વિચારધારા માટે કોઈ સ્થાન નથી જે લોકોને તેઓ કોણ છે, તેઓ ક્યાંથી આવે છે અથવા તેઓ શું માને છે તેના કારણે લક્ષ્ય બનાવે છે. ફેડરલ વિપક્ષી નેતા સુસાન લેએ રેલીઓ પહેલા એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું કે, હિંસા, જાતિવાદ અથવા ધાકધમકી માટે કોઈ સ્થાન નથી. આપણે નફરત અને ભય સાથે સામાજિક એકતાને તોડી નાખવા દઈ શકીએ નહીં. શેડો એટર્ની જનરલ, જુલિયન લીઝરે કહ્યું કે, એવા સદ્ભાવના ધરાવતા લોકો હોઈ શકે છે જે નીતિ પરિવર્તન ઈચ્છતા હોય, પરંતુ તેઓએ તેમની કંપનીથી સાવચેત રહેવું જોઈએ. મેં તે ચોક્કસ વિરોધ માટે કેટલીક સામગ્રી જોઈ છે અને હું ભારત વિરોધી ભાવના અને તે વિરોધ પ્રદર્શનોના કેટલાક યહૂદી વિરોધી સૂર વિશે ચિંતિત છું. ઓસ્ટ્રેલિયા, જ્યાં લગભગ અડધી વસ્તી કાં તો વિદેશમાં જન્મેલી છે અથવા માતા-પિતા વિદેશમાં જન્મેલા છે અને તાજેતરના વર્ષોમાં ત્યાં જમણેરી પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો છે. ઓકટોબર ૨૦૨૩માં ઈઝરાયેલ-ગાઝા યુદ્ધની શરૂઆતથી સિનાગોગ, ઈમારતો અને કાર પર યહૂદી વિરોધી હુમલાઓની શ્રેણીના જવાબમાં આ વર્ષે ઉગ્રવાદી પ્રતીકોના પ્રદર્શન અથવા વેચાણ પર પ્રતિબંધ મૂકતા નવા કાયદા અમલમાં આવ્યા છે.

### અમિત શાહે ગાંધીનગરમાં ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ અને ૨૧૭ કરોડના પોલીસ આવાસોનું કર્યું લોકાર્પણ

# ‘૧૧૨’ પર કોલ કરતા જ તમામ ઈમરજન્સી સુવિધાઓ તરત મળશે

## કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી : ૧૨ કરોડના ખર્ચે નવીનીકરણ કરાયેલા સરદાર બાગને ખુલ્લો મૂકયો










(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

કેન્દ્રીય ગૃહ અને સહકારિતામંત્રી અમિત શાહ બે દિવસ ગુજરાત મુલાકાતે છે. એ દરમિયાન તેમણે ૩૦ ઓગસ્ટે ગણપતિ પંડાલની મુલાકાત લઈ દર્શન અને આરતી કર્યાં હતાં. જયારે આજે (૩૧ ઓગસ્ટે) અમદાવાદ શહેરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી, જેમાં આજે તેમણે નવાવાડજમાં અર્બન ફોરેસ્ટ વૃક્ષારોપણ કરી લોકો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. ત્યાર બાદ લાલદરવાજા સ્થિત ભદ્રકાળી માતાનાં મંદિરે દર્શન કર્યાં હતાં. ૧૨ કરોડના ખર્ચે નવીનીકરણ કરાયેલા સરદાર બાગનું અમિત શાહ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અમિત શાહે અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ગોતા અને ચાંદલોડિયા વોર્ડમાં નવા બનેલા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું, અમદાવાદમાં તમામ કાર્યક્રમો બાદ તેમણે ઘાટલોડિયાના સોસાયટી ચેરમેન અને સેક્રેટરીઓ સાથે મુલાકાત કરી હતી. તેમણે મુખ્યમંત્રી, શહેર પ્રમુખ અને ધારાસભ્ય સાથે ભોજન લીધું હતું.

સાંજે તેમણે ગાંધીનગર ખાતે જનરક્ષક અભિયાનનાં ૫૦૦ જેટલાં વાહનો, ગુજરાત પોલીસનાં ૫૩૪ જેટલાં વાહનો તેમ જ ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા નવનિર્મિત ૨૧૭ કરોડના ખર્ચે બનાવેલાં આવાસોનું લોકાર્પણ કર્યું હતું. ગાંધીનગરમાં યોજાયેલા

### ● ગાંધીનગર ખાતે કુલ ૧૦૦૦ પોલીસ વાહનોનું લોકાર્પણ ● AMCના ગોતા અને ચાંદલોડિયા વોર્ડમાં નવા બનેલા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરાયું

લોકાર્પણ કાર્યક્રમમાં અમિત શાહે જણાવ્યું કે, ૧૧૨ જનરક્ષક પ્રોજેકટનું લોકાર્પણ અને તેની સાથે ૨૧૭ કરોડના પોલીસ હાઉસીંગ કોર્પોરેશન દ્વારા નવનિર્મિત અનેક મકાનો કાર્યાલયોનું લોકાર્પણ અને કુલ ૧૦૦૦ પોલીસ વાહનોનું લોકાર્પણ કરાયું છે. આજે બીઆઈએસ દ્વારા માણસાના પોલીસ સ્ટેશનને સર્ટિફાઈડ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અમદાવાદમાં વિવિધ કાર્યક્રમમાં અમિત શાહ હાજર રહ્યા હતા. અમદાવાદના સોલા સિવિલ ખાતે ચાલતા કુસુમબા ટ્રસ્ટ દ્વારા અન્નક્ષેત્રમાં જે કાર્યકર્તાઓ કામગીરી કરે છે. તમામ કાર્યકર્તાઓને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ મળ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી ફાઈવ પીટલ હોટલ ખાતે ઘાટલોડીયા વિસ્તારના સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓ તેમજ નાગરિકોને મળ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદના ગોતા વોર્ડમાં અંદાજીત ?૩.૮૪ કરોડના ખર્ચે નવનિર્મિત અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. આ આરોગ્ય કેન્દ્રમાં સ્થાનિક નાગરિકોને ઘરઆંગણે નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ મળી રહેશે. જેમાં જનરલ OPD, સગર્ભા સ્ત્રીઓ અને બાળકો માટે નિષ્ણાત ડોક્ટરોની સેવા, રસીકરણ, લેબોરેટરી અને દવાઓ જેવી પ્રાથમિક સુવિધાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અહીં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ, બિન-ચેપી રોગોનું સ્ક્રીનીંગ, ટેલીમેડીસીન અને જન્મ-મરણ નોંધણી જેવી અનેકવિધ સેવાઓ પણ ઉપલબ્ધ બનશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં અમદાવાદના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, સાંસદ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા લાલ દરવાજા વિસ્તારમાં બનાવવામાં આવેલા સરદારબાગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંદાજે ૧૨ કરોડથી વધુના ખર્ચે ટોરેન્ટ પાવર ગ્રુપ દ્વારા સરદારબાગનું નવીનીકરણ કરવામાં આવ્યું છે આ સરદારબાગને આજથી લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ સરદાર બાગમાં આવેલી સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના લાલ દરવાજા સ્થિત ભદ્રકાળી માતાના મંદિરે દર્શન અને આરતી કરી હતી. જ્યાં મંદિરે દર્શન કરવા આવેલા સ્થાનિક લોકોને પણ મળ્યા હતા. નવા વાડજ વિસ્તારમાં સૌરભ સ્કૂલ પાસે નવા બની રહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના અર્બન ફોરેસ્ટમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં અમિત શાહે હાજરી આપી વૃક્ષારોપણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઘાટલોડિયાના આયુષ્માન વનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જયાં અમિત શાહ તથા ભૂપેન્દ્ર પટેલના હસ્તે ‘એક પેડ માં કે નામ’ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર, મહિલા હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન, ડિઝાસ્ટર હેલ્પલાઈન જેવી અલગ અલગ હેલ્પલાઈને બદલે નાગરિકો માટે એક જ નંબર પરથી ઈમરજન્સી હેલ્પલાઈન સેવા ૧૧૨ની સવા સુલભ કરવામાં આવી છે.

### કોંગ્રેસે ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવતા આંદોલનની ઘોષણા કરી

# અમદાવાદમાં કોંગ્રેસનો ‘વોટ ચોર, ગાદી છોડ’ કાર્યક્રમ યોજાયો

**● અનેક કોંગ્રેસ નેતાઓએ ભાજપ સરકાર સામે ગંભીર આરોપો મૂકી આકરા પ્રહારો કર્યા ● ૮ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં કોંગ્રેસનો કાર્યક્રમ યોજાશે ● કેન્દ્રીય મંત્રીના મત વિસ્તારમાં જ ખોટી મતદાર યાદીઓ મળી આવવી એ શરમજનક બાબત : અમિત ચાવડા**






(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૩૧

અમદાવાદ શહેરમાં કોંગ્રેસ દ્વારા "વોટ ચોર, ગાદી છોડ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક કોંગ્રેસ નેતાઓએ ભાજપ સરકાર સામે ગંભીર આરોપો મૂકી આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ દાવો કર્યો કે, ભાજપ ચૂંટણીમાં વોટ ચોરી કરીને સત્તામાં આવે છે અને ગુજરાતમાં જ ૬૨ લાખ જેટલા બનાવટી મતદારો છે. કોંગ્રેસે ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવી આંદોલનની ઘોષણા કરતા કહ્યું કે, લોકશાહી અને બંધારણની રક્ષા માટે તેમના કાર્યકરો કોઈપણ કુરબાની આપવા તૈયાર છે. ૮ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં કોંગ્રેસનો કાર્યક્રમ યોજાશે. રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલ આ અભિયાન હવે સમગ્ર દેશમાં તે જ ગતિએ આગળ વધી રહ્યું છે. અમદાવાદ શહેર ખાતે કોંગ્રેસના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ‘વોટ ચોર ગાદી છોડ’ કાર્યક્રમ યોજાયો હતો.

AICC મહાસચિવ મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે, વોટ ચોરીના મુદ્દે ચૂંટણી પંચે ભાજપના પ્રતિનિધિની જેમ વર્તન કર્યું છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી દ્વારા પૂછાયેલા સવાલનો જવાબ આપવાની જગ્યાએ ચૂંટણી પંચે કોંગ્રેસને જ પગલા ભરવાની ધમકી આપી હતી. વાસનિકે સ્પષ્ટ કર્યું કે, જ્યારે વોટ ચોરીના પુરાવા સામે આવી ચૂક્યા છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નૈતિકતાના ધોરણે તરત જ રાજીનામું આપવું જોઈએ. વધુમાં તેઓએ જણાવ્યું કે, ભાજપ અને વડાપ્રધાન ષડયંત્ર કરીને ચૂંટણી જીતે છે, જે સીધી રીતે સંવિધાન દ્વારા આપેલ મતાધિકાર પર તરાપ સમાન છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે, ગુજરાતમાં હત્યાઓ વધી રહી છે, આદિવાસીઓની જમીનો છીનવાઈ રહી છે અને ગરીબોના મકાનો તોડવામાં આવી રહ્યા છે, જેના કારણે દરેક વર્ગ ભાજપ સરકાર સામે ઊભો થયો છે. પ્રધાનમંત્રી ખેડૂત અને ગરીબોની વાતો કરે છે, પરંતુ હકીકતમાં કેન્દ્ર સરકારે કપાસની આયાત પરની ૧૧ ટકાની ડ્યુટી ઘટાડીને શૂન્ય ટકા કરી દીધી હતી, જે ખેડૂતોને નુકસાનકારક છે. અમિત ચાવડાએ જાહેરાત કરી કે ૮ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં કોંગ્રેસના કાર્યકરો હજારોની સંખ્યામાં ઉમટી પડશે અને તેનો પડઘો વિધાનસભામાં પણ પડશે. સાથે જ કોંગ્રેસ "વોટ ચોર ગાદી છોડ" અભિયાન અંતર્ગત સ્ટીકરો વાહનો અને જાહેર સ્થળોએ લગાવશે.

SC સેલ કોંગ્રેસના ચેરમેન દ્વારા એક જ ઘરમાં ૨૮ નકલી મતદારો પકડવાના કિસ્સાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, આવી હિંમત દરેક કાર્યકરમાં હોવી જરૂરી છે.

અમિત ચાવડાએ જણાવ્યું કે, કોંગ્રેસે મીડિયા સમક્ષ જે આક્ષેપો રજૂ કર્યા તેને કોઈ નકારી શક્યું નથી. કેન્દ્રીય મંત્રીના મત વિસ્તારમાં જ આ પ્રકારની ખોટી મતદાર યાદીઓ મળી આવવી એ શરમજનક બાબત છે. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે, હવે માત્ર એક જ વિસ્તાર નહીં, પરંતુ આખા ગુજરાતની તમામ વિધાનસભામાં વિગતવાર તપાસ હાથ ધરાશે. પાર્ટીના નેતાઓએ સવાલ ઉઠાવ્યો કે, જ્યારે ગુજરાતમાં મોંઘવારી, બેરોજગારી અને શરાબની રેલમછેલ જેવી પરિસ્થિતિ છે ત્યારે ભાજપને વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ બેઠકો કઈ રીતે મળી શકે ? કોંગ્રેસના મત પ્રમાણે તેનો સીધો જવાબ છે-વોટ ચોરી.

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ દાવો કર્યો કે, રાહુલ ગાંધીએ જે વોટ ચોરી અંગે શંકા વ્યક્ત કરી હતી, તેને હવે પુરાવાના આધારે સાબિત કરી દેવામાં આવી છે.

રાજયસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, કોંગ્રેસના સમયમાં જો પ્રધાનમંત્રી અને વિરોધ પક્ષના નેતા વચ્ચે ચૂંટણી પંચની નિમણૂકને લઈને વિવાદ સર્જાતો, તો સુપ્રીમ કોર્ટના ચીફ જજનો અવાજ સૌથી ઊંચો ગણાતો અને તે મુજબ નિર્ણય લેવાતો. પરંતુ ભાજપના ચોરોને રખેવાળ ન જોઈતો હોવાથી તેમણે આ વ્યવસ્થામાંથી CJI ને બાકાત કરી દીધા. હવે પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી સાથે માત્ર વિરોધ પક્ષના નેતાને રાખીને ભાજપે પોતાની બહુમતી ઊભી કરી છે, જેથી ચૂંટણી પંચ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી શકાય. તેઓએ યાદ અપાવ્યું કે, કોંગ્રેસના સમયમાં ચૂંટણી પંચ નક્કી કરવા માટે ત્રણ સ્તરીય વ્યવસ્થા હતી પ્રધાનમંત્રી, વિરોધ પક્ષના નેતા અને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ, જેથી ચૂંટણી પ્રક્રિયા પર વિશ્વાસ કાયમ રહે.

ભરતસિંહ સોલંકીએ આક્ષેપ કર્યો કે, ભાજપે પોતાના કહ્યા માનીતા અધિકારીઓને ઈડી, સીબીઆઈ, ઇક્મટેક્સ, ઇલેક્શન કમિશન જેવા મહત્વના વિભાગોમાં ગોઠવી દીધા છે. તેમણે કહ્યું કે અંગ્રેજોએ ૨૦૦ વર્ષમાં જેટલો દેશને લૂંટ્યો નહોતો, એટલી લૂંટ છેલ્લા ૧૧ વર્ષમાં પ્રધાનમંત્રી, ગૃહમંત્રી અને ભાજપે કરી નાખી છે. જગદીશ ઠાકોરે ભાજપ પર આક્ષેપ કરતા કહ્યું કે, બિહારની વોટચોરી યાત્રાથી ભાજપ ગભરાયુ એટલે PMની માતાને કોંગ્રેસે ગાળો આપી એવી હવા ઊભી કરાઈ.

ઈલેક્શન કમિશન ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ભેદ કરે છે. દેશના વડાપ્રધાન પણ વોટ ચોરી કરીને દેશની ખુરસી પર બેઠા છે. ૮ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં કોંગ્રેસનો કાર્યક્રમ યોજાશે.

લાલજી દેસાઈએ ભાજપ પર ગંભીર આક્ષેપ કરતાં કહ્યું કે આ કોઈ નરેન્દ્ર મોદીનો જાદુ નથી, પરંતુ વોટ ચોરીનો જાદુ છે.

સાંસદ ગેનીબેને આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, ભાજપ વારંવાર મોદીજીની માતાના અપમાનનો મુદ્દો ઉઠાવે છે, પરંતુ સોનિયા ગાંધી અનુ રાહુલ ગાંધી વિશે તેઓ પોતે કેવા શબ્દો વાપરે છે તે સૌ જાણે છે. સ્ની માતા વિશે તો ત્રીજા પક્ષે નિવેદન આપ્યું હતું. તેમણે સી.આર. પાટીલને વોટ ચોરીના “વહીવટદાર” ગણાવતા કહ્યું કે, ભાજપના ધારાસભ્યોને વોટ ચોરી દ્વારા જીતાડવામાં આવે છે, તેથી તેઓ ઉપરથી જે કહેવામાં આવે છે તે જ કરવા મજબૂર છે.

ગેનીબેન ઠાકોરે યાદ અપાવ્યું કે, વર્ષ ૨૦૧૭ની ચૂંટણી દરમિયાન તેઓ લડી રહ્યાં હતાં ત્યારે ૧૧ વાગ્યે ૭૫૦૦ ખોટા મતદારો પકડાયા હતા, પરંતુ તેની રજૂઆત છતાં સત્તાધિકારીઓ અને ચૂંટણી પંચે કોઈ પગલા લીધા નહોતા. આગળ તેઓએ ઉમેર્યું કે, ૨૦૨૨ની ચૂંટણીમાં એક ગામમાં ૫૦-૫૦ મતદારોના નામ કમી કરાયા અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં બીજા જિલ્લાના મતદારોના નામ બનાસકાંઠામાં ઉમેરાયા હતા.

શૈલેષ પરમારે આક્ષેપ કર્યો કે, ભારતના ઈતિહાસમાં વોટ ચોરીની ઘટના પહેલીવાર સાંભળવા મળી છે અને બોગસ વોટરથી ભાજપ સત્તા પર આવી છે. તેમણે જણાવ્યું કે ભાજપે વિકાસને બદલે ભ્રષ્ટાચારને જ જન્મ આપ્યો છે. અશાંતધારા અને વિકાસના નામ પર ચંડોળા, ઓઢવ અને સાબરમતી જેવા વિસ્તારોમાં ગરીબોના મકાનો તોડવામાં આવ્યા છે. AMCના ૭ ઝોનમાં થયેલા ગેરકાનૂની બાંધકામનો રિપોર્ટ શહેઝાદ ખાન પઠાણ પાસે ઉપલબ્ધ છે. શૈલેષ પરમાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ભાજપના કોર્પોરેટરો અને બિલ્ડરો દ્વારા ગેરકાનૂની બાંધકામ કરવામાં આવ્યા છતાં કાર્યવાહી કરવામાં આવી નથી, જ્યારે તેની જગ્યાએ ગરીબોના મકાનો તોડવામાં આવ્યા છે.

ઋત્વિજ મકવાણાએ આક્ષેપ કર્યો કે, ભાજપ આંગણવાડી કાર્યકરો, પોલીસ અને અન્ય કર્મચારીઓને મતો લાવી આપવા ટાર્ગેટ આપે છે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું કે, ૨૦૨૭ની ચૂંટણી અને આવનારી કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બનશે તો દરેકને પોતાનું ઘર મળી રહેશે. જીગ્નેશ મેવાણીએ લડેંગે, જીતેંગેનો નારો તમામ જોડે બોલાવ્યો. જીગ્નેશ મેવાણીએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા અને સમાચારોમાં હાલ વોટ ચોરીની આંધી ફૂંકાઈ રહી છે. તેમણે આગાહી કરતાં કહ્યું કે, ૨૦૨૭ની ચૂંટણી તેમજ કોર્પોરેશનની ચૂંટણીઓ માટે સૌએ તૈયાર થઈ જવું જોઈએ. મેવાણીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ભલે પ્રશાસન પોલીસને અમારી સામે ઊભી કરે, પરંતુ અમે પાછળ નહીં હટીએ અને લડત ચાલુ રાખીશું. પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ જણાવ્યું હતું કે વોટ ચોરીનો જે અભિયાન રાહુલ ગાંધીએ શરૂ કર્યું તે આખા દેશમાં તહેલકો બનીને ઉભરી આવ્યું છે. ગુજરાતમાં ૬૨ લાખ જેટલા બનાવટી મતદાતા છે. રાહુલ ગાંધીએ કોંગ્રેસના કાર્યક્રમો માટે ગુજરાતને પાયલટ પ્રોજેકટ ઉપર મુકયું. અમદાવાદના કલેકટર કચેરી પાસેના કાર્યક્રમમાં મોટાપાયે કોંગ્રેસ કાર્યકરો ઉમટતા પાર્કિંગ ફુલ થયા હતા. કાર્યક્રમના અંતે એએમસીના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે સમાપન ભાષણ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ઈમરાન ખેડાવાલા જેવા ચૂંટાયેલા ધારાસભ્યો પાછલી હરોળમાં ધકેલાઈ ગયા અને હાલમાં કોઈ જગ્યાએથી પણ ચૂંટાઈને જીત્યા ન હોય તેવાને વહેલા તે પહેલાની નીતિથી કેટલાક લોકોની નારાજગી દેખાઈ આવી હતી. શું પ્રોટોકોલ પ્રમાણે લેબલ લગાડી સ્થાન ના આપી શકાય ? તેવી ચર્ચાઓએ જોર પકડયું હતું.

## જામનગર : તળાવમાં ડૂબી જવાથી પિતા અને બે બાળકોનાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

જામનગરના નાઘેડી વિસ્તારમાં ગણેશ વિસર્જન સમયે દુર્ઘટના સર્જાઇ હોવાનું સામે આવ્યું છે. પોદાર સ્કૂલ નજીકના તળાવમાં ગણેશ વિસર્જન દરમિયાન એક જ પરિવારના બે બાળકો સહિત ત્રણના પાણીમાં ડૂબી જવાથી મોત નીપજયા છે. જામનગરના નાઘેડી વિસ્તારમાં આવેલી પોદાર સ્કૂલ નજીકના તળાવમાં ગણેશ વિસર્જન દરમિયાન પિતા અને બે બાળકો તળાવમાં ડૂબી જતાં તેમનું મોત નિપજ્યું છે. ગણેશ વિસર્જન સમયે પિતા અને બે બાળકો સાથે તળાવ પહોંચ્યા હતા. કોઈપણ કારણોસર ત્રણેય ડૂબતાં ત્રણેયના મોત થયા હતા. સ્થાનિક લોકોએ તરત જ પોલીસ અને ફાયર

### ગણેશ વિસર્જન દરમિયાન દુર્ઘટના સર્જાઇ

વિભાગને જાણ કરી હતી. પંચકોષી બી પોલીસ સ્ટેશનના પી.આઈ. રાઠોડ પોલીસ સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે પિતા અને બંને બાળકોના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢ્યા હતા. મૃતદેહને જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે. મહાનગરપાલિકાએ ગણેશ વિસર્જન માટે ખાસ કુંડ બનાવ્યા હોવા છતાં, લોકો અન્ય સ્થળોએ વિસર્જન કરવા જતા હોવાથી દર વર્ષે આવી દુર્ઘટનાઓ બને છે.

## બોર્ડની પરીક્ષા માટે દૃષ્ટિહીન વિદ્યાર્થીઓની સ્પષ્ટ સૂચનાઓ સાથેના પરિરૂપ જાહેર કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના બોર્ડ પરીક્ષા માટેના ૧૭ જેટલા વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ જાહેર કર્યા છે, જેમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક પ્રશ્નો અંગેની સુચનાઓ સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચિત્ર, આકૃતિ, ગ્રાફ અને નકશા આધારિત પ્રશ્નોમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક પ્રશ્નો આપવાની જોગવાઈ છે, પરંતુ ગત બોર્ડની પરીક્ષામાં કેટલાક વિષયના પેપરમાં સુચના આપવામાં ભારે છબરડો થતાં વિવાદ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં દૃષ્ટિહીન અને સામાન્ય વિદ્યાર્થીઓને એક સમાન જ પ્રશ્નપત્ર આપવામાં આવતાં હોય છે. પરંતુ ચિત્ર, આકૃતિ, ગ્રાફ અને નકશો જેમાં દોરવાનો થાય એવા પ્રશ્નો સામે દૃષ્ટિહીન વિદ્યાર્થીઓને અન્ય પ્રશ્ન પૂછવામાં આવતા હોય છે. આ સમજ માટે બોર્ડ દ્વારા પ્રશ્નપત્રમાં સ્પષ્ટ સૂચનાઓ લખવામાં આવતી હોય છે. જે પ્રશ્નમાં વિકલ્પ આપવામાં આવ્યો હશે એ બંન્નો પ્રશ્ન પૈકી સામાન્ય વિદ્યાર્થીઓ માટે અને ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે એવી સૂચના દર્શાવવામાં આવશે. જોકે ગત બોર્ડની પરીક્ષામાં બે પ્રશ્નોની વચ્ચે સૂચના આપેલી હોવાથી ક્યો પ્રશ્ન કોના માટે એ સમજવો મુશ્કેલ બન્યુ હતુ. જે અંગેની શિક્ષણ બોર્ડ સુધી ફરિયાદો પહોચી હતી. આમ, હવે આગામી બોર્ડની પરીક્ષામાં આ પ્રશ્ન ફરી ઉપસ્થિત ન થાય તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે સ્પષ્ટ સૂચનાઓની સમજણ પડે તે પ્રકારના પ્રશ્નપત્ર પરિરૂપ તૈયાર કરીને સ્કૂલોને મોકલી આપ્યા છે. બોર્ડે જાહેર કરેલા પરિરૂપમાં ધોરણ-૧૦માં ગણિત સ્ટાન્ડર્ડ અને બેઝિક, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી દ્વિતિય ભાષા અને વિજ્ઞાન, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન, આંકડાશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ભૂગોળ, તત્વજ્ઞાન અને અંગ્રેજી દ્વિતિય ભાષા તેમજ ધોરણ-૧૨ સાયન્સમાં ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને અંગ્રેજી દ્વિતિય ભાષા વિષયના પ્રશ્નપત્ર પરિરૂપ જાહેર કરવામાં આવ્યાં છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS